

# ઉત્કર્ષ

પુસ્તકસ્થા તુ યા વિદ્યા પરહસ્તગતં ધનમ્ ।
કાર્યકાલે સમુત્પન્ને ન સા વિદ્યા ન તદ્ ધનમ્ ।।




અંક - ૧૯
વર્ષ : ૨૦૦૯-૨૦૧૦


ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

## કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ

તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

સ્થાપના : શિક્ષક દિન -

# મથકેતર શિક્ષણ કાર્યક્રમ : ૨૦૦૯-૧૦



ગ્રુપ-૧
નર્મદા હાઈસ્કૂલ, શુકલતીર્થ
માર્ગદર્શક : પ્રિ. ડો. પી. જે. રાજ



ગ્રુપ-૨
શાંતિ વિદ્યાલય, ભરૂચ
માર્ગદર્શક : ડો. પી. આર. માસ્ટર



ગ્રુપ-૩
જેડ. એમ. પટેલ હાઈસ્કૂલ, લવાછા
માર્ગદર્શક : ડો. જે. એ. શાહ



ગ્રુપ-૪
સર્વોદય હાઈસ્કૂલ, સેગવી
માર્ગદર્શક : પ્રા. પી .બી. ટંડેલ

Scanned with CamScanner

।। योगः कर्मसु कौशलम् ।।
(કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી એટલે યોગ)

અંક ૧૯

# ઉત્કર્ષ

વર્ષ ૨૦૦૯-૧૦

## સંપાદકો


**પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ**

**પ્રા. ડૉ. જયંત એ. શાહ** (અધ્યક્ષ : મેગેઝીન સમિતિ)

**પ્રિતેશ પી. પટેલ** (મંત્રી : મેગેઝીન સમિતિ)

**વૈશાલી બી. પંચાલ** (સભ્ય : મેગેઝીન સમિતિ)

**કલ્પેશ વી. પટેલ** (સભ્ય : મેગેઝીન સમિતિ)



ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

**કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ**

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. ફોન : (૦૨૬૪૬) ૨૭૬૧૭૬



Scanned with CamScanner

Scanned with CamScanner

ઉત્કર્ષ

# અનુક્રમણિકા

ઉત્કર્ષ


| ક્રમ નંબર | | લેખક | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | સંપાદકીય | | ૫ |
| ૨ | આચાર્યશ્રીની કલમે | પ્રિ. ડૉ. પી. જે. રાજ | ૬ |
| ૩ | અમારું ટ્રસ્ટી મંડળ | | ૮ |
| ૪ | કૉલેજ પરિવાર | | ૮ |
| ૫ | વિદ્યાર્થી સંઘ - ૨૦૦૯-૧૦ | | ૯ |
| ૬ | નથી જીવનનું ઘડતર એ ભણતરમાં કંઈ નથી. | પ્રિ. ડૉ. પી. જે. રાજ | ૧૦ |
| ૭ | પ્રવર્તમાન શિક્ષણ | પ્રા. ડૉ. પી. આર. માસ્ટર | ૧૩ |
| ૮ | જીવનમાં ડિગ્રી તો ઉમેરી પણ ડિગ્રીમાં જીવન ? | પ્રા. ડૉ. જે. એ. શાહ | ૧૬ |
| ૯ | જીવન શિક્ષણ અને વ્યવસાય | પ્રા. પી. બી. ટંડેલ | ૧૮ |
| ૧૦ | વાચન દ્વારા જીવન વિકાસ | શ્રીમતી કવિતા રાઠવા | ૨૧ |
| ૧૧ | Flow Learning - Life Learning | Kalpesh V. Patel | ૨૪ |
| ૧૨ | જીવન વિકાસની ગંગોત્રી - શિક્ષણ | તેજલ ડી. પટેલ | ૨૫ |
| ૧૩ | ભણતર-ઘડતર અને ગણતર થાય તો જીવન કૌશલ્યોની ખિલવણી થાય. | સીમા રામી | ૨૬ |
| ૧૪ | કેળવણી | જયેશ એન. પરમાર | ૨૮ |
| ૧૫ | શિક્ષણની હાટડીઓ મંડાઈ છે ત્યારે... | નિલેશ જે. તિવારી | ૨૯ |
| ૧૬ | જીવનલક્ષી શિક્ષણ | વૈશાલી બી. પંચાલ | ૩૦ |
| ૧૭ | મૂલ્ય શિક્ષણ | ઘનશ્યામ કે. મકવાણા | ૩૧ |
| ૧૮ | મૂલ્ય શિક્ષણ | ભાણાભગવાનવાલા માલા | ૩૩ |
| ૧૯ | આપણે શિક્ષણ શા માટે લઈએ છીએ ? | અંકિતા એમ. રાણા | ૩૫ |
| ૨૦ | જીવનલક્ષી શિક્ષણ અંગે પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીનું ચિંતન | માધુરી બી. પટેલ | ૩૭ |
| ૨૧ | બધા અભણ અશિક્ષિત જ હોય એવું ખરું ? | તસલીમ શેખ | ૩૯ |
| ૨૨ | જીવનનું પોત વણવા પંચતત્વની ઉપાસના | હેમાલી જે. વસાવા | ૪૦ |
| ૨૩ | શિક્ષણમાં સાચી દિશામાં પરિવર્તન અને શિક્ષકોની ભૂમિકા | કિરણ ઠાકોર | ૪૨ |
| ૨૪ | જીવનલક્ષી શિક્ષણ | મેઘના માટીએડા | ૪૪ |


Scanned with CamScanner

ઉત્કર્ષ **અનુક્રમણિકા** ઉત્કર્ષ


| ક્રમ નંબર | | લેખક | પાન નંબર |
|---|---|---|---|
| ૨૫ | જીવનલક્ષી શિક્ષણ | મોહસીન ખાન | ૪૫ |
| ૨૬ | સાતત્ય વિનાનું શિક્ષણ | અમી ગાંધી | ૪૭ |
| ૨૭ | આંગળી ઝાલીને એને દોરજો | રૂચિતા એમ. પટેલ | ૪૯ |
| ૨૮ | જીવન દર્શન અંગેના કાવ્યો | | |
| | ૧ ક્રાંતિદીપ પ્રજાળશું ! | સંકલન : પ્રિ.ડૉ.પી.જે.રાજ | ૫૦ |
| | ૨ આ ઘટા બનાવી શા માટે ? | ,, | ૫૧ |
| | ૩ મૂશ્કિલેં આયેગી આને દોં..... | ,, | ૫૧ |
| | ૪ માનવ-મન | ,, | ૫૨ |
| | ૫ સંદેશ | ,, | ૫૨ |
| | ૬ એક જ અરમાન | ,, | ૫૩ |
| | ૭ કોડિયું ! | ,, | ૫૩ |
| | ૮ બહેની હૃદય ભાવભીની છે. | ,, | ૫૪ |
| | ૯ વિચારોનું વાવેતર | હિતેષ મકવાણા | ૫૪ |
| ૨૯ | જીવનની કેળવણી | મીરા પઢિયાર | ૫૫ |
| ૩૦ | શિક્ષણ અને શિક્ષકધર્મ | પ્રિ. ડૉ. જગદીશભાઈ ગુર્જર | ૫૭ |
| ૩૧ | સ્વર્ણિમ ગુજરાત ઉજવણી અન્વયે વિવિધ ધારાના ઉપક્રમે પ્રવૃત્તિઓ | | ૬૦ |
| ૩૨ | સને ૨૦૦૯-૧૦ના શૈક્ષણિક વર્ષની ગતિવિધિઓ | | |
| ૩૩ | ગ્રંથાલય સમિતિનો અહેવાલ | | ૬૩ |
| ૩૪ | શૈક્ષણિક સહયોગ | | ૬૪ |
| ૩૫ | ઋણ સ્વીકાર | | ૬૮ |
| ૩૬ | પ્રશિક્ષણાર્થી સંપર્ક સૂત્ર | | ૭૧ |
| ૩૭ | શુભેચ્છકોની યાદી | | ૮૦ |


Scanned with CamScanner

## સંપાદકીય

'ઉત્કર્ષ' કૉલેજના મુખ્યપત્ર અંક-૧૯ દ્વારા આપ સૌને મળવાનો આનંદ અનુભવીએ છીએ. મુખપત્ર એટલે સમગ્ર વર્ષ દરમિયાન વહી ગયેલા સમયરૂપી નીરને નિહાળવાની તક. તેના આધારે ભવિષ્યમાં નવા શમણા સેવી તેને પાર પાડવાની પ્રેરણા મળે છે. દર વર્ષે સમગ્ર કૉલેજ પરિવાર આ યજ્ઞમાં આહુતિ અર્પીને સ્વ-વિકાસની તક પ્રાપ્ત કરે છે. લોકસંપર્કની તક આ મુખપત્રને કારણે પ્રાપ્ત થાય છે. આ ઓગણીસમા અંક દ્વારા આપણા શિક્ષણ ક્ષેત્રે ઉપેક્ષિત 'ઘડતર' ના પાસા વિશે સહચિંતન કરવાનો પ્રયત્ન કર્યો છે. વિદ્યાર્થીઓમાં 'જીવન કૌશલ્ય'નો વિકાસ થાય તે માટે ઉપયોગી વિચારોને કેન્દ્રમાં રાખવાનો અહીં પ્રયત્ન કર્યો છે. અમારા આ આંશિક પ્રયત્ન સંદર્ભે આપનું ચિંતન પણ અમને પ્રાપ્ત થશે તો અમારો આ પ્રયત્ન વધુ સાર્થક બનશે.

કેટલાક સમયથી શિક્ષણ અંગે સારા પ્રમાણમાં ચિંતન થઈ રહ્યું છે. હાલ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી વિવિધ વિષયોના શિક્ષણને આધારે ઉચ્ચ ડિગ્રીઓ મેળવે છે. પરંતુ શિક્ષણ અને ઘડતર એ બંને જુદી બાબતો છે. માત્ર ડીગ્રીઓ પૂરતી નથી. સફળ જીવન માટે ઘડતર પણ એટલું જ જરૂરી છે. કસ્તૂરબા ગાંધી પાસે કયાં ડિગ્રીઓ હતી ? પણ એક બૅરિસ્ટર સાથે સરસ જીવન જીવ્યા, કારણ તેમનું ઘડતર સરસ થયું હતું. સમાજમાં આજે પહેલા કરતાં ડાયવોર્સના કેસો કેમ વધ્યા? પતિ પત્ની બંને સારામાં સારી ડિગ્રીઓ ધરાવતા હોય, સારું કમાતા હોય છતાં તેમના મનમાં શાંતિ કેમ નથી ? શિક્ષિત યુવા વર્ગમાં આપઘાતના કિસ્સાઓ કેમ વધી રહ્યા છે? આજે સમાજનો દરેક વર્ગ કોઈને કોઈ સમસ્યાઓથી ઘેરાયેલો છે કારણ કે શિક્ષણની સાથોસાથ જે ઘડતર થવું જોઈએ તે થતું નથી. વ્યકિતમાં જીવન કૌશલ્યો વિકસાવવા તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું છે. આધ્યાત્મિકતા જેવી જીવન પોષક જરૂરી બાબતનો તો આજના શિક્ષણમાંથી છેદ જ ઊડી ગયો છે. પછી જીવનમાં સુખ શાંતિ કયાંથી હોય ? જીવનની દરેક સમસ્યાનો ઉકેલ આધ્યાત્મિકતા પાસે છે.

આજે શિક્ષણ દ્વારા સારી નોકરી, ઊંચો દરજ્જો, ઊંચો પગાર, ઓછો સંઘર્ષ, સલામતી, કિર્તી, બીજા પર વધારે અધિકાર ભોગવવા મળે એટલે વ્યકિત રાજી રાજી થઈ જાય. આટલામાં જીવનની ઈતિશ્રી સમજે છે. આજે શિક્ષણ દ્વારા વૈજ્ઞાનિક વિષયના નિષ્ણાત, સતત એકબીજાથી ડર અનુભવતા, મિથ્યાભિમાની, દુનિયાને વિનાશ તરફ લઈ જનાર હિંસાના તરફદાર, દુઃખ વધારનાર, હરીફાઈમાં સફળતા માટે સતત મથનારાઓની ફોજ ઊભી થઈ છે. આજે આપણી પાસે ભૌતિક સંપત્તિ, ધર્મના વિશાળ મહાલયો, મોજ મજાના સાધનો હશે, છતાં આપણું જીવન અનેક સંઘર્ષોથી ભરેલું હશે. આજે હરીફાઈના શિક્ષણ કરતાં સહયોગના શિક્ષણની વધુ જરૂર છે. શિક્ષણ સંસ્થાઓમાં વકતૃત્વ હરીફાઈની જગ્યાએ જૂથ સંવાદ થાય, નિબંધ હરીફાઈની જગ્યાએ પાંચથી દશ વિદ્યાર્થી ભેગા મળીને એક સરસ નિબંધ તૈયાર કરે તે જરૂરી છે. જેથી જૂથ ભાવના કેળવાય અને વર્ગમાં એકતાના પાઠ શીખે પછી સમાજ અને રાષ્ટ્રીય કક્ષાએ એકતા આપમેળે આવશે. વિદ્યાર્થીમાં અન્ય પ્રત્યે કલ્યાણની ભાવના કેળવવાની જરૂર છે. હવે વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથોસાથ આત્મસંયમ, સ્વ-વ્યવસ્થાપન, સમાનતાનો ભાવ, અભ્યાસ, સંશોધનવૃત્તિ, એકાગ્રતા, કલ્પનાશકિત, લક્ષ્ય નિર્ધારણ, લક્ષ્ય પ્રાપ્તિ માટેની એકાગ્રતા વગેરે શકિત ખીલે તેવા પ્રયત્નો કરવાની જરૂર છે.

કૉલેજ, સ્થાપના કાળથી જ ભાવિ શિક્ષકોને સ્વ-જીવન વિકાસ અને તેમના દ્વારા વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસ માટેનું ભાથું પીરસતી આવી છે. કૉલેજ પરિવાર વ્યાવસાયિક વિકાસની સાથે સાથે જીવન ઘડતરની અમૂલ્ય વાતો કથન-વર્તન દ્વારા કહેવાનું/કરવાનું ચૂકતો નથી. કૉલેજમાં તાલીમ પામેલા વિદ્યાર્થીઓ કૉલેજમાંથી દીક્ષા મેળવી જીવન સાફલ્ય પામે તેવા પ્રમાણિક પ્રયત્નો આદરતા રહ્યા છે, તેવા સમાચાર/પ્રસંગો સાંભળી અમે હર્ષની લાગણી અનુભવી છીએ.

Scanned with CamScanner

# આચાર્યની કલમે

૨૦૦૯-૧૦નું શૈક્ષણિક વર્ષ પૂર્ણ થઈ ચૂક્યું છે. ત્યારે ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ ટ્રસ્ટ ખરોડ સંચાલિત કૉલેજ ઓફ એજ્યુકેશનના આ ૧૯ મા વર્ષનો સંક્ષિપ્ત અહેવાલ આપ સમક્ષ રજૂ કરવામાં આનંદ અનુભવું છું.

સમગ્ર વર્ષ દરમ્યાન ટ્રસ્ટના સર્વ પદાધિકારીઓ, સભ્યશ્રીઓના પ્રેરક માર્ગદર્શન, હૂંફ અને સહકાર મળતાં રહ્યાં છે તે અમારા કૉલેજ પરિવાર માટે ગૌરવની બાબત રહી છે.

કૉલેજમાં જૂન-૦૯માં નવા આગંતુક પ્રશિક્ષણાર્થીઓના સ્વાગતથી પ્રથમ સત્રની શરૂઆત કરી. પ્રથમ પખવાડિયામાં, સંસ્થા, બી.એડ. કોર્ષથી પ્રશિક્ષણાર્થીઓને ઓરીએન્ટ કર્યા બાદ માઈક્રોટીચિંગ (શિક્ષણની પા પા પગલી)ની વૈજ્ઞાનિક ઢબની તાલીમ દ્વારા કેટલાક કૌશલ્યો હસ્તગત કરવા પ્રશિક્ષણાર્થીઓને તક આપી. સાક્ષરી વિષયોના, વૈવિધ્યપૂર્ણ પદ્ધતિઓ, પ્રયુક્તિઓથી અધ્યાપનની સાથે છૂટા પાઠો, સતત શિક્ષણના પાઠ તથા ઈન્ટર્નશીપ પાઠની સઘન તાલીમ માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મથતા રહ્યા.

કૉલેજનો ૨૦ મો સ્થાપના દિન અને શિક્ષકદિન સંયુક્ત પર્વ આ વર્ષે પરમ આદરણીય પૂ. મનિષાનંદજી (પરમહંસ કુટિર, અંગારેશ્વર)ની ઉપસ્થિતિ અને આશીર્વચન સાથે ઉજવવા ભાગ્યશાળી નિવડયા. ટ્રસ્ટના સભ્યોની ઉપસ્થિતિ અમારા માટે પ્રેરક રહી.

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ સ્પર્ધાઓમાં ભાગ લઈ વાનગી હરિફાઈમાં મેઘના આર. પટેલ, રંગોળી સ્પર્ધામાં હેમાલી વસાવા અને પોટ પેઈન્ટિંગમાં મેઘના જી. પટેલ એ અનુક્રમે પ્રથમ, દ્વિતિય, પ્રથમ ક્રમ મેળવી કૉલેજનું ગૌરવ વધાર્યું હતું, તેઓને અભિનંદન. વળી કૉલેજમાં સ્વર્ણિમ ગુજરાત સંદર્ભે યોજાયેલ ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રિતેશ પટેલ તથા નાટય લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભાણાભગવાનવાલા માલાબેન વિજેતા થયા હતા. બંને મિત્રોને અભિનંદન.

ફેબ્રુઆરીમાં આંતર બી.એડ્. કૉલેજ વોલીબોલ ટુર્નામેન્ટ કૉલેજના યજમાન પદે યોજવામાં સફળ રહ્યા. ૧૪ જેટલી કૉલેજોએ આ સ્પર્ધામાં ભાગ લઈ, અમારા ઉત્સાહને બેવડાવ્યો. પ્રથમ ક્રમે નવસારીની સરદાર પટેલ કૉલેજ ચેમ્પિયન બની અને અમારી કૉલેજ રનર્સ અપ દ્વિતીય ક્રમે રહી... બંને ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

જાન્યુઆરી-૨૦૧૦માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજોના ગુજરાતીના પ્રાધ્યાપકોનો નવો અભ્યાસક્રમ અને પ્રશ્નપત્રના માળખા અંગેનો એક દિવસીય સેમિનાર કૉલેજના યજમાન પદે યોજાયો. અધ્યાપકોએ વિચાર વિમર્શ કરી ગુજરાતીના અભ્યાસક્રમ અને પ્રશ્નપત્રને આખરી ઓપ આપ્યો. કૉલેજની આતિથ્ય ભાવના તેઓએ વખાણી.

કૉલેજના સિનિયર પ્રાધ્યાપક ડૉ. પ્રવિણ માસ્ટર અંગ્રેજી વિષયના તથા શૈક્ષણિક ટેકનોલોજીના તજજ્ઞ (રીસોર્સ પર્સન) તરીકે એસ.ટી.ટી.આઈ.માં ઉત્કૃષ્ટ સેવા બજાવી કૉલેજનું ગૌરવ વધારતા રહ્યા છે. સિનિયર પ્રા. ડૉ. જે. એ. શાહે પણ સામાજિક વિજ્ઞાનના વિષયમાં કમ્પ્યુટર તાલીમમાં એસ.ટી.ટી.આઈ. (ગાંધીનગર)માં તજજ્ઞ તરીકે સેવા બજાવી હતી.

Scanned with CamScanner

સેવા રૂરલ, ઝઘડીયાના અને કૉલેજના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની જેમ આંખનો મેડીકલ કેમ્પ પણ યોજાયો. આજુબાજુના પાંચ ગામોના લોકોએ લાભ લીધો. પ્રશિક્ષણાર્થીઓએ સેવા બજાવી વિશિષ્ટ અનુભવ મેળવ્યો. પ્રા. પારૂલ ટંડેલના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલ, અનાથાશ્રમ, ઘરડાઘરની મુલાકાત લઈ સામાજિક સેવા કરવાનો અનુભવ પણ પ્રશિક્ષણાર્થીઓએ મેળવ્યો.

જાન્યુઆરી ૨૦૧૦માં શિક્ષણ ખાતાના આદેશ મુજબ કૉલેજે બેંગ્લોરની નેક કમિટિ દ્વારા કૉલેજનું મૂલ્યાંકન કરાવી બી.ગ્રેડ (૨.૨૮) મેળવી દક્ષિણ ગુજરાતમાં યશ મેળવ્યો. નેક સમિતિની મુલાકાત વખતે તત્કાલિન પ્રશિક્ષણાર્થીઓ તથા પૂર્વકાલીન પ્રશિક્ષણાર્થીઓએ કૉલેજ અંગે ઉમદા પ્રતિભાવ દર્શાવી રંગ રાખ્યો તે તમામ પ્રશિક્ષણાર્થીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

કૉલેજનો સુવર્ણ દિવસ એટલે કૉલેજનો વાર્ષિકોત્સવ. શ્રી સંદિપસિંહ માંગરોલા (ચેરમેન : ગણેશ સુગર, વટારિયા), શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા (આચાર્ય : અમરોલી કૉલેજ)ના સાનિધ્યમાં ટ્રસ્ટીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે આનંદ પર્વ ઉજવાયું. કાર્યક્રમની વૈવિધ્યભરી કૃતિઓ મહેમાનો અને પ્રેક્ષકોએ માણી અને વખાણી. કલાકાર ભાઈ-બહેનોને અભિનંદન.....

સમગ્ર વર્ષ દરમ્યાન શૈક્ષણિક, સહશૈક્ષણિક અને શિક્ષણેતર કાર્યક્રમોની સફળતા પાછળ અધ્યાપકો, વહીવટી સ્ટાફ અને વિદ્યાર્થી યુનિયન - સામાન્ય મંત્રી હેતલ પટેલ તથા અન્ય મંત્રીઓનું આયોજન અને તેનો નિષ્ઠાપૂર્વકનો અમલ પાયામાં છે.

વળી, ચાર ફરજિયાત વિષયોમાં પ્રશ્નબેંક તૈયાર કરવામાં પ્રશિક્ષણાર્થી ઘનશ્યામ મકવાણા, હિતેશ મકવાણા તથા અમી ગાંધીનો કમ્પ્યુટર સહયોગ મળ્યો તેની સહર્ષ નોંધ લઉં છું. તેઓનો ખૂબ ખૂબ આભાર.

ખરોડ ગામ અને ખરોડ સ્થિત બી.એડ્. કૉલેજને ગુજરાત અને ભારતભરમાં પ્રતિષ્ઠા અપાવનારું બી.એડ્. પ્રોગ્રામ સેન્ટર ૨૦૦૪ થી કાર્યરત છે. સિનિયર પ્રાધ્યાપક ડૉ. પ્રવિણ માસ્ટરના નેતૃત્વ હેઠળ કાઉન્સેલીંગ સેશન્સ, વર્કશોપ વગેરે ઉત્કૃષ્ટતાના ધોરણે યોજાય છે. ઈગ્નો બી.એડ. (ખરોડ સેન્ટર)ના વાર્ષિક પરિણામ પણ સેન્ટર તથા કૉલેજને ગૌરવ અપાવે તેવા રહ્યા છે. આવા નિષ્ણાત અને કર્તવ્યનિષ્ઠ પ્રોગ્રામ ઈન્ચાર્જને અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ.

૨૦૧૦-૧૧નું વર્ષ કૉલેજ ઓફ એજ્યુકેશનનું દ્વિદશાબ્દિ (૨૦મું) વર્ષ છે, કૉલેજના દ્વિદશાબ્દિ વર્ષમાં પ્રવેશ કરતી અમારી કૉલેજ આ વર્ષે અનેક પ્રવૃત્તિઓના સપનાં જુએ છે... આ સપનાં સાકારિત કરવા આપ સૌનો સક્રિય સાથ-સહકાર અને ભાગીદારીની ઝંખના અમે સેવીએ છીએ...

સૂચનો, પ્રતિભાવો આવકાર્ય છે.

Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, ખરોડ સંચાલિત

# કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ.

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

## ❖ અમારું ટ્રસ્ટી મંડળ ❖


| | | |
|---|---|---|
| શ્રી આરીફભાઈ વજીફદાર | - પ્રમુખશ્રી | રસુલબાગ, જૂની દીવી, અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી મહંમદભાઈ એ. ભૈયાત | - મંત્રીશ્રી | મુ. પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી અહમદભાઈ એમ. ઉનિયા | - ટ્રસ્ટીશ્રી | પિરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી સઈદભાઈ ખરોડીયા | - ટ્રસ્ટીશ્રી | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી શાદિકભાઈ ભૈયાત | - સભ્યશ્રી | સંજાલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી મહમદભાઈ જાંગડા | - સભ્યશ્રી | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી એયુબભાઈ ભૈયાત | - સભ્યશ્રી | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી અબ્દુલભાઈ જોગીયાત | - સભ્યશ્રી | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી હનિફભાઈ જોગીયાત | - સભ્યશ્રી | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |


## ❖ શૈક્ષણિક કર્મચારીગણ ❖

ડૉ. પ્રફુલસિંહ જે. રાજ - પ્રાચાર્યશ્રી

૧, ગુરૂકૃપા સોસાયટી, મુ. પો. શુકલતીર્થ, તા. જિ. ભરૂચ - ૩૯૨ ૦૩૦

| | | |
|---|---|---|
| ડૉ. પ્રવીણચંદ્ર આર. માસ્ટર | - પ્રાધ્યાપક | બી/૯૬, આશુતોષ-૨, લીંક રોડ, ભરૂચ. |
| ડૉ. જયંતભાઈ એ. શાહ | - પ્રાધ્યાપક | એ/૯, જ્યોતિનગર-૧, ઝાડેશ્વર રોડ, ભરૂચ. |
| શ્રીમતી પારૂલબહેન બી. ટંડેલ | - અધ્યાપક સહાયક | મુ. પો. ભદેલી, તા. જિ. વલસાડ. |

## ❖ વહીવટી કર્મચારીગણ ❖

| | | |
|---|---|---|
| શ્રીમતી કવિતાબહેન એ. રાઠવા | - ગ્રંથપાલ | એ/૧૪, ગજાનનપાર્ક, પાંચસો ક્વાટર્સની બાજુમાં, નવી કોલોની, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨ |
| શ્રી જયંતભાઈ એસ. પટેલ | - સિ. ક્લાર્ક | બી/૪, મૈત્રીનગર સોસાયટી, ભોલાવ, ભરૂચ. |
| શ્રી ઈસ્માઈલ એમ. જોગીયાત | - જુ. ક્લાર્ક | મુ. પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી અશ્વિન એમ. વસાવા | - જુ. ક્લાર્ક | મુ. પો. રજલવાડા, તા. ઝઘડિયા, જિ. ભરૂચ. |

## ❖ સેવકગણ ❖

| | | |
|---|---|---|
| શ્રી ફારૂક યુસુફ બીજાભાઈ | - સેવક | મુ. પો. પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી ચંદ્રવદન કે. ગુર્જર | - સફાઈ કામદાર | જૂની મામલતદાર કોર્ટ પાછળ, અંકલેશ્વર-૧ |
| શ્રી મિનેષકુમાર એચ. જાદવ | - વોચમેન | ૩૫/૬, નવી વસાહત, લાહોરી ગોડાઉન પાછળ, ભરૂચ. |

Scanned with CamScanner

# વિદ્યાર્થી સંઘ : ૨૦૦૯-૨૦૧૦

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમુખ | : | ડૉ. પ્રફુલસિંહ જે. રાજ (આચાર્ય) | | |
| સામાન્ય મંત્રી | : | કિરણ ડી. ઠાકોર | | |
| (૧) મેગેઝીન સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. જે. એ. શાહ |
| | | મંત્રી | : | પ્રિતેશ પી. પટેલ |
| | | સભ્યો | : | વૈશાલી બી. પંચાલ |
| | | | | કલ્પેશ વી. પટેલ |
| (૨) સાંસ્કૃતિક સમિતિ | : | અધ્યક્ષ | : | પ્રા. પી. બી. ટંડેલ |
| | | મંત્રી | : | હેતલ વી. પટેલ |
| | | સભ્યો | : | હિતેશ બી. પટેલ |
| | | | | જતિન ટી. પ્રજાપતિ |
| (૩) રમત-ગમત સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. પી. આર. માસ્ટર |
| | | મંત્રી | : | કિશોર સી. વસાવા |
| | | સભ્યો | : | યોગેશ એ. માછી |
| | | | | જયેશ ડી. પ્રજાપતિ |
| (૪) સાહિત્ય સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. જે. એ. શાહ |
| | | મંત્રી | : | અંકિતા એમ. રાણા |
| | | સભ્યો | : | કિશોર સી. વસાવા |
| | | | | હેતલ એન. પટેલ |
| (૫) પ્લાનિંગ સમિતિ | : | અધ્યક્ષ | : | પ્રા. પી. બી. ટંડેલ |
| | | મંત્રી | : | વૈશાલી બી. પંચાલ |
| | | સભ્યો | : | ઘનશ્યામ કે. મકવાણા |
| | | | | મેઘના જી. પટેલ |
| (૬) નાણાં સમિતિ | : | અધ્યક્ષ | : | શ્રીમતિ કે. એ. રાઠવા |
| | | મંત્રી | : | ઘનશ્યામ કે. મકવાણા |
| | | સભ્યો | : | પ્રિતેશ પી. પટેલ |
| | | | | ભાણાભગવાનવાલા માલા પી. |
| (૭) પ્રવાસ સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. પી. આર. માસ્ટર |
| | | મંત્રી | : | હિતેશ બી. પટેલ |
| | | સભ્યો | : | હેતલ વી. પટેલ |
| | | | | નિકમ ચન્નુ પંડિત |
| (૮) ગ્રંથાલય સમિતિ | : | અધ્યક્ષ | : | શ્રીમતી કે. એ. રાઠવા |
| | | મંત્રી | : | યોગેશ એ. માછી |
| | | સભ્યો | : | નિલેશ જે. તિવારી |
| | | | | અજય ટી. પટેલ |

Scanned with CamScanner

# નથી જીવનનું ઘડતર એ ભણતરમાં કંઈ નથી.

- પ્રિ. ડૉ. પ્રફુલસિંહ ચૌ.

પ્રસ્તાવના : સ્વામી વિવેકાનંદજીના મતે ''કોઈપણ દેશની આમ જનતામાં શિક્ષણ અને બુદ્ધિશક્તિનો જે પ્રમાણમાં ફેલાવો થયો હોય તે પ્રમાણમાં તે પ્રજા પ્રગતિશીલ હોય. જો આપણે ફરી ઊભા થવું હોય તો આપણે પણ આમ જનતામાં શિક્ષણ ફેલાવવું પડશે.'' ભારતમાં મોટા ભાગની આમ જનતા શિક્ષણથી વંચિત છે. આ કમનસીબ ઘટના છે. તેથી શિક્ષણ સુલભ બનાવવા અને તેનો વધુ પ્રસાર કરવાની તાતી જરૂરિયાત છે. શિક્ષણ એ તો રાષ્ટ્રીય સંસ્કૃતિનો એક અગત્યનો હિસ્સો બનવું જોઈએ. તેના વિના કોઈપણ પ્રકારની સાચી પ્રગતિ નહીં થઈ શકે.

એ આનંદની બાબત છે કે ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓ વધી રહી છે, શિક્ષણનો પ્રસાર થવા લાગ્યો છે. પરંતુ શિક્ષણના ઉદાત્ત ઉદ્દેશ્યોને અવગણીને અપાતા રહેલા શિક્ષણથી દેશનો સાચો વિકાસ થશે કે ? આ મોટો પ્રશ્ન છે. કારણ કે ખોટી દિશામાં શિક્ષણ હોય, તે સાવ શિક્ષણ ન હોય તેના કરતાં પણ ખરાબ છે. તેથી આપણે કેળવણીના મનિષિઓના આપેલા શિક્ષણના વિચારોમાંથી ચિંતન કરીને શિક્ષણને જીવિકાલક્ષીના સ્થળે જીવનલક્ષી બનાવીએ તો જ વ્યક્તિ ઘડતરથી દેશ ઘડતર કરી શકીશું.

**સાચું શિક્ષણ વિદ્યાર્થીમાં સામર્થ્ય અને ખુમારી નિર્માણ કરે.....**

બાળક પાંચ વર્ષનું થાય એટલે કપાળે કંકુનો ચાંદલો કરી, શ્રીફળ વધેરી, લાગતા વળગતાનું મોં મીઠું કરાવી અને શાળાના વર્ગની ચાર દિવાલો વચ્ચે તેના વજન કરતાં વધારે વજનના પુસ્તકો વચ્ચે બેસાડી તેની બાળસહજ ચેષ્ટાઓ, કલ્પનાઓ અને અરમાનોને શિક્ષકના સૂચનો અને ધાકધમકી અને પુસ્તકોના થપ્પા વચ્ચે દાબી દેવાની પ્રવૃત્તિને આપણે શિક્ષણ કહીએ છીએ. બાળકને સંસ્કાર, સદ્‌ગુણ, ચારિત્ર્ય વગેરેથી પર રાખીને ફક્ત ગણિત, વિજ્ઞાન કે અંગ્રેજી ભણાવી ડોકટર, વકીલ કે એન્જીનિયર બનાવવાની આપણી ઘેલછાને આપણે શિક્ષણનું નામ આપીએ છીએ.

એક બાબત સ્પષ્ટ અને વાસ્તવિક છે કે જ્યાં સુધી શિક્ષક, વાલીઓ અને શિક્ષણ સાથે સંકળાયેલ દરેક વ્યક્તિ શિક્ષણની સાચી સંકલ્પના નહીં સમજે ત્યાં સુધી ભારતનો દરેક ક્ષેત્રમાં વિકાસ શક્ય નથી. આજના નાના બાળકમાં સાચી કેળવણીના બીજ વવાયેલાં નહીં હોય તો દેશનો પાયો નબળો જ રહેવાનો અને તે આવતી કાલનો આદર્શ અને ઉમદા નાગરિક કેવી રીતે નીવડી શકવાનો ?

આજની શિક્ષણ સંસ્થાઓમાં અને તેમની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચારિત્ર્ય ઘડતર અને માનવ નિર્માણલક્ષી શિક્ષણ જોવા મળતું નથી. અમુકેક સંસ્થાઓ આના બારામાં જાગ્રત છે.

શિક્ષણ શબ્દને બાળકના સર્વાંગી વિકાસ સાથે સંબંધ છે. શિક્ષણનું મુખ્ય અને અંતિમ ધ્યેય માનવ ઘડતરનું છે. શિક્ષણ શબ્દ ચારિત્ર્ય, સદાચાર, સદગુણો વગેરે સાથે નિસ્બત ધરાવે છે. ફક્ત પુસ્તકો, શિક્ષક અને વર્ગખંડ સાથે નહીં. જિંદગીમાં દરેક પરિવર્તન અને સંઘર્ષ સાથે બાથ ભીડીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે એવી સમર્થ શક્તિ અને ખુમારી આપી શકે તે જ સાચું શિક્ષણ છે.

એક વ્યક્તિ સ્નાતક થયા પછી પોતાનું ગુજરાન ચલાવવા નોકરીની શોધમાં અનેક સંસ્થાઓમાં ધક્કા ખાય છે, કોઈ વ્યવસાય કે ધંધો કરવાની તેમનામાં આવડત નથી. જો આટલાં વર્ષ પછી પણ તેનામાં પોતાના પગ પર કેવી રીતે ઉભા રહેવું એ કૌશલ્યનો વિકાસ ન થયો, તો આટલાં વર્ષ સ્કૂલ, કોલેજમાં ચોપડાઓના ઢગલા વચ્ચે વ્યર્થ વિતાવ્યાં ગણાય.

Scanned with CamScanner

આજનું શિક્ષણ પોપટીયું જ્ઞાન આપે છે અને જીવનની વાસ્તવિક પરિસ્થિતિ અને એને સમજવાની કોઠાસૂઝથી દૂર રાખે છે. સાચું શિક્ષણ વ્યક્તિને જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સંઘર્ષ કે મુશ્કેલી વચ્ચે અડીખમ ઊભા રહેવાનું શીખવે છે. શિક્ષણનું બીજું કામ વ્યક્તિનાં સંસ્કાર, સદાચાર, સદવર્તન અને ચારિત્ર્યનું સિંચન કરવાનું છે. જેનાથી તે આદર્શ જીવન બનાવી અનેકને માટે આદર્શ રૂપ બને. આજે દેશને જરૂર છે એવી વ્યક્તિઓની કે જેના દરેક વિચારમાં કલ્યાણ અને હિત સમાયેલું હોય, રગે રગમાં દેશદાઝ અને સાચી રાષ્ટ્રભાવના હોય... ત્યારે જ આપણે સાચું શિક્ષણ લીધું છે અને આપ્યું છે તેમ કહેવાય.

**આજના શિક્ષણની સોનોગ્રાફી.....**

આજના અપાતા શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનું મગજ ખીલે છે, અને હૃદય કરમાય છે. સંસ્કારહીન અને સંવેદનહીન વિદ્યાર્થીઓ ડિગ્રીધારીઓ બહાર પડે છે. આવો ડિગ્રીધારી પણ જ્ઞાન-સમજ વિહિન સાક્ષર એટમબોમ્બથી જરાય ઓછો ખતરનાક નથી. આજની આપણી શિક્ષણની ફેક્ટરીઓમાંથી આવા લાખો વિનાશક બૉબ બહાર પડી રહ્યા છે. તેથી જ તો એક વિચારકે કહ્યું છે, અભણ માણસ રેલ્વેનો એક પાટો ચોરશે. ભણેલો આખી રેલ્વે જ ઘરે લઈ જશે. (અભણ માણસ એક તિજોરી લૂંટે, ભણેલો આખી બેંક લૂંટે) આજની ફંદામાં જઈ રહેલી કેટલીયે બેંકોના સંચાલકો ભણેલા જ છે ને !

વ્યક્તિ ભણે એટલું જ પૂરતું નથી, તેનું ઘડતર પણ થવું જોઈએ. આપણી સ્કૂલ, કૉલેજોમાં યુવાધનની શક્તિઓની કતલ થઈ રહી છે.

પ્રકૃતિએ માનવ જાતને સંવેદના ભારોભાર આપી છે પણ આજના શિક્ષણમાંથી અને સમાજમાંથી સંવેદના જ નષ્ટ થવા માંડી છે. આજના યંત્ર માનવ જેવા માનવમાં સંવેદના લગભગ નષ્ટ થઈ ચૂકી છે. શાળા, કૉલેજોમાં જ્ઞાનનું પાટીયું લગાવીને માહિતીના ઢગલા ખડકી વિદ્યાર્થીને ગોખણીયો પોપટ બનાવાય છે. વિદ્યાર્થી તો રેસના ઘોડાની જેમ દોડયા જ કરે છે. તેનામાં પાનખર ઘર કરી જાય છે અને તેના શમણાંરૂપી લીલા પાન ખરી પડે છે. તેની કોઈને કંઈ પડી નથી. તેનું વિસ્મય ખરી પડે છે, તેના આંસુઓ સૂકાઈ જાય છે. તેના દીલનો દીવો ઠરી જાય છે. તેની વેદના નષ્ટ થઈ જાય છે. તેના પરિવારની ઈમારત રફેદફે થઈ જાય છે.

શિક્ષણ નામની પ્રક્રિયામાંથી શિક્ષણ શોધવું પડે એવી પરિસ્થિતિ છે. આપણી શિક્ષણરૂપી ઈમારતના બાલક પાલક શિક્ષક-સંચાલક એમ ચાર પાયા છે. આ ચારેય પાયા મજબૂત હોય, ચારે પાયા શિક્ષણની જ ચિંતા કરનારા હોય, ચારે એકબીજાના સંપર્કમાં હોય, ચારે એકબીજાને સમજતા હોય તો શિક્ષણ મજબૂત અને ઊંચી ગુણવત્તાવાળું બને. આ ચારેય જ્યારે શિક્ષણને તાકે છે ત્યારે સંસ્થામાં શૈક્ષણિક વાતાવરણ ઊભું થાય છે.

કહેવા માટે તો આપણો દેશ લોકશાહી દેશ છે. જ્યાં પ્રજા પાસે સત્તા છે પણ હકીકતમાં પ્રજા અને સત્તા વચ્ચે પહોળી ખીણ છે. હજારો લોક શિક્ષણ પ્રાપ્ત કરવા છતાં પરિવારને બે ટંકનું ભોજન આપવા અસમર્થ છે. ભ્રષ્ટાચાર અને અનૈતિક્તા સમાજને વિનાશ તરફ નોંતરી રહ્યા છે. આ બધા માણસે જાતે કરેલા કર્મોના ફળ છે. આ બગાડનું કારણ ઈશ્વરે આપેલી જીવન વ્યવસ્થાથી વિમુખતા. માણસ ભૂલી બેઠો કે, "ઈશ્વરે આ સૃષ્ટિ બનાવી તેને ચોક્કસ કાનૂનો વડે બાંધી રાખેલી છે. માનવે કુદરતના કાનૂન તોડીને પોતાની જીવન વ્યવસ્થા ગોઠવી પોતાના પગ પર જ કુહાડો માર્યો છે."

જીવન વ્યવસ્થા માટે જે શિક્ષણ વ્યવસ્થા ઘડી છે તે તો માનવ માટે ખતરનાક છે. શિક્ષણ દ્વારા સમાજનું ઘડતર થાય અને શિક્ષણ વડે જ સમાજનું નિર્માણ થાય છે. શિક્ષણનો મૂળ હેતુ તો માનવને પોતાના અસ્તિત્વનું કારણ બતાવવાનું છે. આજની આપણી શિક્ષણ વ્યવસ્થા માણસને પોતાની પ્રકૃતિ વિરૂદ્ધ કેળવી રહી છે.

Scanned with CamScanner

કુદરત દ્વારા મળતી કેળવણી જ સાચી કેળવણી છે. જો વિદ્યાર્થીઓ પોતાનો જીવનમંત્ર પાકો મેળવી લે અને
દુનિયામાં ઈશ્વર-અલ્લાહના કાનૂનની સ્થાપના કરી લે તો દુનિયા ફરી એકવાર શાંતિનું પારણું બની શકે.

આજે શાળાઓમાંથી ઇન્ફરમેશન પેદા બહાર પડે છે. આ માહિતીની સમજ કેળવી તેને જ્ઞાનમાં પરિવર્તિત કરવાનું કામ આજના શિક્ષણે કરવાનું છે. જ્ઞાનથી તૃપ્ત અને ડહાપણથી છલોછલ નાગરિકનું ઘડતર કરવાનું છે.

જીવનલક્ષી શિક્ષણ આપવા આટલું કરવું જ ઘટે...

- અભ્યાસક્રમમાં જીવન ઘડતર અંગેની બાબતો, મૂલ્યોના સ્થાપન અંગેની બાબતો, જીવ-જગત અને જગદીશની બાબતો સામેલ કરવામાં આવે. આ માટે શિક્ષણમાંથી રાજકારણ દૂર કરવામાં આવે. દૃષ્ટિસંપન્ન શિક્ષણવિદોને જ શિક્ષણની ધૂરા સોંપવી ઘટે.
- શિક્ષણનું માળખું, શિક્ષણની વ્યવસ્થા, અભ્યાસક્રમની રચના અને તેના અમલમાં ભારતીયકરણ અપનાવવામાં આવે. વિદ્યાર્થીને વિચાર કરતો કરી મૂકે અને તેની સંવેદના જાગ્રત કરે તેવી શિક્ષણ વ્યવસ્થા ગોઠવવામાં આવે.
- સંચાલકો, શિક્ષકો, આચાર્યો, વહીવટી કર્મચારીઓએ વિદ્યાર્થીઓના રોલ મોડલ બનવું ઘટે. શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ માટે કાર્ય કરવાની ઉત્તમ પરિસ્થિતિ નિર્માણ કરી તેમની પાસે કાર્યક્ષમ રીતે કામ લેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે.
- શિક્ષણને સાર્થક-કરકસરયુક્ત બનાવવા લોક-સહકાર લેવો જ ઘટે. સમાજના શ્રેષ્ઠીઓ, વાનપ્રસ્થિઓ, દરેક ક્ષેત્રની સફળ વ્યક્તિઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો તન-મન અને ધનથી સક્રિય સહકાર મેળવવો.
- ઉત્સવોની સાર્થક ઉજવણી
- રાષ્ટ્રીય પર્વ તેમજ કેટલાક ધાર્મિક ઉત્સવો ઉજવીને ઉત્સવો પાછળ ઋષિઓના જીવન દર્શનના ચિંતનને સમાજ સુધી લઈ જવું પડે. આજના ઉત્સવોમાં પ્રદર્શન વધ્યું છે, જીવન દર્શન ઘટયું છે, ત્યારે ઉત્સવો પાછળનું ઢંકાયેલું રહસ્ય છતું કરવું જ પડે.
- વિદ્યાર્થીઓમાં સંવેદના જગાડવી પડે. ભારતના ભણેલા લોકોની હૃદય શૂન્યતા એ ભારતની મોટામાં મોટી કમનસીબી છે, એવું ગાંધીજી કહેતા. શિક્ષણ દ્વારા સાર્વત્રિક વિકાસ કરવા વિચારવું જ પડે. વિદ્યાર્થીઓને જ્ઞાનના ક્ષેત્રની સાથે લાગણીના ક્ષેત્રમાં લઈ જવા વિચારવાની તાતી જરૂર ખરી.
- વિદ્યાર્થીઓને વ્યક્તિગત કૌટુંબિક સાંસારિક / વ્યાવસાયિક સામાજિક / રાષ્ટ્રીય પ્રશ્નો, પડકારો, સામે ઝઝૂમવાનું સામર્થ્ય નિર્માણ કરે તેવા શાળાકીય કાર્યક્રમો ગોઠવવા.
- સાંસ્કૃતિક કાર્યક્રમો એવા જ રાખવા જેથી શિક્ષણ, સંસ્કૃતિ અને સંસ્કારનું સ્તર ઊંચું લઈ જવાય.

અંતે પ્રાતઃસ્મરણીય પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજીના ચિંતનને કાવ્ય પંક્તિઓમાં રજૂ કરવાની લાલચ રોકી શકતો નથી.

*"ન વપરાયે સત્કાર્યે એ વૈભવમાં કંઈ નથી, દયા ના દિલ વિશે હોય તો એ દાનમાં કંઈ નથી.*
*વાદળ જળ વિનાનું હોય તો એ વાદળમાં કંઈ નથી. નથી જીવનનું ઘડતર એ ભણતરમાં કંઈ નથી."*

જીવનનું ઘડતર એવા શિક્ષણની જરૂર એ આજના ઘર-ઘર અને સમાજ-દેશની જરૂર છે. શિક્ષણ સાથે સંકળાયેલા લોકો ક્યારે જાગશે ?

અસ્તુ

Scanned with CamScanner

# પ્રવર્તમાન શિક્ષણ

પ્રા. ડૉ. પ્રવિણચંદ્ર ર. માસ્ટર

'શાળા મરી પરવારી' એવરેટ રેમરના પુસ્તકનું મુખપૃષ્ઠ કંઈક આવું છે : કેટલાંક બાળકો હાથમાં કોદાળી, પાવડો વગેરે જેવાં હથિયારો-સાધનો લઈને ક્યાંક જઈ રહ્યાં છે. કોઈક પૂછે છે : ''અલ્યા તમે ક્યાં જાઓ છો ?'' જવાબ મળે છે : ''શાળાને દફનાવવા, કારણ કે શાળા મરી પરવારી છે.'' જો આજની શાળામાં બાળપણની કુતૂહલતાને પોષણ મળતું ન હોય, આનંદ-મજાનો અભાવ હોય, કૌમાર્યવસ્થાની મુગ્ધતા, યુવાવસ્થાની ગતિશીલતા, ચંચળતા, મૌલિક્તા, જીવનસૌંદર્યની અનુભૂતિ, વાસ્તવિક્તાનો અભાવ હોય તો પછી વાત સાચી જ છે. સ્કૂલ ઈઝ ડેથ. ચાલો, એને દફનાવીએ કે પછી અગ્નિદાહ આપીએ.

સર્વાંગીણ વિકાસ, જન્મગત શક્તિઓના પ્રગટીકરણ, વ્યક્તિમતાની અભિવ્યક્તિને નામે ઢગલાબંધ હેતુવિહીન ચીલાચાલુ પ્રવૃત્તિઓથી દબાયેલો આજનો વિદ્યાર્થી જ્ઞાન-વિસ્ફોટની આ સદીમાં, માહિતીના ઢગલા વચ્ચે પોતાનો વિકાસ કેવી રીતે કરી શકશે ? જાગ્રત, ઉદ્યમી, તરવરિયા, વિચારવંત, જ્ઞાનપિપાસુ, ચિંતનશીલ, વિદ્યાવ્યાસંગી, અનુભવસમૃદ્ધ, વ્યાવસાયિક કટિબદ્ધ, પ્રતિબદ્ધ, નિષ્ઠાવાન... શિક્ષકોના અભાવે ચીલાચાલુ, આઉટડેટેડ, ફરજિયાત, બિનઉપયોગી, વિસંગત અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, પાઠના સ્વાધ્યાયો, પ્રવૃત્તિઓ, વિકૃત પરીક્ષાપ્રણાલી, બિનઅસરકારક અધ્યાપનપદ્ધતિઓ, સંચાલનને નામે થતાં શોષણ, સરકારની ઉદાસીનતા શોષણનીતિ-રીતિ ૨૫૦૦/-, ૪૦૦૦/- અને ૪૫૦૦/-નું પગારધોરણ, નિસ્બતનો અભાવ - આ અને આવાં અનેક કારણોને લીધે આજનું શિક્ષણ એ ખરેખર શિક્ષણ છે કે કેમ ? તેવો પ્રશ્ન ઊભો થાય છે.

'વિદ્યા વિનાશને માર્ગે' પુસ્તકમાં સુરેશ જોષીની વાત, શાળાવિહીન સમાજ ઈવાન ઈલિચના આક્ષેપો, 'શાળા બંધ કરી દો'માં વિનોબા ભાવેનો આક્રોશ, 'દ્રોણાચાર્યનું સિંહાસન'માં બકુલ ત્રિપાઠીનો વ્યંગ, 'તોતા કાહિની'માં રવીન્દ્રનાથ ટાગોરની શિક્ષણપ્રણાલી અંગેની ચિંતા, 'પ્રાણીઓની શાળા'માં રીંછનું પ્રતિકાત્મક આલેખન, 'શાળામાં બાળકની દુર્દશા'માં આજના વિદ્યાર્થી (?)ની કેફિયત - આ અને આવાં અનેક પુસ્તકોમાં જે તે સમયે ચિંતકો-લેખકોએ સમાજને લાલબત્તી ધરી છે, આજના શિક્ષણની મર્યાદાઓ ઉઘાડી પાડી છે અને છતાં હિસ્સો... હિસ્સો... ! સરકાર અને સંસ્થાઓ થાંગડથીંગડ પ્રયત્નો, સેમિનાર, સભા વગેરે કર્યે રાખે છે. સરકાર આચાર્યોને દમદાટી આપે, આચાર્ય શિક્ષકોને ડારે ને પરિણામે વિદ્યાર્થીઓએ સહન કરવાનું. વર્ગશિક્ષણકાર્ય ઘટે, આચાર્ય, શિક્ષકો કાગળ કાર્યવાહીમાં રચ્યાપચ્યા રહે, વર્ગખંડમાં તેઓની હાજરી સ્થૂળ અને સૂક્ષ્મ પણ ઘટે છેલ્લે શિક્ષણ કથળે. એન.સી.ઈ.આર.ટી.એ. અસરકારક શિક્ષણ-પ્રશિક્ષણના કાર્યક્રમની રૂપરેખા ઘડી છે તેના આંતરસંબંધ ધરાવતાં શિક્ષક માટેના ક્ષમતા-ક્ષેત્રોની વાત કરી છે.

સંક્ષિપ્તમાં શિક્ષકનાં પાંચ ભૂમિકાક્ષેત્રો :

- વર્ગખંડમાં ભૂમિકા
- શાળાકક્ષાએ ભૂમિકા
- વાલીસંપર્ક, સહકાર સંબંધિત ભૂમિકા
- સામાજિક સંપર્ક અને સહકાર સંબંધિત ભૂમિકા

Scanned with CamScanner

આ ભૂમિકા વધુ ને વધુ અસરકારક ભજવવા માટે તત્પર એવો શિક્ષક વિદ્યાર્થીનિષ્ઠ છે, સમાજનિષ્ઠ છે, વ્યવસાયનિષ્ઠ છે, શ્રેષ્ઠતાપ્રાપ્તિ પરત્વે નિષ્ઠાવાન છે અને મૂળભૂત માનવમૂલ્યો પ્રત્યે વફાદાર છે. આવો નિષ્ઠાવાન શિક્ષક કેટલીક ક્ષમતાઓ ધરાવે છે. જેવી કે -

- સંદર્ભલક્ષી ક્ષમતાઓ
- સંકલ્પનાત્મક ક્ષમતાઓ
- પાઠ્યક્રમ અને વિષયવસ્તુવિષયક ક્ષમતાઓ
- વ્યવહારવિષયક ક્ષમતાઓ
- અધ્યાપન-અધ્યયન ઉપકરણસંબંધી ક્ષમતાઓ
- મૂલ્યાંકન સંબંધિત ક્ષમતાઓ
- સંચાલનવિષયક ક્ષમતાઓ
- વાલીસંપર્ક અને સહકાર સંબંધિત ક્ષમતાઓ
- સમાજસંપર્ક અને સહકાર સંબંધિત ક્ષમતાઓ

શિક્ષક તાલીમ સંસ્થાઓ જાગ્રત બની આવા શિક્ષકો તૈયાર કરવા કટિબદ્ધ બને, પ્રવર્તમાન શિક્ષકો પોતાની ગુણવત્તા સુધારી કાર્યક્ષમ, અસરકારક શિક્ષણકાર્ય કરે તેમ જોવા સમાજ અને સરકાર તત્પર છે. છેવટે તો આપણે જ્ઞાનપ્રાપ્તિ શા માટે કરીએ છીએ ? વધુને વધુ જાણવા માટે, ક્રિયાત્મક, નિર્ણયાત્મક, સર્જનાત્મક કૌશલ્યોને વિકસાવવા માટે, સર્વથા માનવ બની રહેવા માટે અને છેવટે વિશ્વ સમાજમાં સુમેળથી, સહકારથી રહેવા માટે, જીવવા માટે, વિકસવા માટે.

એકવીસમી સદી માટેના આંતરરાષ્ટ્રિય કમિશનનો શિક્ષણ અંગેનો યુનેસ્કોનો અહેવાલ આ સદીને અસાધારણ સદી કહે છે. પ્રગતિ, વિકાસની સાથે સાથે ક્રૂર માનવસંહાર, મહાવિનાશક-પ્રાણઘાતક શસ્ત્રોની શોધમાં ગતિ આવી ગઈ છે. માનવજાત એક વિકટ, પ્રાણઘાતક, ત્રાસદાયક કટોકટીભર્યા વળાંક પર ઊભી છે. માનવકલ્યાણનાં નવાં ક્ષેત્રો પણ ઊભરી રહ્યાં છે. સર્જનાત્મક શોધો પણ આ સદીને પોંખી રહી છે. કંઈક આવું ચિત્ર આ અહેવાલમાં રજૂ થયેલ છે. અહેવાલ આ સદીને તણાવની સદી પણ કહે છે.

- વૈશ્વિકતા અને સ્થાનિયતા વચ્ચેનો તફાવત
- વૈશ્વિક અને વૈયક્તિક તણાવ
- પરંપરા અને આધુનિકતા વચ્ચેનો તણાવ
- લાંબા ગાળાની અને ટૂંકા ગાળાની ગણતરી વચ્ચેનો તણાવ
- સમાન સ્તરે સ્પર્ધાની જરૂર તથા તકોની સમાનતા માટેની નિસ્બત વચ્ચેનો તણાવ
- જ્ઞાનનો અસાધારણ વિસ્ફોટ અને તેને એકત્રિત કરવાની માનવીની મર્યાદા વચ્ચેનો તણાવ
- આધ્યાત્મિકતા અને ભૌતિકતા વચ્ચેનો તણાવ

ભાવિ પેઢીના ઉજ્જવલ ભવિષ્ય માટે વિચારપૂર્વકનું સંગઠન કરીને વૈશ્વિક ગ્રામ બનેલા આ જગતમાં આપણા દ્વારા શિક્ષિત, દીક્ષિત વિદ્યાર્થીએ ઊભા રહેવાનું છે. પ્રવર્તમાન શિક્ષણમાં રહેલા સ્પર્ધાનાં તત્ત્વો, તુલનાનાં તત્ત્વો, મહત્વાકાંક્ષાનાં તત્ત્વો દૂર કરી વ્યક્તિનાં, વિદ્યાર્થીનાં આંતરરશ્મિઓને ઉદ્‌ઘાટિત કરવાનાં છે, આંતરચક્ષુઓને ખોલવાનાં છે, આંતરસત્ત્વ, આંતરસમૃદ્ધિને આવિષ્કૃત કરવાની છે. શિક્ષણ દ્વારા તો

Scanned with CamScanner

આપણે જીવન જીવવાની કળા શીખવવાની છે. વિદ્યાર્થીને વિવેકી અને સંયમી બનાવવાનો છે. આપણા શિક્ષણ દ્વારા વ્યક્તિનો પોતાની જાત સાથે, પ્રકૃતિ સાથે અને સમાજ સાથે સંવાદ સાધી આપવાનો છે. સમાજના સંદર્ભમાં નાગરિકતાનો વિકાસ કરવાનો છે. નવા સમાજની રચના માટે વ્યક્તિના મનને તૈયાર કરવાનું છે. સામાન્ય જીવનની સમસ્યાઓની ગૂંચ ઉકલે તેવી સમજ, તેવો અનુભવ આપવાનું કાર્ય, જવાબદારી શિક્ષણની છે અને આના માટે એક નરવા-ગરવા અભિગમની આવશ્યકતા છે. વિદ્યાર્થીનો નાતો તેની નાળ સાથે, કુદરત સાથે, કુદરતનાં તત્ત્વો સાથે બાંધવાની જરૂર ઊભી થઈ છે. પ્રકૃતિને, સમાજને ખૂંદી, કચડી, છેદી-તોડી આગળ વધવાની જીદને શું શિક્ષણ કહીશું ? આ કુદરત, તેનાં અનેકવિધ આવિષ્કારો અને સ્વરૂપો, વિવિધ રંગ, ખુશબો, તેની સોબત, તેનો સંગાથ શું આપણે વિદ્યાર્થીને માણવા નહીં દઈએ ? આ સાધુ-સંતો તેમની ઝકઝોરતી વાણી, આ સમાજદેવતા અને તેની સોબતનો એક સ્પર્શ આપણા બાળદેવતા, વિદ્યાર્થીદેવતાને નહીં આપીએ તો શું આપણે આપણી જાતને માફ કરી શકીશું ? શિક્ષણ તો નિરંતર ખોજ છે, સતત ચાલતો સ્વાધ્યાય છે, નિત્ય નૂતન સર્જક્તા અને વ્યવહારશાસ્ત્ર છે અને નિત્ય પ્રવર્તમાન, વર્ધમાન સમજ અને અભિયાન એટલે જ શિક્ષણ. શિક્ષણજીવનનું આધારબિંદુ જીવનકેન્દ્રી-લોકાભિમુખ અભિગમ અને અભિવ્યક્તિ છે. આજનું શિક્ષણ વિદ્યાલયરૂપી સિમેન્ટના માળખામાં કેદ છે. પુસ્તકોમાં ફસાયેલું છે. પરીક્ષા-કસોટીઓની ભુલભુલામણીમાં ખોવાયું છે. વહીવટીય અને સંચાલકીય શિસ્ત નીચે વ્યવસ્થિત અવ્યવસ્થામાં દયામણું બનેલું છે અને આપણે આ શિક્ષણને મુક્ત કરવાનું છે.

જ્ઞાન અભિશાપ છે, સમજ કૃપા છે, જીવંતતામાંથી શીખવું એ જીવન છે અને હોવાપણું 'સ્વ'ની ઓળખ છે. 'સ્વ'-નિરીક્ષણ વડે સહજ જાગી જવાય છે. શું આને શિક્ષણ કહી શકાય ? પણ અહીં તો ખાનગી શાળાઓ, શાળાઓ બાળકને, વિદ્યાર્થીને તેમના આર્થિક આરોહણના મજૂર બનાવે છે. બૂટ-મોજાં, યુનિફોર્મ, આઈકાર્ડનો ઠઠારો, ગળે વૉટરબૅગ, પીઠે સ્કૂલબેગ જાણે એવરેસ્ટ સર કરવા નીકળેલો શેરપા તેનસિંગ કે પછી પન્નાલાલ, પીતાંબર કે પેટલીકરની ગળે લાકડું વળગાડેલી ભેંસ ? તોતોચાનને તોમોએ નામની સ્કૂલ મળી, શિક્ષક, સ્થાપક, સંચાલક, આચાર્ય સોસાકુ કોબાયાશી મળ્યા. જો આપણા પ્રત્યેક વિદ્યાર્થીને આવી શાળા અને આવા શિક્ષક મળે તો ચારેબાજુ વ્યાપેલી હિંસાવૃત્તિ ઓછી થાય. સ્કૂલમાંથી ઊઠી જતાં બાળકોનું પ્રમાણ ઘટે. નિશાળે દોડીને જવાની અને રહેવાની તાલાવેલી થાય. અરે, ઈવાન ઈલિચના આક્ષેપોને પણ બહુ જ સાચો જવાબ મળે.

(કેટલાંક વાક્યો, શબ્દસમૂહો 'નવનીત સમર્પણ'ના કોઈ એક લેખમાંથી લેવામાં આવેલ છે. - આભાર)

(સૌજન્ય : માધ્યમિક અને શિક્ષણ અને પરીક્ષણ)

Scanned with CamScanner

# જીવનમાં ડિગ્રી તો ઉમેરી પણ ડિગ્રીમાં જીવન... ?

– પ્રા. ડૉ. જયંત એ. શાહ

દરેક વ્યક્તિ શિક્ષિત અને દીક્ષિત બને તે આવશ્યક છે. શિક્ષણથી જીવન મધુર બને પરંતુ ક્યારેક શિક્ષિતનું જ જીવન કડવું હોય. આજે ડિગ્રીધારી યુવા-વર્ગમાં કેટલાક ડિપ્રેશન, આપઘાત, હિંસા, છેતરપિંડી અને કેફી દ્રવ્યોના ભોગ બન્યા છે. આ માટે જવાબદાર છે, હરીફાઈ અને ભૌતિક્તા તરફનું આકર્ષણ. આજે શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને વિષયોના નિષ્ણાત તો આપણે બનાવી દીધા, અને અઢળક પૈસા કેમ કમાવવા ? તેનું શિક્ષણ આપ્યું. પરંતુ તેના જીવન ઘડતરની જ ઉપેક્ષા થઈ છે. આજે કરોડો રૂપિયા કમાતા આઈ.ટી. નિષ્ણાતનું પરિવાર-જીવન જુઓ તો દુઃખી અને નિષ્ફળ હોય એવું બને. પરિવારો તૂટી રહ્યા છે.

પક્ષી બે પાંખો દ્વારા ઊડે છે. એની બે પાંખો કાપી નાંખવામાં આવે તો તે ઊડી ન શકે. તે જ રીતે માનવીનો વિકાસ બે તત્ત્વોના દ્વારા થાય છે. એક તત્ત્વનું નામ છે શિક્ષણ અને બીજા તત્ત્વનું નામ છે ઘડતર. શિક્ષણ અને ઘડતર આ બે અલગ અલગ વસ્તુઓ છે. કેટલીકવાર એવું બને કે કોઈ માણસ બહુ સારો શિક્ષિત હોય પણ તે ઘડાયેલો ન હોય. કેટલીકવાર એથી ઊલટું પણ બને કે એક માણસ બહુ સરસ ઘડાયેલો હોય પણ શિક્ષિત ન હોય. આપણા કચ્છ જિલ્લાના કચ્છીઓ વેપારી પ્રજા છે. તેઓ આખા વિશ્વમાં પથરાયેલા છે. તેમની પાસે ડિગ્રીની અપેક્ષા જ ન હોય. જો સર્વે થાય તો નવાઈ લાગે કે બે, ચાર ચોપડી ભણેલા કરોડો રૂપિયાનો વેપાર સફળતાથી સંભાળતા હોય છે. તેઓએ શાળાકીય શિક્ષણને ટાળ્યું છે. છોરા, "તું તારે ધંધામાં લાગી જા. આપણે ક્યાં નોકરી કરવી છે." આ મેન્ટાલિટીને કારણે જ આજે મોટા ભાગના માર્કેટો પર આ કચ્છી-સમાજની પકડ છે.

જ્યારે આ બાજુ આપણા ડિગ્રીધારીઓ ઘડતરના અભાવે નિરાશાની સ્થિતિનો અનુભવ કરતાં હોય છે. કારણ કે મૂળમાંથી એમનું ઘડતર નથી થયેલું. એનો અર્થ એ નથી કે શિક્ષણની જરૂર જ નથી. શિક્ષણ પણ જરૂરી છે અને ઘડતર પણ જરૂરી છે. વ્યક્તિના જીવનમાં સફળતા કે નિષ્ફળતા માટે શિક્ષણ કરતાં ઘડતર મહત્ત્વનો ભાગ ભજવે છે. તેની જ શિક્ષણમાંથી બાદબાકી... ! વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક માહિતી ઠાંસી ઠાંસીને આપી દેવાથી તેનો ઉદ્ધાર ન થાય. જો સાચા અર્થમાં તેમનો ઉદ્ધાર કરવો હોય તો શિક્ષણની સાથે તેમના ઘડતરનું કાર્ય પણ શિક્ષણ સંસ્થાઓએ ઉપાડવું પડશે.

માત્ર વિજ્ઞાન દ્વારા નાસ્તિક્તા આવે, સુખ શાંતિ માટે જરૂરી છે આસ્તિક્તા એ જ ખરી વાસ્તવિક્તા. તેથી વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ થાય તે અત્યંત જરૂરી છે. માની લો કે આપણે વિજ્ઞાન દ્વારા એક રોબોટનું નિર્માણ કર્યું જેમાં માત્ર સ્વાર્થના પરમાણુ ભરેલા છે તેમાં આધ્યાત્મરૂપી પ્રાણ પૂરવાથી સાચું ચૈતન્ય અને પરમાર્થની ભાવના પ્રગટ થશે. શિક્ષણ, આરોગ્ય, ખેતી, બાંધકામ, રાજનીતિ, ટેક્નોલોજી, કોઈપણ ક્ષેત્રની

Scanned with CamScanner

નિષ્ફળતાના મૂળમાં જ્ઞાનનો અભાવ જવાબદાર નથી. પરંતુ જે જ્ઞાનીને તે પ્રકલ્પ સોંપ્યો છે તેની મૂલ્યનિષ્ઠામાં જ ખોટ હોય છે. તેથી પ્રાણપ્રશ્ન એ છે કે આ મૂલ્યનિષ્ઠા લાવવી કઈ રીતે ? તે અંગેનો અભ્યાસક્રમ દાખલ કરીને પાઠ્યપુસ્તકો દ્વારા ભણાવી દેવાથી તેની માર્કશીટમાં શ્રેષ્ઠ માર્ક હશે. પણ જીવનમાં, આચારમાં કંઈ નહિ હોય.

જો વ્યક્તિ આધ્યાત્મિક હોય ભગવાન પર ભરોસો રાખનાર આત્મજ્ઞાની હોય તો તેના જ્ઞાનનો ઉપયોગ તે સમાજ અને રાષ્ટ્રના હિતમાં જ કરશે. તે ભ્રષ્ટાચાર, સાંપ્રદાયિક ઝનૂન, ખોટા કાર્યો અને ગુનાઓ જેવી પ્રવૃત્તિથી દૂર રહેશે. વ્યક્તિ ખૂબ જ્ઞાની હોય પણ જો અત્યંત સ્વાર્થી હોય મૂલ્યનિષ્ઠ ન હોય તો તે આખી બાજી બગાડશે. આ મૂલ્યનિષ્ઠા આધ્યાત્મિક્તાથી જ લાવી શકાય. પદવીના શિક્ષણની સાથોસાથ આધ્યાત્મિક શિક્ષણ આપવું અત્યંત જરૂરી છે. આ ઉપરાંત ભક્તિથી વ્યક્તિમાં નિષ્ફળતાને પણ જીરવવાની શક્તિ જાગે છે તેણે સાયકીયાટ્રીસ્ટ પાસે જવાની જરૂર રહેતી નથી.

આપણા સૌનો અનુભવ છે કે શાળા કક્ષાએ પ્રાર્થના સંમેલન થતું હોય છે. પંદરથી વીસ મિનિટ માટે થતી આ પ્રાર્થના માત્રને માત્ર એક કર્મકાંડ બનીને રહી જાય છે. પરીક્ષા નજીક હોય કે પરીક્ષાનું પરિણામ આવવાનું હોય ત્યારે જે અંગત પ્રાર્થના થતી હોય છે તેવી તીવ્રતા દરેક પ્રાર્થનામાં હોવી જોઈએ. પ્રેરક પ્રસંગો, બોધકથાઓ રજૂ કરવાથી તેમના વલણો બદલી શકાય છે. તેમના જીવનમાં યમ, નિયમ, પ્રાણાયામ, ધ્યાન, ધ્યેયનિષ્ઠા, આત્મશ્રદ્ધા, મંત્રજાપ વગેરે બાબતો સામેલ કરવાની જરૂર છે. અનુકરણીય વ્યક્તિની સંગત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરવાથી, તેમના પ્રવચનો સાંભળવાથી, વિદ્યાર્થીના હૃદયને સ્પર્શે એવી રજૂઆત કરવાથી, માનવ કલ્યાણના સેવાકાર્યોમાં સામેલ કરવાથી જરૂર તેમનો આધ્યાત્મિક વિકાસ શક્ય બનશે.

અન્યની વેદનાને સમજે એવી સંવેદના તેનામાં પ્રગટ કરવી હોય તો આધ્યાત્મિક્તા જ એક સર્વોત્તમ ઉપાય છે. પોતાના અંગત સ્વાર્થને ખાતર, બીજાઓના સ્વાસ્થ્યને ભોગે, પર્યાવરણને પ્રદૂષિત કરનારા, કાયદાને ઘોળીને પી જનારા ઉદ્યોગપતિઓ વધતા જ જાય છે. સિર્ફ દિલ કો બહલાને કો ગાલિબ યે જન્નત કા ખ્યાલ અચ્છા હૈ । આધ્યાત્મિક્તા દ્વારા આપણે કંઈ સ્વર્ગ નથી મેળવી લેવું પરંતુ અહીં જ સ્વર્ગનું નિર્માણ કરવું છે. અન્યના આરોગ્યના ભોગે થતી પ્રગતિ એ કંઈ પ્રગતિ ન કહેવાય. આધ્યાત્મિક હોવું અને આધ્યાત્મિક હોવાનો દંભ કરવો બંને અલગ બાબત છે. આપણા વ્યવહાર દ્વારા અન્યને દુ:ખ ન પહોંચે, પ્રાણી માત્ર પ્રત્યે દયા, કરૂણા રાખવી એ જ ખરી આધ્યાત્મિક્તા. નિદા ફાઝલીના શબ્દોમાં "ઘર સે મસ્જિદ હૈ બહુત દૂર, ચલો યૂઁ કર લે કિસી રોતે હુએ બચ્ચે કો હઁસાયા જાએ ।" આપણે આ પ્રકારની આધ્યાત્મિક્તા વિકસાવવી છે. જે ખરેખર દરેક સમસ્યાઓનો રામબાણ ઈલાજ છે.

Scanned with CamScanner

# જીવનશિક્ષણ અને વ્યવસાય

- પ્રા. પારૂલ ટંડેલ

જીવન જીવવું અને માણવું આ બે શબ્દ વચ્ચે ઘણું અંતર રહેલું છે. જીવન શિક્ષણ આપણને જીવન કેમ જીવી જવું ? તે જ નહિ પરંતુ, જીવનને કઈ રીતે માણવું તે જાણવામાં મદદરૂપ થઈ પડે છે.

ઔપચારિક અને અનૌપચારિક બંને પ્રકારનાં શિક્ષણમાંથી જીવન શિક્ષણ મળી રહે છે. વ્યક્તિનાં જીવન અને મૃત્યુ વચ્ચેનાં સમયગાળામાં તેને સતત જીવન શિક્ષણ મળતું જ રહે છે. આ શિક્ષણમાં મૂલ્યોને પોતાનામાં કઈ રીતે ઉતારવા, જીવનમાં કેમ સમાવવા તે વ્યક્તિના પોતાનાં હાથની વાત છે. જીવનશિક્ષણનાં મૂલ્યોને પોતાનાં જીવનમાં લઈ પ્રગતિ કઈ રીતે સાધવી ? કયા માર્ગે જવું ? તે વ્યક્તિએ જાતે જ શીખવું પડે છે ?? સેન્ટ જોનનાં શબ્દોમાં કહીએ તો, ''દરેક માણસ પોતાનાં જીવનનો શિલ્પી છે.''

ઈશ્વરે આપણને જીવન આપ્યું છે. તેને કઈ રીતે માણવું તે આપણા હાથમાં છે. અહીં કેટલીક વ્યક્તિઓનો ઉલ્લેખ કરવા માંગુ છું. કે જેઓ પોતાનાં વ્યવસાયમાં કેટલા સફળ છે અને પોતાનાં જીવનને કેટલી સફળતાથી, ઉલ્લાસથી માણી રહ્યા છે.

- He didn't completed his University Education. - Bill Gates
- He worked in a petrol bunk. - Dhirubhai Ambani
- In Childhood he stiched shoes. - Abraham Lincon
- Who failed in 10th standard. - Sachin Tendulkar
- The one who served in hotels. - Oberoi
- Education dropout and initially a key board player. - A. R. Rehman
- At the age 24, he was a bus Conductor. - Rajnikant

ઉપર દર્શાવેલા દરેક વ્યક્તિઓએ જુદા જુદા વ્યવસાયોમાં સફળતા મેળવી છે અને તે વ્યવસાયોમાં ઉચ્ચ સ્થાન પર બિરાજમાન થયા છે. કેમ ? કેવી રીતે ? શક્ય છે ? જેવા પ્રશ્નો ઘણાંને થાય એ સ્વાભાવિક છે.

દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ખૂબી હોય છે. એ ખૂબીને ઓળખી, વ્યવસાયમાં સમાવવાથી સફળતાનાં શિખરો સર કરી શકાય છે.

દરેક વ્યક્તિએ પોતાના જીવનને ઉન્નત બનાવવા માટે પ્રમાણિકતા, નિષ્ઠા, વચનબદ્ધતા, રસ, દૃઢ આત્મવિશ્વાસ જેવા મૂલ્યો પોતાનાં વ્યવસાયમાં જળવાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. જે વ્યવસાયથી બદનામી મળે તેવા વ્યવસાયો છોડવા જરૂરી છે. નહિ તો જીવનમાં સુખ-શાંતિનો અભાવ હંમેશા વર્તાય છે. પોતાનાં વ્યવસાયમાં ખોટું બોલવું, ચાલાકી કરવી, બીજાનાં ટાંટિયા ખેંચવા, ધુર્તતા કરી ષડયંત્રો રચવા અને અન્યોને દુ:ખી કરી મનમાં હરખાવાની વૃત્તિ જેઓ રાખે છે તેઓ સતત એક પ્રકારના માનસિક સંઘર્ષમાં જીવે છે. બીજાને દુ:ખી કરી પોતે પણ સુખી રહી શકતા જ નથી. પોતાનાં વ્યવસાયને આગળ ધપાવવામાં પોતાની

Scanned with CamScanner

સર્જનાત્મકતાને ચિંતનાત્મકતાને કામે લગાડવાને બદલે અન્યોને ક્યાં પછાડવા ? ક્યાં દુ:ખી કરવા ? તેમાં જ તેઓ રચ્યા-પચ્યા રહે છે. તેથી સરવાળે દુ:ખો જ ભેગા કરે છે. તેઓનું અંત:કરણ ક્યારેક સુખનો અનુભવ કરતું નથી. યાદ રાખો, ઉજ્જવળ ચારિત્ર્ય માટે પ્રમાણિકતા જોઈએ.

આજનાં યુગમાં એક સૂત્ર ખૂબ જ પ્રચલિત છે.

''પૈસા ખુદા તો નહિ, મગર ખુદા સે કમ ભી નહિ.''

વ્યવસાય પ્રમાણિક છે ? કે નહિ. તેમાં વ્યવસાયકારને રસ, રુચિ કે તેની યોગ્યતા છે કે નહિ એ નથી જોવાતું. પરંતુ કયા વ્યવસાયમાંથી કેવી રીતે વધુ નાણાં કમાઈ શકાય ? એ જોવામાં આવે છે. બધા જ માતા-પિતાની ઈચ્છા હોય છે કે મારું સંતાન ડૉક્ટર બને, ઈન્જિનીયર બને અને તે પણ કોઈ પણ ભોગે. પછી ભલેને જીવનમાં બધા જ મૂલ્યો નેવે મૂકવા પડે. 'કૂવામાં હોય તો હવાડામાં આવે.' એ ન્યાયે વાલીઓમાં મૂલ્યો હોય તો તેમનાં સંતાનોમાં આવે ને ! ભલેને પછી શાળાઓમાં ગાંધીજી કે સત્યવતી રાજા હરિશચંદ્રનાં પાઠો શીખવવામાં આવતા હોય. વળી શાળામાં સત્ય, નિષ્ઠા, પ્રમાણિકતાનાં પાઠો શિખવનાર શિક્ષકો જ પરીક્ષામાં લાગતા વળગતાઓને, પોતાનાં અંગત કામો કરનારાઓને તથા ચાપલૂસી કરનારા વિદ્યાર્થીઓને ચોરી કરાવતો હોય તો તેની અસર કેટલી થાય ?

ઘણીવાર કેટલાંક યુવાનો વાતવાતમાં બોલતા સંભળાયા છે કે 'ખોટા માર્ગે નાણાંની કમાણી કરવી અને પછી તેનો સાચા કાર્યમાં ઉપયોગ કરવો કાંઈ ખોટો નથી. તેઓને માત્ર એટલું જ કહેવું છે કે શું ગાંધીજીને આવા રસ્તાની જરૂર પડી હતી ? શું મધર ટેરેસાને લોકોની સેવા કરવા માટે ચોરી કરવી પડી હતી? વળી, ઘણી વ્યક્તિઓ એવું કહેતાં સંભળાય છે કે 'હું જે વ્યવસાયમાં છું તે મને પસંદ નથી' અને તેથી તેમાં મારી તમામ ક્ષમતાઓ, રસ, રુચિને કામમાં લગાડવાનું મને મન જ થતું નથી' હું વેઠ ઉતારું છું. હું મારા કામને ન્યાય આપી શકતો નથી' તેમને જો એમ પૂછવામાં આવે કે 'તો પછી તમે આવા વ્યવસાયમાં શા માટે જોડાયા ?' તો તેનાં ઢગલાબંધ કારણો કે જે બિનજરૂરી છે તે તમને આપશે. આવી વ્યક્તિઓને એટલું જ કહેવું છે કે જે વ્યવસાયમાં રસ હોય તે જ વ્યવસાયમાં જોડાવો. બને એવું કે શરૂઆતમાં તમારી પસંદગીનાં વ્યવસાયમાં અનુકૂળ થતાં તમને વાર લાગે, મુશ્કેલીઓ પડે પરંતુ તમે તે વ્યવસાયનો મનોમન આદર કરતા હશો. તમારા આદર્શો તેમાં સ્થાપવાનાં પ્રયત્નો કર્યા હશે અને વધારામાં તમારા શ્રમનું સાચું રોકાણ તમે કરેલું હોવાથી પરિણામ ઘણું જ સારું મળવાની અપેક્ષાઓ આપોઆપ વધી જાય છે. ન ગમતાં વ્યવસાયને જેમ બને તેમ જલ્દી છોડવાથી માનસિક સંઘર્ષથી બચી જવાય છે. જીવનમાં એક પ્રકારની હળવાશનો અનુભવ થાય છે. બોમન ઈરાનીને તો તમે ઓળખતા જ હશો. 'લગે રહો મુન્નાભાઈ' ફિલ્મમાં 'મામુ' તેઓએ ૪૪ વર્ષની વયે બોલીવુડમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી છે અને આજે તેઓ ફિલ્મ લાઈનમાં ઘણાં સફળ છે. જરા વિચારો... શું ફિલ્મોમાં આ ઉંમરે સફળ થવાય ?

જીવનમાં અનુભવે શિક્ષણ મેળવવા માટે મહત્વનો ભાગ ભજવે છે. અને તેથી જ અનુભવને શ્રેષ્ઠ શિક્ષક માનવામાં આવે છે. પરંતુ જરૂરી નથી કે બધી જ ઘટના આપણા જીવનમાં બને. કેટલુંક બીજાનામાંથી શીખી લેવું પડે. નુકશાની કે લાંબે ગાળે પતન તરફ દોરી જતા વ્યવસાયને પસંદ કરવો જોઈએ નહિ. નહિ તો જેલનાં સળિયાઓ ગણવાનો વારો આવી શકે. તેથી જ એક મહાનુભવે ઉચ્ચારેલું વાક્ય અહીં યાદ આવે છે કે, 'અનુભવ એવો કાંસકો છે કે જે કુદરત આપણને આપે ત્યાં સુધીમાં આપણા વાળ ખરી ગયા હોય છે.'

Scanned with CamScanner

જીવનમાં સુખી થવા માટે તથા મનની શાંતિ માટે હંમેશા અહમને દૂર રાખો. વ્યવસાયની સફળતાથી માણસ મોટે ભાગે અહમનો ભોગ બને છે. અહમથી પોતાનામાં રહેલી પ્રતિભા અને પોતાની અસલી તાકાતની ચમક ધીમે-ધીમે નષ્ટ થવા માંડે છે. બીજા પર પ્રભાવ પાડવાની અને લોકો પોતાનો પડ્યો બોલ ઝીલી નમાણાં થઈ વર્તે તેવી ઈચ્છા જોર પકડવા લાગે છે અને ધીમે ધીમે એકબીજાનો વિશ્વાસ પ્રેમ, સમજ તથા સગપણ બધુંજ ગુમાવવાનો વારો આવે છે. તેથી અહમથી દૂર રહી પોતાનાપણું જાળવી રાખવાથી જિંદગીની મજા માણી શકાય છે.

પોતાનાં વ્યવસાય દ્વારા કેટલું ધન ભેગું કર્યું ? એ મહત્ત્વનું નથી. આગળ કહ્યું તેમ ધન વગર ચાલે નહિ, એ વાસ્તવિક્તા ભલે રહી. ધનથી સાચું સુખ કદી મળતું નથી. વળી ધન જો અનીતિથી ભેગું કર્યું હશે અથવા નબળા વ્યક્તિઓનાં શોષણથી ભેગું કર્યું હશે તો તમારા જીવનનો અને જીવનનાં મૂલ્યોનો સર્વનાશ નક્કી જ છે એમ સમજજો. કુદરતને ધ્યાનમાં રાખી દરેક કામની છણાવટ આપણે કરવી જ પડે.

જીવનમાં પૈસાની જરૂરિયાત નકારી શકાય નહિ. તેથી વ્યવસાય પસંદ કરતી વખતે ધ્યાન રાખો કે તેમાંથી પૈસા અને નિજાનંદ બંને મળે. એવો વ્યવસાય પસંદ કરો કે જે તમારા આત્માની સાથે લયબદ્ધ હોય. અને તેની સાથે કોઈ એક આદર્શ પણ મનોમન નક્કી કરો અને તે પૂરો કરવા શક્ય તેટલું બધું કરી છૂટો પછી જુઓ તમને પૈસાની સાથે સાથે યશ અને ખુશી બંને મળશે.

જીવનને ઉન્નત બનાવવા માટેનું શિક્ષણ દરેક વ્યક્તિને શાળા, સમાજ અને ઘરમાંથી મળી રહે છે. બધા શિક્ષકોએ મનથી પોતાનાં વ્યવસાયની મહત્તા સમજી પોતાની દરેક ફરજ પૂરી નિષ્ઠા અને લગનથી નિભાવવી જોઈએ. 'આચરણ એ શ્રેષ્ઠ શિક્ષક છે.' આ ઉક્તિને સાચી ઠેરવતા દરેક પ્રયત્નો વિદ્યાર્થી જોશે, અનુભવશે અને પોતે પણ તેને આચરવાનાં પ્રયત્નો કરશે. સમયનું યોગ્ય આયોજન, ફુરસદનાં સમયનો યોગ્ય ઉપયોગ, નવા વિચારોને આમંત્રણ, ચર્ચા, વાંચન, મનન, મોટાને આદર, સાથી મિત્રોને સહાય તથા તેમની સુસંવાદિતા, સત્યતા, ન્યાયી વલણ, દૃઢ મનોબળ, નવી પરિસ્થિતિમાં અનુકૂલન સાધવાની શક્તિ તથા જરાસરખી ગેરવર્તણૂકને ઊગતી ડામવાની અને હૂંફ પૂરી પાડવાની કોશિશ વિદ્યાર્થીને આવનારા ભવિષ્યમાં સાચું સુખ આપવાની ગેરન્ટી આપે છે. આપણે નક્કી કરવું રહ્યું કે આપણા વ્યવસાયમાં આપણે કઈ-કઈ બાબતો અનુસરીએ તો આગળ જણાવેલા મહાનુભાવોની જેમ જીવી શકાય, જીવન માણી શકાય.

Scanned with CamScanner

# વાચન દ્વારા જીવનવિકાસ

- કવિતા રાઠવા (ગ્રંથપાલ)

આજે માનવી યંત્રવત્ બન્યો છે. આપણે યંત્રમાનવ (રોબોટ) વિશે જાણીએ છીએ પણ હાલમાં તો મનુષ્યજ યંત્રમાનવ બની ગયો હોય તેવું ભાસે છે. જેને પરિણામે મનુષ્યની વિચારશૂન્યતા અને અસંસ્કારિતા સમાજને અભડાવી રહી છે. ડગલેને પગલે ઊભી થતી સમસ્યાઓ, પ્રશ્નો અને મૂંઝવણની જટિલતા વધતી જ જાય છે અને તેમાં માનવી એકલો અટૂલો અટવાતો રહે છે. એવા સમયે તેમાંથી ઉગારવાનું કાર્ય જુદા જુદા માધ્યમો દ્વારા કરી શકાય છે. પણ પોતાનું પોતીકું માધ્યમ જો હોય તો તે વાંચન છે. સાહિત્યનો નાનામાં નાનો અંશ પણ તે વ્યક્તિને મૂંઝવણમાંથી બહાર લાવી શકે છે. કદાચ વાંચેલું નાનું સુવાક્ય તેની મુશ્કેલીના ઈલાજનું રામબાણ બની શકે છે.

વાચનમાં એક અદ્‌ભૂત તાકાત છે. જે વ્યક્તિને વિચારવા માટે મજબૂર કરે છે. વાચન આપણી વિચાર શૃંખલાને ઢંઢોળતું હોય છે. જે વિકાસની ઊર્જાનો આધાર બની જતો હોય છે. "જ્ઞાન સમાન કોઈ નેત્ર નથી." જ્ઞાન જ એક માત્ર એવો પ્રકાશ છે. જેના આધારે મનુષ્ય પોતાના વાસ્તવિક સ્વરૂપની કૃતિ-આકૃતિની, લાભ-હાનિનો, બુદ્ધિમત્તા તેમજ મૂર્ખામીની સાચી જાણકારી મેળવી શકે છે. તેના માટે નિત્ય વાચન અનિવાર્ય છે. વાચન જ્ઞાનનું આચમન છે તે આંતરબાહ્ય વ્યક્તિત્વને શોભાવે છે. વાચન નવા વિચારોનું પ્રેરણ, નવા દૃષ્ટિકોણનો ઉદ્‌ભવસ્રોત છે. વાચન વિચાર, તર્ક અને સર્જનની તકો પૂરી પાડે છે. વાચન સુસંસ્કૃત સંસ્કારી તેમજ મૂલ્યનિષ્ઠ જીવન માટેનો રાજમાર્ગ છે. આવા સદ્‌વાચનનું ઉત્કૃષ્ટ માધ્યમ એ પુસ્તક છે. પુસ્તકનો મહિમા કે ગરિમા વિશે હર કોઈ જાણે છે. અનેક મહાપુરૂષોના ઉદ્‌ગારોમાં પુસ્તકનો મહિમા ગવાયો છે.

> "પુસ્તકનું મૂલ્ય રત્નો કરતાં પણ અધિક છે. કારણ કે રત્નો તો માત્ર બહારની ચમક બતાવે છે, જ્યારે ગ્રંથો અંતઃકરણને અજવાળે છે."
>
> - *ગાંધીજી*

> "સદ્‌ગ્રંથએ લોકોનો મણિ છે, તેના વાચનથી ચિંતા મટી જાય છે. વિષાદ દૂર થાય છે અને મનમાં સદ્‌ભાવ જાગૃત થઈ પરમ શાંતિ પ્રાપ્ત થાય છે."
>
> - *સ્વામી વિવેકાનંદ*

> "હું નર્કમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણ કે તેમાં દિવ્ય શક્તિ છે. જ્યાં તે હશે ત્યાં તે સ્વર્ગ બનાવશે."
>
> - *તિલક*

- ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, તિલક અને એવા કેટલાંય મહાન વ્યક્તિઓએ પુસ્તકોને વાંચ્યા, જાણ્યા અને માણ્યાં છે અને પુસ્તકની ગરિમાને બતાવી છે. જીવનમાં પ્રગતિ સાધી સફળ વ્યક્તિ બન્યા છે. એવાં દરેક મહાપુરુષોનાં જીવનમાં મા, શિક્ષક તેમજ શ્રેષ્ઠ પુસ્તકોનો અમૂલ્ય ફાળો રહ્યો છે. ઉત્તમ પુસ્તકો જ સાચા માર્ગદર્શક બની રહે છે. વાચન દ્વારા ઘણી વ્યક્તિઓના જીવનમાં પરિવર્તન આવ્યું હોય એવા કેટલાંય ઉદાહરણો આપણી સમક્ષ છે.

Scanned with CamScanner

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સમગ્ર વ્યક્તિત્વ પર હરિશચંદ્રની કથાનો ઉત્તમ પ્રભાવ પડયો હતો. રસ્કિનના "અન ટુ ધી લાસ્ટ" પુસ્તકે ગાંધીજીને બેરિસ્ટરમાંથી ખેડૂત બનાવ્યા. ગૃહસ્થમાંથી આશ્રમવાસી બનાવ્યા અને મોહનમાંથી મહાત્મા બનાવ્યા.
- કવિ કાલિદાસનું "શાંકુતલ" પુસ્તક વાંચી જર્મન કવિ ગેથે આ પુસ્તકને માથે મૂકીને મન ભરીને નાચ્યો હતો.
- "ભગવદ્‌ગીતા" અને "બાઈબલ" જેવા પવિત્ર ગ્રંથો આજે ઘેર ઘેર વંચાય છે. ગાંધીજીએ કહ્યું છે કે જ્યારે જ્યારે મૂંઝવણ અનુભવાય ત્યારે ગીતામાંથી માર્ગદર્શન મેળવ્યું છે.
- "રામાયણ" અને "મહાભારત" જેવા ઉચ્ચ કોટિના પુસ્તકો અને આ કથાનકો પર રચાયેલા જાણીતાં લેખકોનાં પુસ્તકો વિશાળ જન સમાજને વિશિષ્ટ દોરવણી આપી રહ્યા છે.
- કાર્લ માર્કસ્‌ના "દાસ કેપિટલ" પુસ્તક દ્વારા સામ્યવાદી સમાજનું નિર્માણ થયું અને મૂડીવાદને તિલાંજલી આપી.
- "એક્સ ટોમ્સ" પુસ્તકે કાળા ગોરાનાં ભેદને નાબૂદ કરવા માર્ટિન લ્યુથર અને અબ્રાહમ લિંકનને તૈયાર કર્યા.
- ગાંધીજીના લખાણો અને "સત્યના પ્રયોગો" તથા તેમનાં જીવનમાંથી પ્રેરણા લઈને માર્ટિન લ્યુથર કીંગ, નેલ્સન મંડેલા જેવા નેતાઓએ અન્યાયની સામે લડત આપી.
- અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા પણ ગાંધીજીના "સત્યના પ્રયોગો" અસર હેઠળ અહિંસાના સિદ્ધાંતને સ્વીકારવાની હિમાયત કરે છે.
- કાંતિ ભટ્ટ "મારા જીવનનો વળાંક" પુસ્તકમાં કહે છે કે પુસ્તકની વાત કરીએ તો આધ્યાત્મિક બાબતમાં નવ વર્ષની વયે કેદારનાથજીના પુસ્તક "વિવેક અને સાધના"એ મને સાચા આધ્યાત્મની દિશાનું ભાન કરાવ્યું. જીવનમાં ક્યારેક એવી વ્યક્તિ, પુસ્તક કે વિચારના પરિચયમાં આવવાનું બનતું હોય છે. જે જીવનના વહેણને બદલી નાંખે છે.
- ગુલાબભાઈ જાની "મારા જીવનનો વળાંક" પુસ્તકમાં લખે છે કે જસદણની પબ્લિક લાયબ્રેરીમાં દરરોજ બે ત્રણ કલાક વાંચતા અને ત્રણ વર્ષમાં લાયબ્રેરીના ઘણાંખરાં પુસ્તકો વાંચી નાખ્યાં. એ પુસ્તકોએ મારા જીવનનું ઘડતર કર્યું હતું. તેમણે વધુમાં જણાવતાં કહ્યું છે કે કુલપતિ કઝીન્સનું પુસ્તક "વી ટુ ગેધર" અને માર્કસનું "દાસ કેપીટલ" પુસ્તકની તેમના જીવનમાં ઊંડી અસર પડી.

પુસ્તકો મનુષ્યના જીવનનું ઘડતર કાર્ય કરે છે. પત્થરના ખૂણા ઘસીને જેમ હીરો બનાવાય છે. તેમ મનુષ્યના અવગુણરૂપી ગુણોને ધાર કરી શ્રેષ્ઠતમ જીવન બનાવવાનું કાર્ય પુસ્તકો દ્વારા થાય છે અને આવા કેટલાંય ઉદાહરણ આપણી સમક્ષ સમાજમાં છે કે સારા સાહિત્યનો પ્રભાવ પડયા વગર રહેતો જ નથી. તનના ઘડતરમાં જેટલું ખોરાકનું મહત્ત્વ છે તેવી જ રીતે જીવનના, ઘડતરમાં, સંસ્કારોના સિંચનમાં અને મનના ઘડતરમાં પુસ્તકનું મહત્ત્વ છે.

સારું સાહિત્ય એટલે જીવન જીવવાની કળા શીખવે, સદ્‌વૃત્તિઓને સંતોષે, પોષે અને આદર્શો, મૂલ્યો, સિદ્ધાંતો અને સદ્‌ગુણોની સ્થાપના કરે તેમજ જીવનમાં દિવ્યતા અને ભવ્યતા આવકારે છે. સફળતાની ગંગોત્રી સારા સાહિત્યમાં રચાય છે. સારું સાહિત્ય જ સદ્‌ગુણોનો સાક્ષાત્કાર કરાવે અને તેથીજ સદ્‌ગુણોના સિંચનમાં સારું શિષ્ટ સાહિત્ય સર્વોપરી છે.

Scanned with CamScanner

પુસ્તકો સારા મિત્રો બની શકે છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ તો કહે છે - "જીંદગી માણવી હોય તો પુસ્તકો સાથે મિત્રતા કરો." વાચનના શોખથી જ વ્યક્તિના વિચારોમાં અને કાર્યમાં ઘણું પરિવર્તન આવે છે. ઘણાં પુસ્તકો તો વડીલનું કાર્ય કરે છે. શ્રી જ્યોતિન્દ્ર દવેનાં પુસ્તકો હાસ્યરસ પીરસે છે. શ્રી ઝવેરચંદ મેઘાણીના લખાણો હિંમત અને બલિદાનની ભાવના શીખવે છે. ફિરેકની વાર્તાઓ જીવનનાં સત્યો સમજાવે છે. શ્રી ગુણવંત શાહના પુસ્તકો આપણને ઉમદા વિચારો અને દિવ્ય ચિંતન બક્ષે છે. શ્રી મોહમંદ માંકડના પુસ્તકો જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવનો પથ દર્શાવે છે.

કેટલાક જીવનચારિત્રો ઉદાત્ત જીવનનો સંદેશો આપે છે. ઝાંસીની રાણીની વાર્તા, વીરતા, વતનપ્રેમ અને સાહસને વાચા આપે છે. મધર ટેરેસાનું જીવન ચરિત્ર સેવાવૃત્તિના પાઠ ભણાવી શકે એવી ક્ષમતા ધરાવે છે. હેલન કેલર અપંગત્વને સર કરવાની પ્રેરણા આપે છે. મેડમ કપૂરીનું જીવન ગરીબી સાથે ઝઝૂમીને "શ્રેષ્ઠતા" પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. સ્વામી વિવેકાનંદનું જીવનચરિત્ર યુવાનોને જોશ હોંશથી ભરી દિવ્ય દિશા અને દશા નિર્ધારિત કરે છે. જુલે વર્નની "ચંદ્રની સફર" વાંચીને વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર પહોંચી બતાવ્યું એ હકીકત છે એ સારા સાહિત્યની તાકાતનું દર્શન કરાવે છે. સરસ્વતિચંદ્ર માનવીની ભવાઈ, મળેલા જીવ, પૃથ્વી વલ્લભ, ઝેર તો પીધાં જાણી જાણી જેવી નવલકથાઓના પુસ્તકો સમાજ જીવનનું અને માનવભાવોનું ઊંડું દર્શન કરાવે છે.

વાચન દ્વારા વ્યક્તિ ઘણી દિશાઓને આંબી શકે છે, પરંતુ વાચન સચોટ, સમયસરનું અને સંપૂર્ણ હોવું જોઈએ. વાચનના પ્રમાણ કરતાં પ્રભાવ, વધુ મહત્વ ધરાવે છે. વિનોબાજી કહે છે - અધ્યયનમાં લંબાઈ પહોળાઈ મહત્ત્વની ચીજ નથી. મહત્ત્વ ગંભીરતાનું અને ઊંડાણનું છે. બહુ વખત કલાકોના કલાક જાત જાતના વિષયનું અધ્યયન કરતાં રહેવું તેને હું લાંબુ પહોળું અધ્યયન કહું છું પણ સમાધિસ્થ થઈને નિત્ય નિરંતર થોડો વખત કોઈ નિશ્ચિત વિષયના અધ્યયને હું ગંભીર અને ઊંડું અધ્યયન કહું છું. એટલે કે વાચનમાં સમજણપૂર્વકના વાચન પછી ચિંતન અને મનોમંથન હોવું જોઈએ. આ પ્રકારનું વાચન લાગણીઓને સૂક્ષ્મ બનાવે છે. ધર્મ અને બુદ્ધિને જાગૃત કરે છે. હૃદયની વેદનાને તેજસ્વી કરે છે અને સમભાવ કેળવે છે.

સમય પસાર કરવા માટે વંચાતુ સાહિત્ય કે અર્થવિહિન લેખો અથવા અંગત વાતોથી વ્યક્તિને ખાસ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. ઘણી વખત આવા વાચનથી માન્યતા, વહેમ અને અંધશ્રદ્ધા વધે છે.

દરેક વ્યક્તિનું વાચન સમજણપૂર્વક અને વિવેકપૂર્ણ હોવું જરૂરી છે તો જ વાચનનો હેતુ સરે છે. વાચનના વાસ્તવિક પ્રભાવ પર પ્રકાશ પાડતા કાકા સાહેબ કાલેલકરે કહ્યું છે કે તંદુરસ્ત લોકો જેમ શેરડીમાંથી પુરેપુરો રસ ચૂસી લે છે અને નબળા સ્વાસ્થ્યવાળા લોકો શેરડી સહેજ ચાવી ચાવીને ફેંકી દે છે. તેવું વાચનનું છે. પુરૂષાર્થી કર્મપરાયણ માણસ ઓછું બોલે છે પણ બોલ્યું ધારે છે અને ધાર્યું કરે છે. તેવી જ રીતે વાંચેલું તપાસે છે. તપાસીને અભિપ્રાય બાંધે છે અને જીવનનિષ્ઠા નક્કી કરે છે. આમ, વાચનથી જીવન વિકાસને પ્રેરણા અને તૃપ્તિ મળે છે. જે પુસ્તક તમને સૌથી વધુ વિચારવા વિવશ કરે તે પુસ્તક તમારા માટે સૌથી વધુ સહાયક નીવડે છે.

"મહેંકશે જીવનપંથ, સંગ હશે જો ગ્રંથ"

Scanned with CamScanner

# FLOW LEARNING-LIFE LEARNING

- Kalpesh V. Patel
Roll No. 1

Life gives a number of experiences through which a person develops. Life is a flow of events. Life is a leader, the steps of a leader leads towards the highest pick. Flow learning is a powerful system of teaching based on some Universal principles.

"*Give me a lever long enough and a place to stand and I can move the world.*" When Archimedes said this he was emphasizing the power of the lever. Simple tools can be some of the most effective. Flow Learning, created by the world renowned nature educator Joseph Cornell, author of *Sharing Nature with Children*, is one such tool for us as educators.

Flow Learning is a simple, yet subtle and powerful system of teaching based on universal principles of awareness and how people learn. It gently guides peoples, step by step, to deeper, more profound experiences of nature. Flow Learning also is very adaptable and can be used to teach any subject matter. Its goal is to give students intuitive as well as intellectual understanding. It has four stages **Awaken Enthusiasm, Focus Attention, Direct Experience, and Share Inspiration.**

1. **Awaken Enthusiasm** – Children learn if the subject matter is meaningful, useful, fun, or in some way engages their emotions. Time spent in creating an atmosphere of curiosity, amusement, or personal interest is invaluable because once student's enthusiasm is engaged, their energy can be focused on the upcoming lesson or experience.

2. **Focus Attention** – Some student's minds can be compared to a team of wild horses running out of control. Without concentration no true learning can take place. The activities in this stage challenge the players in fun and creative ways. To successfully meet these "challenges" the players have to concentrate on one of their physical senses. In doing so, they become more calm, observant and receptive to their surroundings.

3. **Direct Experience** – Once student's interest and energy is awakened and focused, the stage is set for deeply experiencing nature. These absorbing, experiential activities have a dramatic impact that involves people directly with nature. These games help us discover a deep, inner sense of belonging and understanding. If people are to develop a love and concern for the earth, they need these direct experiences; otherwise, their knowing remains remote and theoretical and never touches them deeply.

4. **Share Inspiration** – This stage provides an interesting way for students to reflect together on what they have learned. In our fast-paced world, students and teachers alike often rush from one activity to another. Yet taking the time to reflect upon an experience can strengthen and deepen that experience. It need not take long. It can be as simple as responding to a few questions, writing a journal entry, or drawing a picture. Goethe said, "A joy shared is a joy doubled." Giving students the opportunity to share their experience increases the learning for the entire class. Sharing also brings everyone together and creates an uplifting atmosphere, making it much easier for the teacher to share inspirational ideas and stories.

Scanned with CamScanner

# જીવન વિકાસની ગંગોત્રી શિક્ષણ

– તેજલ ડી. પટેલ
રોલ નં. ૨૩

પ્રાચીનકાળમાં ઋષિમુનિઓએ ''વસુધૈવ કુટુંબકમ્''ની ભાવનાનો સ્વીકાર કરીને સમગ્ર વિશ્વને કુટુંબની દૃષ્ટિએ જોયું. વર્તમાન સમયમાં દેશ અને વિશ્વમાં વ્યાપેલી તંગદિલી અને હિંસાનો જવાબ આપણે સૌ શોધવા મથી રહ્યા છીએ. ત્યારે શિક્ષણ જગત પર સૌની નજર અટકી જાય છે. વર્તમાન સમયની અશાંતિના મૂળમાં છે. સાચા શિક્ષણનો અભાવ. સાચા શિક્ષણની જરૂર સમાજને હંમેશા રહેશે જ. સાચા શિક્ષણનો ફેલાવો કરી સર્વત્ર સુવાસ ફેલાવી શકશે પણ આ ક્યારે શક્ય બનશે ? જ્યારે શિક્ષણ અંગે ચોક્કસ દૃષ્ટિ હોય. ફિલસૂફી હોય કે દર્શન હોય. ''શિક્ષણ'' શબ્દ ખૂબ જ ગૂઢ છે. તેની વ્યાખ્યા આપવી શક્ય નથી. વિશ્વના ચિંતકો અને શિક્ષણશાસ્ત્રીઓએ ''શિક્ષણ'' શબ્દને પોતપોતાના વિચારોથી શબ્દસ્થ કરવાનો પ્રયત્ન કર્યો છે.

સોક્રેટિસે આપેલી શિક્ષણની વ્યાખ્યા મુજબ "Education means the bringing out of the ideas of Universality, which are latent in the mind of every man."

વર્ષોના પરિશ્રમને અંતે માનવજાતે જે કાંઈ પ્રાપ્ત કર્યું છે. તેના મૂળમાં ''ચિંતન'' અને ''શિક્ષણ'' રહેલા છે. તે વાતનો સ્વીકાર કરવો જ રહ્યો. પ્રગતિના મૂળમાં પરિવર્તન રહેલું છે કશુંય સ્થિર નથી. ક્ષણે ક્ષણે બદલાતું રહે છે. પળે પળે બદલાતા જગતની સાથે શિક્ષણ જગત પણ નાવિન્યસભર બને તે વર્તમાન સમયની માંગ છે અને આવશ્યક્તા પણ છે. આ પ્રકારની સ્થિતિ હોય ત્યારે સ્થળ, કાળ અને પરિસ્થિતિની બદલાતી સંકલ્પનામાં શિક્ષણ એટલે શું ? અને ચિંતન એટલે શું ? તે જાણવું અત્યંત જરૂરી બને છે. શિક્ષણ એટલે શું ? તે પ્રશ્નના ઉત્તર શોધવા ક્યારે શિક્ષણાર્થીએ જાતે જ મથવું પડે છે. પરિવર્તનના પ્રવાહની સામે ટકી રહેવા માટે યુગોથી ચિંતકો અને કેળવણીકારોએ પોતાના પ્રયાસો આદર્યા છે અને તેમાં સફળતા પણ મેળવી છે. આ સફળતાની ભૂમિ ઉપર જ શિક્ષણરૂપી ઈમારતનું નિર્માણ થયું છે.

કહેવાય છે કે કેળવણી વધે તેમ કિંમત પણ વધે છે. વ્યક્તિને માત્ર સાક્ષર નથી બનાવવો તેને કેળવવો પણ છે. સંસ્કૃતની ઉક્તિ પરથી કહી શકાય કે જો વ્યક્તિ માત્ર સાક્ષર બન્યો હશે, કેળવણી નહીં હોય તો સમાજ અને રાષ્ટ્ર માટે નુકસાનકર્તા સાબિત થશે. સમાજને શિક્ષણ દ્વારા સારો ડૉક્ટર, એન્જિનીયર કે વકીલ મળે તે તો આવશ્યક જ છે પણ તેના કરતાં પણ વધુ આવશ્યક છે સમાજને સારો માણસ મળે, સાચી કેળવણી એ જ છે. જે સમાજને સારો માણસ મેળવી આપે.

શિક્ષણને જીવનના પરમ લક્ષ્ય સાથે સાંકળતા કહી શકાય કે ''જ્યાં વિદ્યાની પ્રાપ્તિ થાય તે વિદ્યાલય''. વિદ્યા એટલે ''સા વિદ્યા યા વિમુક્તયે'' જે મુક્તિ અપાવે તે વિદ્યા. એ મુક્તિ શાનાથી ? તો કહેવાય કે અજ્ઞાનતાથી, જડતાથી, કુસંસ્કારથી, કુરિવાજથી. મારી દૃષ્ટિએ મનુષ્યમાં પડેલી સુંદર વિભાવનાઓને સુંદર ઢંગ અને આવડતથી પ્રગટ કરે તેનું નામ શિક્ષણ. જીવનને સુખી બનાવવા માટે માનસિક સૌંદર્યની આવશ્યક્તા છે. માનસિક સૌંદર્ય માટે બુદ્ધિનું સૌંદર્ય જરૂરી છે અને આત્મીય સૌંદર્ય એ અંતઃ સૌંદર્યનું હોય છે, આત્મીય સૌંદર્ય વગર બધી જ સુંદરતા પ્રાણહીન અને નિસ્તેજ બની જાય છે.

''એજ્યુકેશન'' શબ્દનો અર્થ આપણે આપી શકીએ ''ટુ ડ્રો આઉટ'' એટલે ''માનવીમાં સશક્ત અને સુષુપ્તાવસ્થામાં રહેલા ગુણો અને શક્તિઓને જાગૃત કરી યોગ્ય માર્ગે વાળવી તે શિક્ષણ.''

Scanned with CamScanner

# ભણતર-ઘડતર અને ગણતર થાય, તો જીવન કૌશલ્યોની ખિલવણી થાય.

- સીમા સી. રામી
રોલ નં. ૨૪

પ્રાચીન કાળમાં કેળવણી ઉત્પાદનલક્ષી હતી. વિદ્યાર્થી ગુરૂજીના આશ્રમમાં વિદ્યા પ્રાપ્ત કરવા જતો ત્યારે તેને ઉત્પાદન-લક્ષી પ્રજાનું શિક્ષણ અપાતું. આશ્રમની ગાયો ચરાવવી, જંગલમાંથી લાકડાં વીણવાં, ખેતીકામ કરવું, દર્ભ વીણી લાવવું, રસોઈ કામમાં મદદ કરવી, સફાઈ કરવી અને પાણી ભરવું. જેવા કાર્યો દ્વારા તે સમયમાં જીવન કૌશલ્યો ખીલવી શકાતાં હતાં. આ બધું કૌશલ્ય શિક્ષણ અનૌપચારિક રીતે પ્રાપ્ત થતું. તે ઉપરાંત બાણવિદ્યા, ગદાવિદ્યા, ખગોળવિદ્યા, જ્યોતિષ વિદ્યા જેવી અનેક વિદ્યાઓ દ્વારા વિશિષ્ટ કૌશલ્યો ખીલવી શકાતા હતા.

પ્રાચીન સમયનો વિદ્યાર્થી જીવનનાં અને પોતાનાં વિશિષ્ટ ક્ષેત્રમાં સામાન્ય અને વિશિષ્ટ કૌશલ્યો ખીલવીને હસ્તગત કરીને પછી જ સમાજમાં જતો. પરિણામે સમાજમાં નીડર, સ્વાવલંબી, સ્વનિર્ભર અને ખુમારી સાથે પ્રવેશતો. ત્યાર પછીના સમયમાં વર્ણાશ્રમને કારણે દરેક બાળકને પોતાના પરિવારમાંથી જ કૌશલ્ય શિક્ષણ અનૌપચારિક રીતે પ્રાપ્ત થતું. કાંતણકામ, વણાટકામ, લુહારીકામ, સુથારીકામ, કુંભારકામ, સીવણકામ, મોચીકામ અને ખેતીકામ જેવાં ઉત્પાદનલક્ષી કાર્યો દ્વારા જે તે વ્યક્તિને પોતાનાં કૌશલ્યો હસ્તગત કરવાની તક મળતી હતી.

સમય અને સંજોગો બદલાતાં બ્રિટિશ શાસન દરમિયાનની કારકુનિયા શિક્ષણ પ્રણાલીએ કેળવણીમાંથી કૌશલ્યો અને શ્રમનું મહત્ત્વ ઘટાડયું. મેકોલે શિક્ષણ પદ્ધતિએ ભારતની શ્રમલક્ષી કૌશલ્યલક્ષી શિક્ષણ પરંપરાને નષ્ટ કરી. તેની દૂરગામી અસરોને કારણે ભણેલો શ્રમ ન કરે અને પોતાને મોટો માને એવી મનઃ સ્થિતિ પ્રાપ્ત થઈ. બુદ્ધિજીવી અને શ્રમજીવી જેવા બે વિભાગો સમાજમાં પડયા. કેળવણી કર્મથી કરમાવા માંડી અને શ્રમથી શરમાવા માંડી. કર્મ-શ્રમ-કૌશલ્ય વિનાનો માત્ર માહિતીનું ગોખણિયું શિક્ષણ પ્રાપ્ત કરેલો વર્ગ પેદા થયો. શ્રમ અને કૌશલ્ય તરફની સૂગ ઊભી થઈ.

બીજી તરફ વંશપરંપરાગત વ્યવસાયો નષ્ટ થતાં પરિવારમાંથી મળતી એ કેળવણી પણ નષ્ટ થઈ. આપણો બાળક જ્યારે છ વર્ષની ઉંમરે શાળાએ ગયો ત્યારે દોડતો-નાચતો-કૂદતો-ગાતો ગયો હતો. સ્નાતક થઈને તે પંગું-મૂંગો-નીરસ બનીને બહાર આવ્યો. વ્યક્તિમાંથી કૌશલ્ય અને શ્રમ કરતાં બેકારીનું પ્રમાણ વધ્યું. અંગ્રેજો તરફથી આપણને બેકાર બનવાની કેળવણી મળી.

અંગ્રેજી કેળવણીના દોષો બતાવીને ગાંધીજીએ તેના વિકલ્પમાં "નઈ તાલીમ"ની સમગ્ર કેળવણીની પ્રણાલી આપી. રવિન્દ્રનાથ ટાગોર, મહર્ષિ અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ, વિવેકાનંદ અને રાધાકૃષ્ણને પણ અંગ્રેજી શિક્ષણ પ્રણાલી સામે રોપ વ્યક્ત કરી શિક્ષણની ભારતીય સંકલ્પના મૂર્તિમંત કરી કૌશલ્યલક્ષી શિક્ષણની આજે તાતી જરૂર છે.

કૌશલ કે કૌશલ્ય શબ્દનો અર્થ : કુશલપણું, પ્રાવીણ્ય એવો થાય છે. કહેવાય છે કે પ્રાચીન સમયમાં

Scanned with CamScanner

વિદ્યાર્થી ગુરૂના આશ્રમે વિદ્યા પ્રાપ્ત કરવા જતો ત્યારે તેને જંગલમાંથી તેને ઘાસ લાવવાનું કાર્ય સોંપાતું. જે વિદ્યાર્થી પોતાના હાથમાં ચીરો ન પડે એ રીતે ઘાસ લાવે તે "કુશલ" કહેવાતો. આપણે આજના શિક્ષણમાં કૌશલ્યની ખિલવણી થાય તેવું આયોજન કરવું જોઈએ. કેળવણી દ્વારા ભણતર-ચણતર-ઘડતર અને ગણતર થાય તો જ જીવન કૌશલ્યોની ખિલવણી થાય અને તો જ વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય.

ગાંધીજીએ આ જ વાત સરળ રીતે સમજાવતાં કહ્યું છે : "હવે સમજાઈ જવું જોઈએ કે, મહાવિદ્યાલયની કેળવણીને હું કેમ અને કઈ શરતે વધાવું છું. મારી કલ્પનામાં મહાવિદ્યાલયમાં કડિયા, સુથાર, વણકર નહિં હોય. મહાવિદ્યાલયના વણકરમાંથી કબીરની, મોચીમાંથી ભોજા ભગતની, સોનીમાંથી અખાની, ખેડૂતમાંથી ગુરુ ગોવિંદની આશા રાખું છું. આ ચારેયને હું બૌદ્ધિક કેળવણી પામેલા ગણું છું." ગાંધીજીની આ માર્મિક વાત આપણે મનન કરવા જેવી છે. કૌશલ-શ્રમ-બુદ્ધિ-ભક્તિના સમન્વયની વાત એમાં રહેલી છે.

એકવીસમી સદીના શિક્ષણમાં અર્થગ્રહણાત્મક કૌશલ્ય, અભિવ્યક્તિ કૌશલ્ય, વિજાણુ સાધનો ઓપરેટ કરવાનું કૌશલ્ય, વ્યવસ્થાપન કૌશલ્ય, સ્વાસ્થ્ય કૌશલ્ય, ઊર્મિ નિયંત્રણ કૌશલ્ય અને સામાજિક લોકશાહી જીવન કૌશલ્ય જેવા કૌશલ્યોને વહેલી તકે કેળવણીની સમગ્ર પ્રક્રિયામાં સ્થાન આપી આજની કેળવણીને જીવનલક્ષી બનાવવી જોઈએ.

"Reading is a basic tool in the living of a good life."
- *Mortimer J. Adler*

"Of all the diversions of life, there is none so proper to fill up its empty spaces as the reading of useful and entertaining authors."
- *Joseph Addison*

Scanned with CamScanner

# કેળવણી

- જયેશ એન. પરમાર
રોલ નં. ૧૧

*"માણસને માણસાઈનું ભાન કરાવે તે મારી દૃષ્ટિએ કેળવણી."*

તમારા મતે કેળવણી પોપટ જેવી ન હોવી જોઈએ. વિદ્યાર્થીઓના દિલનો અને શરીરનો એક તાર થાય, તેના તન અને મનનો વિકાસ થાય તે કેળવણી ! બૌદ્ધિક પાસાની સાથે શારીરિક શ્રમના પાસા પ્રતિ પણ લક્ષ્ય અપાય તે કેળવણી ! શિક્ષણ શારીરિક અને માનસિક કેવળણી સાથે સાથે અપાય તેવું હોવું જોઈએ.

વિદ્યાર્થીઓએ હાથ પગનો વધારે ઉપયોગ કરવો જોઈએ. મગજ અને હાથ પગ વચ્ચે અંતર ન જોઈએ. જગતમાં તરવું હોય તો હાથ-પગ ઉપર જ ભરોસો રાખો. મહેનત સાથે મહોબ્બત રાખો, જેનું શરીર કેળવાય છે, તેનું મગજ પણ સાથે ખીલે છે. બુદ્ધિનો એકલો વિકાસ નકામો છે, તેથી જગતને ફાયદો નથી. બુદ્ધિ સાથે શારીરિક શ્રમ માટેનો પ્રેમ ખીલવો જોઈએ. ઉદ્યોગ અને વિદ્યાનો એકતાર થતાં અદ્‌ભૂત શક્તિ ઉત્પન્ન થાય છે.

મારા મતે કેળવણી બે પ્રકારની છે. એક કેવળણી માણસને માણસાઈનું ભાન કરાવે છે. બીજી કેળવણી માણસની માણસાઈ લઈ લે છે. એક માણસને પુરૂષ સ્ત્રીને તેના ધર્મ પ્રતિ જાગૃત કરે છે. જ્યારે બીજી માણસને મદમાં ચકચૂર કરે છે. માનવને માનવ બનાવે, માનવને માનવી તરીકે બજાવવાના ધર્મ પ્રત્યે જાગ્રત કરે તે કેળવણી ! પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન ! એટલું પણ વિદ્યાર્થી શીખી લે તો તે કૉલેજનો સારામાં સારો સ્નાતક થઈ શકે. સંપ કેળવતાં, ચારિત્ર્ય ખીલવતાં શીખવે તે કેળવણી ! વિદ્યાર્થીઓમાં નાનપણથી મનુષ્યની ભાવના જાગ્રત કરે તે કેળવણી !

જે વિદ્યાર્થીની વાણીમાં મીઠાશ લાવે છે, આચાર વિચારમાં વિનય અને વિવેક લાવે છે, ઊંચા પ્રકારની સભ્યતા બક્ષે છે. સંસારમાં શોભે તેવા ચારિત્ર્યવાન બનાવે છે તે કેળવણી ! પરોપકાર પ્રામાણિક્તા, શીલ, નમ્રતા, શ્રદ્ધા, નિષ્ઠા, સ્વચ્છતા, સંપ, વિનય, વિવેક વગેરે ગુણો કેળવણી દ્વારા વિકસવા જોઈએ. તન, મન અને આત્માનો સાચો વિકાસ કરે, તે જ સાચી કેળવણી ! વિદ્યાર્થીનો શારીરિક, માનસિક અને નૈતિક વિકાસ કરે તે કેળવણી !

કેળવાયેલ વ્યક્તિ તેના સમાજથી અલગ ન રહેવી જોઈએ, વ્યક્તિની કેળવણીનો લાભ તેના સમાજને મળવો જોઈએ. ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓ એ ન ભૂલે કે જે કેળવણી તેઓ પ્રાપ્ત કરે છે, તેમાં તેમના ગરીબ ભારતવાસીઓનો પણ હાથ અને સાથ છે, તેમના પરસેવાથી આ કેળવણી મળે છે, જેથી મોટર જોઈને જેમ બળદ ભડકે તેમ ઉચ્ચ કેળવણી લીધેલ વિદ્યાર્થીથી ગરીબ ભડકે તેમ ન બનવું જોઈએ. વિદ્યાર્થીને જે કેળવણી મળી છે, તે બીજાને આપવા તૈયાર રહેવું જોઈએ.

શિક્ષકે તો ગામના હૃદયના માલિક થવું જોઈએ. ગામમાં થતા કજિયા પતાવવા જોઈએ, વહેમીના વહેમ દૂર કરવા જોઈએ. બેકાર માણસને માર્ગ બતાવવો જોઈએ. બાળકને જ્ઞાન આપવું જોઈએ. શિક્ષિત વ્યક્તિ હોય ત્યાં ગામ ચાંદી જેવું સ્વચ્છ હોવું જોઈએ, લોકોની આળસ દૂર કરવી જોઈએ.

મારી દૃષ્ટિએ શાળામાં ચાર-પાંચ કલાકની કામની વેઠ ઉતારે એ શિક્ષક નથી. શિક્ષક તો ગામનો સ્તંભ છે. શિક્ષક તો શાળામાં બાળકોને જ્ઞાન આપનાર, ગામને દોરવણી આપનાર, સમાજોપયોગી કાર્યોમાં આગેવાનીભર્યો ભાગ ભજવનાર વ્યક્તિ છે. શિક્ષકે તો સાચા અર્થમાં સમાજના નેતા તરીકેની જવાબદારી વહન કરવાની છે. શિક્ષકે તો મધમાખીની જેમ જેટલું મીઠું છે, સારું છે, એ લઈ લેવાની વૃત્તિ રાખવી જોઈએ. શિક્ષક ઓછું કે પાતળું શિક્ષણ આપે તો ચાલી શકે, પણ એના ચારિત્ર્યનો પ્રભાવ પડતો હોય તો તે ધાર્યું કરી શકે. શિક્ષકે પોતાનું જીવન જેટલું બને તેટલું નિર્મળ કરવું જોઈએ, કારણ કે શિક્ષકે તો વિદ્યાર્થીના વ્યક્તિત્વનું ઘડતર કરવાનું છે.

Scanned with CamScanner

# શિક્ષણની હાટડીઓ મંડાઈ છે ત્યારે.....

- નિલેશ જે. તિવારી
રોલ નં. ૨૯

ખાનગી પ્રાથમિક શાળામાં પણ ભણાવવા માટે શિક્ષકોની અમુક લાયકાતો નક્કી કરવામાં આવી છે. શાળા ખાનગી હોય કે સરકારી હોય કે પછી સરકારની ગ્રાન્ટ મેળવતી હોય એણે શિક્ષકોની ભરતી કરતી વખતે લઘુત્તમ લાયકાતોનું પાલન કરવાનું હોય છે પણ જે આંકડાઓ મળ્યા છે એ પ્રમાણે આ સ્થિતિ દયાજનક કરતાંયે ભયજનક વધુ છે. શિક્ષણ સાથે સંકળાયેલા સહુ કોઈ એ વાતનો અવશ્ય સ્વીકાર કરશે કે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતાં પણ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ભણાવવાં એ અઘરું કામ છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એમની સમજ અનુસાર અને એમના સ્તર સુધી પહોંચીને શિખવાડવું એ ખરેખર અઘરું કામ છે. આ કાર્ય એક વિશેષ સજ્જતા માંગી લે એવું છે, એની પણ ના પાડી શકાય એમ નથી. આપણા ઘરનો જ દાખલો એમાં લેવા જેવો છે. નાનું બાળક હોય એને ગળે કોઈ વાત ઉતારતાં આપણને ઘણી મુશ્કેલી નડતી હોય છે. એને સમજાવવો એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું લાગે છે. આ તો એક બાળકની વાત થઈ. વર્ગખંડમાં આવા પચાસ-સાઠ બાળકો ભેગા થાય ત્યારે એમની સાથે પનારો પાડવો એ કેટલી વખત લોઢાના ચણા ચાવવા જેવું થાય ? વિચાર કરી જુઓ.

પ્રાથમિક શિક્ષણ એ પાયાનું શિક્ષણ છે. પાયો તો મજબૂત જ હોવો જોઈએ તો જ આખી ઈમારત અડીખમ ઊભી રહી શકે પણ આપણે આ જ પાયાની વાતની ઉપેક્ષા કરીએ છીએ. યોગ્ય લાયકાતવાળા શિક્ષકોના અભાવે પાયાનું ચણતર જ આપણે એવું નબળું કરી મૂકીએ છીએ કે ઈમારત ઊભી થવાની વાત તો દૂર રહી પણ એ ઊભી થાય એવી શક્યતા પણ નહિવત્ જ બચે છે ! ખાનગી શાળાઓમાં શા માટે લાયકાત વિનાના શિક્ષકોની ભરતી કરવામાં આવે છે ? એક બાજુ ખાનગી પ્રાથમિક શાળાઓ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે છે, દરેક શેરી કે મહોલ્લામાં એકાદ નર્સરી સ્કૂલ જોવા મળે છે. આ બધું જ મંજૂરી વગર થતું હશે ? કે પછી ઈરાદાપૂર્વક આંખ આડા કાન કરવામાં આવે છે જો આમ જ આંખ આડા કાન કરતા રહીશું તો ભવિષ્ય આડું ફરી જાય ત્યારે માથે હાથ દેવા સિવાય બીજું કંઈ થઈ શકવાનું નથી કારણ કે આપણે પાયો મજબૂત કરતી વખતે જ પાયાની ઉપેક્ષા કરી હતી !

ખાનગી પ્રાથમિક શાળાઓ જેવી જ હાલત સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોની છે. સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોનું પણ બિલાડીના ટોપ જેવું જ છે અને ત્યાં જે અધ્યાપકોની પસંદગી થાય છે, એની લાયકાત સામે પણ ઘણાં બધાં પ્રશ્નો થઈ શકે એમ છે. ખાનગી પ્રાથમિક શાળા હોય કે પછી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ હોય, એમને ખરેખર યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો નહિં મળતા હોય ? કે પછી એમનો કોઈ ઈરાદો જ લાયકાત ધરાવનારાઓને નોકરી આપવાનો નહિ હોય ? આ સાથે એક બીજા પ્રશ્નનો પણ વિચાર કરવો જોઈએ કે ખાનગી શિક્ષણ સંસ્થાઓના સંચાલકો શા માટે આવો મલિન ઈરાદો સેવે છે ? સરકારી ગ્રાન્ટના અભાવે સંસ્થાનો ખર્ચ નિભાવવા માટે એમની પાસે એક જ સ્રોત છે વિદ્યાર્થીઓની ફી. પરિણામે આવી સંસ્થાઓમાં ફીનું સ્તર પણ ઘણું ઊંચું હોય છે. પણ મુદ્દો એ છે કે ઊંચી ફી પડાવી લીધા બાદ પણ આવી સંસ્થાઓ યોગ્ય ઉમેદવારને તક આપતી નથી. જો શિક્ષક તરીકેની યોગ્ય લાયકાત ધરાવનાર મળી પણ જાય તો એ જે પગાર માગશે એ આપવાની સંચાલકોની તૈયારી હોતી નથી. સંચાલકો જે પગાર આપવા માંગતા હોય છે એમાં બિનલાયક શિક્ષકો જ મળી રહેવાના કે જે પેલા પાયાને ઉધઈની જેમ કોરી ખાય છે અને આખી ઈમારત કકડભૂસ થતા વાર નથી લાગતી.

ટૂંકમાં શિક્ષણની હાટડીઓ અત્યારે ઠેર ઠેર મંડાઈ છે અને એમાં આઈ.એસ.આઈ. માર્કા સિવાયનું બધું ખુલ્લે-આમ મળે છે અને આશ્ચર્યની વાત તો એ છે કે એને લેનારાઓનો તોટો નથી.

Scanned with CamScanner

# જીવનલક્ષી શિક્ષણ

- *પંચાલ વૈશાલી બી., રોલ નં. ૩૬*

* આજનું શિક્ષણ પરીક્ષાલક્ષી શિક્ષણ છે તેમાંથી જીવનલક્ષી શિક્ષણ તરફ જવાનું છે.
* જીવનમાં સફળ થવું હોય તો તેનો પાયો પ્લાનિંગ છે માટે કોઈપણ કાર્ય કરતા પહેલાં સાધ્યની સ્પષ્ટતા જરૂરી છે.
* માનવજાતને ટકાવવી હોય તો ઈશ્વર પછીનું કોઈ પરિબળ બચાવી શકે તેમ હોય તો તે જ્ઞાન, આત્મજ્ઞાન અને સાહિત્ય જ છે, જે શિક્ષણમાંથી મળે.
* માણસ પ્રકૃતિની વચ્ચે તો જીવે છે પણ પ્રકૃતિ પ્રમાણે જીવતો નથી. માણસ સંસ્કૃતિને આધારે જીવે છે. સંસ્કૃતિ સંસ્કારથી નક્કી થાય. સંસ્કાર માટે શિક્ષણ જરૂરી છે.
* આપણને પાનબાઈના ભજન અને આપણા રાષ્ટ્રપતિજી ડૉ. અબ્દુલ કલામ પાસેથી પણ શિક્ષણ મળે છે. દેશમાં પોણો ટકો વ્યક્તિઓ હાયર એજ્યુકેશન મેળવે છે છતાં આપણે ત્યાં વ્યક્તિઓ પોતાની આવડતના જોરે વિશ્વ પ્રસિદ્ધ છે. હિન્દુસ્તાનનું શિક્ષણ એ કૉલેજોમાં બંધાયેલું નથી. એ સમાજમાં રહેલા ગુરૂઓને લીધે થયું છે.
* જેની આપણને ખબર નથી. તેની ખબર મેળવવાની કોશિશ કરો છો ત્યારે જ્ઞાન મળે છે અને જ્યારે જ્ઞાન મળે છે ત્યારે અંદર પ્રકાશ-પ્રકાશ થઈ જાય છે. એટલા માટે વિનોબાજીએ જ્ઞાન અને અધ્યાત્મ વિદ્યા બંનેની વાત કરી છે.
* અત્યારે આપણે માહિતી એટલી ઠાંસી-ઠાંસીને આપીએ છીએ કે પછી તે માહિતીનો ઉપયોગ ક્યાં કરવો તે ભૂલી જઈએ છીએ. માહિતી યાદ રાખવામાં અને ગોખવામાં જ આપણો સમય અને શક્તિ વેડફાઈ જાય છે. તમારી પાસે જે જ્ઞાન, સંપત્તિ છે તે કયાં અને કેમ વાપરવા તે શીખવું અગત્યનું છે.
* શિક્ષકનું શિક્ષકત્વ એ છે કે મારે શું ભણાવવાનું છે તેની સ્પષ્ટતા હોવી તે છે. જે ભણાવો છો તે એકમનો ક્યાં સંબંધ છે તે શોધી કાઢો.
* ઉપનિષદોએ એક વાત ખૂબ સરસ રીતે સમજાવી છે કે શિક્ષણ તો જ ઊગે -
  - ભણનારને આનંદ આવવો જોઈએ.
  - જે ભણી રહ્યો છે તે વિષય વસ્તુની ઉપયોગિતા તેના જીવનમાં કઈ જગ્યાએ છે.

ગાંધીજીએ એટલા માટે કહ્યું કે આ વિશ્વને મારી જો ઉત્તમ ભેટ હોય તો તે મેં આપેલો નઈ તાલીમનો વિચાર, તેનું હાર્દ છે જીવતા જીવન સાથેનો અનુબંધ.

"જે શિક્ષણ જીવાતા જીવનના પ્રશ્નો નથી ઉકેલી શકતું તે વાંઝણું શિક્ષણ છે."

જીવતા જીવન સાથેનો અનુબંધ એટલે જે કક્ષાએ જે વિદ્યાર્થીને ભણાવો છો તેને અંદરથી ખાતરી થવી જોઈએ કે હું જે ભણી રહ્યો છું એ ઉપયોગી છે. આજનું શિક્ષણ વિદ્યાર્થીઓને કન્વિન્સ નથી કરાવતું કે તું જે ભણી રહ્યો છે તે તેને ઉપયોગી છે.

* જે બાળકોને સ્થાનિક ભૂગોળની ખબર નથી એ શિક્ષણ કોઈ કામનું નથી.
* કેળવણી આખી પ્રક્રિયા છે. તેમાં અનુભવ પાયો છે. અનુબંધ અને અનુભવ વગરનું શિક્ષણ નકામું છે. વિષયવસ્તુ અને અભિગમ બંને અભ્યાસક્રમના પાયા છે.
* માઈકલ એન્જેલોએ કહ્યું હતું કે -

"કલાકાર તરીકે મને કલા જ દેખાય છે. દરેક માટીમાં મૂર્તિ છૂપાયેલી છે. શિક્ષકો તરીકે આપણે માત્ર વધારાની માટી દૂર કરવાની છે."

શિક્ષકના દરેક તબક્કે શ્રમ તો હોવો જ જોઈએ, એ સિવાય શિક્ષણ વાંઝિયું છે. બાળકોને દફતરના ભાર કરતાં અસમજણનો ભાર વધારે છે. પાઠ્યપુસ્તક બનાવતી વખતે તમારા દીકરા-દીકરીઓને નજરમાં રાખજો.

Scanned with CamScanner

# મૂલ્ય શિક્ષણ

– મકવાણા ઘનશ્યામ કે.
રોલ નં. ૩૫

## આધ્યાત્મિક મૂલ્યો

દરેક મહાન સંસ્કૃતિ પાસે શિક્ષણના હેતુ વિશેના તેના પોતાના ખ્યાલો હોય છે. ગ્રીકોએ બૌદ્ધિક સજ્જતા અને સૌંદર્યની પરિપૂર્ણતા વિષે વિચાર્યુ હતું રોમનોએ નાગરિક દેશભકિત, રાજ્ય પ્રત્યેની વફાદારી એ જ સાચા શિક્ષણના આદર્શો હોઈ શકે એમ વિચાર્યુ. જયારે આપણે શિક્ષણને લોકોને ઉચ્ચતર જીવન માટેની દીક્ષાના, જેઓ એક વખત જનમ્યા છે. તેમનો બીજો જન્મ કરાવવાના સાધન તરીકે જોઈએ છીએ. આ જ આદર્શ શરૂઆતની સદીઓથી આપણા દેશને પ્રેરિત કર્યો છે. માનવીને તે જે સ્થિતિમાં છે. તે સ્થિતિમાંથી ઊંચો ઉઠાવવાનો જ છે. જે અપૂર્ણ છે. તેને પૂર્ણતાએ પહોંચાડવાનો જ છે. કુદરત પાસે આયોજિત વિકાસની યોજના હોય છે. જેવી રીતે એક બુદ્ધિશાળી માણસ એક પશુ કરતા તદ્દન જુદો હોય છે. તેવી જ રીતે એક આધ્યાત્મિક માનવી બુદ્ધિશાળી માનવી કરતા જુદો હોય છે. માનવીને તે બુદ્ધિ-ઈચ્છા-લાગણીઓ ધરાવતો હોઈને, સંકુચિત અહંવાદી ભૂમિકાને બદલે ઉચ્ચતર ભૂમિકા ઉપરથી કાર્ય કરવા શક્તિમાન બનાવવો એ જ સૌથી મહત્ત્વની બાબત છે.

બૌદ્ધિક ભૂમિકામાંથી તેજોમય ચેતનાની ભૂમિકા ઉપર પહોંચેલા સંતરૂપમાં અભય, અસંગ અને અહિંસા આ ત્રણ ગુણો હોય છે.

### (૧) અભય :-

અભય એટલે ભયમાંથી મુકિત એ એવી વસ્તુ છે. જે આપણે આપણા જ્ઞાનને વધારે ગહન બનાવીને અને વધારે વિશાળ દુનિયામાં ઉછરીને પ્રાપ્ત કરીએ છીએ. બુદ્ધિએ એટલી હદે વિકાસ કરવો જોઈએ કે જે દ્વારા દિવ્ય તેજથી પ્રકાશિત બને ભયથી મુક્ત બને.

### (૨) અસંગ :-

અસંગ એટલે આશકિત-રહિતતા આ એ માર્ગ છે. જે માર્ગે આપણે આ દુનિયામાં કાર્ય કરવું જોઈએ. "આ દુનિયામાં હું જે કાર્ય કરૂ છું,તે એ સર્વોચ્ચ પરમાત્મા પ્રત્યેની પ્રીતિથી તેના પ્રત્યેની ભકિતથી કરૂ છું" આ ભાવથી કર્મ કરવાની વૃતિ. ઈચ્છાશકિતને એટલી મજબૂત અને દૈવી ઉદ્દેશને અનુસરતી બનાવવી જોઈએ કે જેને પરિણામે આસકિતમાંથી આપણી જાતને મુકત બનાવીએ.

### (૩) અહિંસા :-

અહિંસા એટલે ધિક્કારમાંથી મુકિત એ પ્રેમની ખેતી છે. લાગણીઓ સમગ્ર વિશ્વમાં વિસ્તારવી જોઈએ પ્રેમનો સિદ્ધાંત આપણને ચેતનવંતો બનાવવો જોઈએ અને આપણે કોઈ પણ પ્રકારના ધિક્કારથી મુકત બનવા જોઈએ આ છે અહિંસા.

Scanned with CamScanner

**(૪) આંતરિક ક્રાંતિ અને સમર્પણ :-**

સ્વાર્થી દૃષ્ટિબિંદુથી કામ ન કરવું. પરંતુ સર્વોચ્ચ પરમાત્મા સાથે તમે જડમૂળથી જડાયેલા રહો અને તમારી દરેક પ્રવૃતિ એ કેન્દ્રમાંથી જ કરો તે રીતે તમારી સઘળી શકિતઓનો વિકાસ કરવાનું કહે છે. તેમ કર્યા પછી જીવનની ચડતી-પડતી વિવિધ પરિવર્તનો તમને દુઃખ નહીં પહોંચાડે, મનની શાંતિને ખલેલ નહીં પહોંચાડે, કારણ તમે તો ત્યારે પરમાત્મા સાથે દૃઢતાપૂર્વક સંકળાયેલા હો છો. આમ, કોઈ પણ કાર્યમાં કે એકાંતપણામાં શાશ્વત સાથીદાર સતત હાજર હોય છે. એ ભાવથી અને સંપૂર્ણ સમર્પણના ભાવથી રહીશું તો આ દુનિયામાં કોઈના સાથમાં ટોળામાં કે એકલા અને એકાંતમાં પણ આનંદિત રહીશું

**(૫) "તપ" ના સાધના :-**

પાણિની કહે છે. કે તપ એટલે "આલોકન" તે પરાવર્તન છે. તે જીવનનાં અર્થ ઉપર એકાગ્ર થવાનું છે. આપણામાંના ઘણાં એમ માને છે કે, તેઓ સત્યની ખોજ કરી રહ્યા છે. પરંતુ વાસ્તવમાં તેઓ સત્યથી ઘણાં વેગળા હોય છે. જયાં સુધી માનવી દુનિયામાંથી પોતાની જાતને ખેંચી લઈને; કોઈ પણ પ્રકારનાં માનવીય સંકટને પહોંચી વળવા માટે જે સમર્થ છે. તે દૈવી ઉપસ્થિતિને પ્રાપ્ત ન કરી શકે ત્યાં સુધી તે સત્યનો સેવક છે. તેમ કહી શકે નહી. આ માટે સારી પેઠે આત્મ-પરીક્ષણ કરવું અનિવાર્ય છે. અને તે માત્ર ધ્યાન દ્વારા/બૌદ્ધિક પ્રયત્નો દ્વારા થઈ શકે.

**(૬) મનનું મંથન :-**

તમારી સમગ્ર પ્રકૃતિનું પુનઃનિર્માણ કરવા માટે તમારા હૃદયને વિવરણની પ્રકિયામાંથી પસાર કરીને જ, સત્યને જાણી શકો છો તે સહેલું છે. પરંતુ શકય તો છે જ.

**(૭) સમાનતાની ભાવના :-**

નાનું બાળક કોઈપણ પ્રકારના ગર્વથી, પૂર્વગ્રહથી, ધાર્મિક સંકુચિતતાથી કે એવી કોઈ બાબતથી સંપૂર્ણપણે મુકત થયેલું છે. આપણે જ તેને ખોટા વિચારો આપીએ છીએ. ભાવના એ સમાનતાથી પરમાત્માનાં સત્યસ્વરૂપનો સ્વયંસિદ્ધ સિદ્ધાંત છે.

**(૮) જીવ અને શિવના એકાત્મભાવનો સ્વીકાર :-**

પરમાત્માને તમારા પોતાનામાં જ મેળવવાનો છે. મૂર્તિઓમાં નહી. જયાં જયાં તમને જીવ મળે, ત્યાં ત્યાં શિવ મળે. શિવ એટલે દરેક માનવીમાં વસનાર એ દિવ્ય હસ્તી.

આ છે. આવશ્યક આધ્યાત્મિક મૂલ્યો. ભયમાંથી મુકિત, આસકિતમાંથી મુકિત, ધિક્કારમાંથી મુકિત, બુદ્ધિ, લાગણી, ઈચ્છા આ ત્રણે તત્ત્વોને એવી રીતે પરિવર્તિત કરવાના છે. કે તે પ્રેમ, સમર્પણ અને અભયનાં ત્રણ મહાન ગુણોને વ્યકત કરે દરેક સંસ્થા આ કરી શકે છે. શિક્ષક પોતાના બાળકોને કઈ રીતે ભણાવે છે. તેના પર આ મૂલ્યોનો આધાર રહેલો છે.

Scanned with CamScanner

# મૂલ્ય શિક્ષણ

- ભાણાભાગવાનવાલા માલા
રોલ નં. ૩૧

વેદાન્તિ મૂલ્યો :-

પ્રથમ વેદાન્ત શબ્દનો અછડતો અર્થ સમજીએ તો આર્યો, પંજાબ, ઉત્તરપ્રદેશ અને બિહારમાં ઠરીઠામ થયા ત્યારની વાત છે. આ વાત છે. વૈદિક સાહિત્યની સમાપ્તિનો એ સમય હતો ત્યારે આર્યોએ માનવનું વિશેષ અધ્યયન શરૂ કર્યુ. બહારથી પ્રકૃતિરમ્યતામાંથી તેઓ આંતરિક અદ્‌ભૂતતા તરફ વળ્યા. પ્રશ્નો અને પ્રતિપ્રશ્નો દ્વારા એમણે માનવમનના ભીતરી પ્રકાશને પામવાની ખોજ શરૂ કરી પૂરે પૂરી નિર્ભયતાથી અને અપૂર્વ સાહસથી એમાં સતત રત રહ્યા.ફળ સ્વરૂપે "ઉપનિષદો" ઉદ્‌ભવ્યાં એ જ આ "વેદાન્ત-વેદનો અંત-વેદોનું સારતત્વ" છે. આ શોધ પ્રકિયા ભારતમાં કયારેય અટકી નથી અને હજુ આજેય એ ચાલુ જ છે. આ "વેદાન્ત" બીજ સ્વરૂપે વેદોમાં રહેલું જ હતું.

વેદાન્તમાં અનેક મૂલ્યો આપેલા છે. પરંતુ શિક્ષણમાં વેદાન્તિક મૂલ્યોની પસંદગીમા ત્રણ શરતો છે. સ્થાપિત્વ, શાળા-મહાશાળામાં વિનિયોગ ક્ષમતા અને આજના સમયમાં તેની પ્રસ્તુતતા આ ચિરંજીવ મૂલ્યો કોઈ એક ભૂમિભાગના નથી, પણ સાર્વત્રિક-વૈશ્વિક છે. જે આ મુજબ છે.

**(૧) ભેદની ભીંતોને ભાંગી નાખો :-**

સમાજની સુવ્યવસ્થા માટે પાડેલાં વર્ણ વિભાગોનો મૂળ આધાર "ગુણ કર્મ હતો" ઋગ્વેદ કાલીન એકજ વર્ણ-જાતિમાંથી સમાજ સુવ્યવસ્થાની સગવડ ખાતર પાછળ થી ચાર વર્ગો થયા હતા. પણ ઉચ્ચનીચનાં ભેદભાવ વગરની આ વૈજ્ઞાનિક સુવ્યવસ્થામાં કાળાંતરે આનુવંશિકતાનું ભયંકર દૂષણ પ્રવેશી ગયુ અને એ સડાને પરિણામે સમાજ છિન્ન-ભિન્ન અને હૂંસાતૂંસીની ભેદભાવભરી ભીંતોવાળો બની ગયો આ ભીંતો ચણવા પાછળ સમાજ પર વર્ચસ્વ જમાવવાની દોટ હતી. અને રકતશુદ્ધિનું બહાનુ હતું આ ભીંતોને ભાંગવાનો સમય આજે પાકી ગયો છે. તો જ નાતજાતનો ઊંડા મૂળનો આ સડો દૂર થશે. શાળા-મહાશાળાઓનાં વિદ્યાર્થીઓમાં આ વેદાન્તી મૂલ્યનું પ્રતિસ્થાપન આજે અનિવાર્ય બન્યું છે.

**(૨) પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કેળવો :-**

કેવળ વર્ગની ચાર દીવાલોમાં ગોંધાઈ રહેલા અને સ્વકેન્દ્રી છાત્રોમાં આ મૂલ્ય સ્થાપવાની પણ જરૂર છે. પ્રકૃતિનું નિરીક્ષણ, પરીક્ષણ આસ્વાદ અને છેવટે તાદાત્મય શિષ્યે કેળવવું જ રહ્યું. કાલીદાસની અમરતાનું આ જ રહસ્ય છે. રવીન્દ્રનાથે ભારતીય સંસ્કૃતિને તપોવનની સંસ્કૃતિ કહી છે. અબ્રાહમ લિંકન કહેતા: "નાસ્તિક માણસ ને ખુલ્લા આકાશ તળે રાત્રે તારાઓનું નિરીક્ષણ કરાવજો, એ આસ્તિક થઈ જશે" આ સાથે કવિ કરસનદાસ માણેકની કાવ્ય પંકિતઓ પણ યાદ આવી જાય;

"વસંત વર્ષા ગ્રીષ્મ શરદના ભેદ બધાય ભુલાણાં;
તે દિન આંસુભીનાં રે હરિના લોચનિયાં મે દીઠાં!

**(૩) સ્વજીવનની સાથે જ પરજીવનનો આદર :-**

ઈશોપનિષદનું " જિજીવિશેચ્છતં સમા:" વેદોના "શતં જીવમ્ શરદ:" જેવા મંત્રો સ્વજીવનના આદરની શીખ આપે છે. તો વળી "મા હિસ્યાત સર્વા ભૂતાનિ" જેવા અનેક વેદમંત્રો પર જીવનનો આદર

Scanned with CamScanner

કરવાનો સંદેશ આપી જાય છે. "આમ જીવો ને જીવવા દો"નું આ વેદાંત મૂલ્ય આજના આપઘાત અને હત્યાના વમળમાં સંપડાયેલ માનવને હોંશમાં લાવશે.

(૪) ત્યાગ :-
આ પણ એક પાયાનું વેદાન્ત મૂલ્ય છે. ઈશાવાસ્યોપનિષદ કહે છે કે "તેન ત્યક્તેન ભુંજીથા:" શ્રી રામકૃષ્ણદેવ ગીતાના સારરૂપે ત્યાગને જ મહત્ત્વ આપતાં અને "ગીતા"નું "તાગી" કરીને બોધ લેવા સૂચવતા આ ત્યાગનો અર્થ મોટી ઉપલબ્ધિ માટે નાની ઉપલબ્ધિનો ત્યાગ કરવો જોઈએ એવો થાય છે. લક્ષ્યની પ્રાપ્તિ માટેનો દૃઢ નિશ્ચય અને એ માટે કરવા જોઈતા ત્યાગની સમજણ પણ આજની કેળવણીમાં અપાવી જોઈએ કે જેથી ક્ષુદ્ર વસ્તુઓના અવરોધક વમળમાં પડી જઈને વિદ્યાર્થીઓ પેલા આખા રોટલાના દુશ્મન સમા અર્ધા રોટલાને વળગીને બેસી ન રહે !

(૫) **સર્વમતસહિષ્ણુતા :-**
વેદાન્ત "એકં સદ્વિપ્રા બહુધા વદન્તિ" એક જ સત્યને જ્ઞાનીઓ જુદેજુદે રૂપે કહે છે. "એમ કહીને સર્વતમ સ્વીકારના મૂલ્યનો પ્રબોધે છે. ભારતીય સંસ્કૃતિનું તો પહેલેથી જ આ વલણ રહ્યું છે. એટલે જ તો ભારતમાં ધસી આવેલી વિવિધ જાતિઓને એ પોતામાં એકાકાર કરી શકી છે. કોમવાદથી ભડકે બળતા અને સાંપ્રદાયિક દુરાગ્રહોથી પીડાતા આપણા સમાજને આ મૂલ્ય જ ઉગારી શકે તેમ છે. પરંતુ એનું આરોપણ શાળાકીય સ્તરથી જ થાય તો જ એ વધું ફળદાયી બની રહે.

(૬) નિર્ભયતા :-
બાપના કહેવા માત્રથી નાનો બાળક નચિકેતા નિર્ભયતાથી મૃત્યુના દેવ યમરાજને ઘેર પહોંચી ગયો હતો! લક્ષ્ય સિદ્ધિ માટે આ નિર્ભયતા સિવાય કોઈ વિકલ્પ નથી. વિકાસને અવરોધક ભયને ખંખેરી નાખી. નિષ્ફળતાનો ડર રાખ્યા સિવાય સ્વલક્ષ્ય સિદ્ધિ માટે મંડયા રહેવાનું આ મૂલ્ય શીખવે છે. આજની કેળવણીમાં મુખ્ય નિર્ભયતાના આનુષંગિક મૂલ્ય તરીકે છાત્રોમાં આરોપણીય મૂલ્ય છે.

(૭) **ભીતરમાં રહેલ દિવ્યાત્માની પ્રાપ્તિ :-**
આ મહામૂલ્યની આસપાસ બધા મૂલ્યો પરિક્રમા કરે છે. મૂલ્યમાળાનો આ મેરૂ છે. એના પાયા પર બધાં મૂલ્યો ચણાયા છે. આ મૂલ્યનું છાત્રમાં આરોપણ કરવામાં શિક્ષકની કુશળતાની કસોટી થાય છે. જન્મજાત શિક્ષક એ માટે જરૂર પ્રયત્નશીલ બનશે.

(૮) **સમવેદના :-**
સર્વવ્યાપક ચૈતન્યનું વ્યક્તિમાં પ્રતિફલન કરતું આ વેદાન્ત મૂલ્ય છાત્રોની હૃદયસંપતિ વધારવા માટે આવશ્યક અને અનિવાર્ય છે. પૂર્ણ માનવ કેવળ મસ્તિષ્કથી બનતો નથી, એમાં હૃદયસંપતિ ભળે ત્યારે જ પૂર્ણ વિકાસ શકય બને છે.

Scanned with CamScanner

# આપણે શિક્ષણ શા માટે લઈએ છીએ ?

- રાણા અંકિતાબેન એમ.
રોલ. નં.:૧૩

આપણે શિક્ષણ શા માટે લઈએ છીએ ? જો ફક્ત નામના મેળવવા કે સારી નોકરી મેળવવા, વધારે કુશળ બનવા કે પછી બીજાઓ ઉપર વધારે અધિકાર ભોગવવા જ જો આપણને શિક્ષણ અપાવતું હોય તો આપણું જીવન વધારે છીછરું અને અર્થ વિનાનું જ બનશે. આપણે ફક્ત વૈજ્ઞાનિક બનીએ. પુસ્તકોને વરેલા જ્ઞાનીઓ બનીએ કે જ્ઞાન પાછળ ઘેલા બનેલા નિષ્ણાતો બનીએ એટલા જ માટે જો આપણને શિક્ષણ આપવામાં આવે તો આપણે દુનિયાના વિનાશમાં અને દુ:ખમાં ઉમેરો જ કરતા જઈશું.

આપણા શિક્ષણની શી કિંમત છે ? આપણે બધા જ કેળવાયેલા હોઈએ પણ આપણામાં જો વિચાર વૃત્તિની ઊંડી એકતા ન હોય તો આપણું જીવન અપૂર્ણ છે, વિરોધાભાસી છે. અને અનેક પ્રકારના ભયથી એ છિન્ન ભિન્ન થયેલું છે, અને જયાં સુધી શિક્ષણના પરિણામ જીવનની સમગ્ર દષ્ટિ ન આવે ત્યાં સુધી એવા શિક્ષણનો વધારે અર્થ નથી.

કાગળનાં ફૂલોયે કેવાં સુંદર હોય છે.! જોતાં જ આંખ એમના પર ચોંટી રહે છે. એના વિવિધ મોહક રંગો ચિત્તને ઘડીભર પ્રસન્નતાનો એક આછો સ્પર્શ આપી જાય છે. પણ ઘડી પછી વિચાર આવે છે. : ''અરે ! આ તો બધાં 'કૃત્રિમ' ફૂલો છે. એમાં રંગ તો છે, પણ કુસુમના આત્મા સમી 'સુગંધ' ક્યાં છે ? એમાં દેહની ભભક છે, પણ આત્માની સાચી સુવાસ નથી. આજની કેળવણી વિશે અને આવી કેળવણી પામેલાં લોકો વિશે વિચાર કરીએ ત્યારે આવી જ ભાવના જન્મી છે. અને લાગે છે કે આજનાં યુવક-યુવતીઓમાં 'રંગ' છે. પણ આત્માની સાચી 'સુવાસ' નથી.

આપણી આધુનિક કેળવણી વહેપાર અને વિગ્રહ સાથે સંકળાયેલી છે. અને નિર્દય સ્પર્ધા અને પરસ્પરનો વિનાશ કરનાર યંત્રમાં આપણે સપડાયેલા છીએ. જો આપણી કેળવણીનું પરિણામ વિગ્રહ જ હોય, જો એથી આપણો સંહાર થતો હોય કે આપણે અન્યનો સંહાર કરતા હોઈએ તો શું એ કેળવણી સંપૂર્ણ રીતે નિષ્ફળ નીવડી છે એમ ન કહેવાય ?

શિક્ષણ મનને જ કેળવવા માટે નથી શિક્ષણથી કાર્યકુશળતા વધે છે. પણ એથી સંપૂર્ણતા આવતી નથી. જે મનને ફક્ત કેળવવામાં જ આવ્યું છે. તે મન ભૂતકાળનો જ વિસ્તાર છે અને એવું મન કદી પણ નવીનતા પામી શકતું નથી. માટે જ સાચું શિક્ષણ કોને કહેવાય એ સમજવું જોઈએ.

જો તમારામાં વિનય ન આવે, વડીલ માટે પૂજ્યભાવ ન આવે, સામાના 'ત્યાગ' ને માપવાની ને જાતે ત્યાગ આચરવાની વૃત્તિ ન વિકસી હોય, શિસ્ત ન હોય, તમારી પોતાની કહેવાય એવી સંસ્કૃતિ માટે આગ્રહ ન હોય તો માનજો કે તમારી કેળવણી અધૂરી જ છે. પણ તમારામાં સુવાસ નથી. માનવીને સાચા અર્થમાં માનવી બનાવે એને જ 'સાચી કેળવણી' કહી શકાય.

જીવનને સમજવું એટલે આપણી જાતને સમજવી અને એ જ શિક્ષણનો પ્રારંભ અને શિક્ષણનો અંત કહેવાય. કેવળ જ્ઞાન સંપાદન કરવું, વિગતોને જાણી એમને સુસંગત કરવી એ જ શિક્ષણ નથી. સંપૂર્ણ રીતે જીવનનો મર્મ સમજવો એ જ ખરું શિક્ષણ છે.

Scanned with CamScanner

આપણે ઉપાધિઓ (ડિગ્રીઓ) લઈએ અને સમજ વંચિત રહી યંત્રની જેમ આપણે કુશળ બની શકીએ. ફકત માહિતીનો સંગ્રહ એ સમજ નથી. સમજ પુસ્તકોમાંથી પ્રાપ્ત થતી નથી. ભણેલા માણસ કરતાં અભણ માણસ વધારે સમજવાળો હોય શકે. મહત્ત્વની બાબતોને વર્તમાન સ્થિતિ માં જોવાની શકિત એ જ ખરી સમજ અને એ શકિત આપણામાં અને અન્યમાં જાગ્રત કરે એ જ સાચું શિક્ષણ.

જીવનની સંપૂર્ણ સમજ પ્રાપ્ત કર્યા સિવાય આપણા વ્યકિતગત અને સમૂહગત પ્રશ્નો ઊંડા ઊતરતા જશે અને વધતા જશે. વિદ્વાનો, નિષ્ણાતો કારીગરો અને ધંધા શોધનારાઓ પેદા કરવા એ જ શિક્ષણનો હેતુ નથી પણ ભયમુકત હોય એવાં સમજયુકત સ્ત્રી પુરુષો ઉત્પન્ન કરવાં એ શિક્ષણનો હેતુ છે. કારણ કે ફકત એવાં જ માનવીઓની વચ્ચે ચિરસ્થાયી શાંતિ સંભવી શકે. શિક્ષણથી પોતાની જાતને ઓળખવાની શકિત જાગ્રત થવી જોઈએ.

*ॐ सह नाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै ।*

*तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ।।*

*ॐ शान्तिः शान्तिः शान्तिः ।।२।।*

હે પરમાત્મા ! અમારી - ગુરૂ શિષ્યની બંનેની રક્ષા કરો. અમારું બંનેનું પાલન કરો. અમે સાથે રહી તેજસ્વી દૈવી કાર્યો કરીએ. અમે કરેલું અધ્યયન તેજસ્વી અને દૈવી થાય અને અમે પરસ્પર એકબીજાનો દ્વેષ ન કરીએ.

ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

Scanned with CamScanner

# જીવનલક્ષી શિક્ષણ અંગે પરમપૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીનું ચિંતન

- માધુરી બી. પટેલ
રોલ નં. ૭

પ્રસ્તાવના : દરેક દેશમાં વ્યવસ્થાનો આધાર શિક્ષણ પર રહેલો છે. આજે શાળા, કૉલેજો, કુટુંબો અને સમાજમાં જીવન ઘડતર માટેના વિચારોની ઉપેક્ષા થઈ રહી છે. પરિણામે આપણાં દેશમાં વિકાસની હરણફાળ છે. પણ સંસ્કારિતાના નામે આપણે ઘણાં પાછળ છીએ.

શિક્ષણ વિશેની આપણી આગવી વિચારધારા હતી. પણ આજે મહાવિદ્યાના વારસદાર એવા આપણે પરકીય વિદ્યાની પૂજક બન્યા છીએ. પરિણામ આપણી સામે છે... પ.પૂ. પાડુંરંગ શાસ્ત્રીજીના શિક્ષણ વિશેના ચિંતનમાંથી આપણે જીવનલક્ષી શિક્ષણ અંગે જ્ઞાન મેળવીએ અને જ્ઞાનને યત્કિચિંત ચરિતાર્થ કરીએ.

(૧) આજે વિચાર અને જીવનની જુદાઈ છે. તેથી નિર્જીવ વિચારો છે અને વિચારશૂન્ય જીવન છે આજે શિક્ષણ અને જીવન જુદાં પડી ગયા છે.

(૨) વિદ્યાર્થી ઘેર જીવે છે અને શાળામાં ભણે છે, આ શિક્ષણ અને જીવનનું પૃથક્કપણું (જુદાઈ) દર્શાવે છે. તે દૂર કરવા માટે ભણવાની જગ્યાએ જીવન જીવવાનું શિક્ષણ આપવું જોઈએ અને ઘરને શાળામાં મળેલાં સંસ્કારો આત્માસાત્ કરવાની પ્રયોગશાળા બનાવવી જોઈએ.

(૩) સમાજમાંથી જ્ઞાનપૂજા ખલાસ થઈ છે. ભણાવાવાળા અને ભણાવવાવાળા બંનેને જીવનમાં જ્ઞાનનું મહત્ત્વ લાગતું નથી. વિદ્યામંદિરોનો તોટો નથી. પણ કોઈ ઠેકાણે જ્ઞાનની ઉપાસના દેખાતી નથી. આજે ધ્યેયો-હેતુઓ નિષ્ઠ શિક્ષણથી અર્થાત્ તેમાં જીવન-વિકાસ (જીવન ઘડતરનું) ધ્યેય નથી, ફક્ત ડિગ્રી મેળવવાની વૃત્તિ છે.

(૪) આજના શિક્ષણશાસ્ત્રીઓની એક ભ્રાંત કલ્પના છે કે માણસ મૂળમાં પશુ છે અને તેને માણસ બનાવવાનો છે. આપણાં ઋષિઓની કલ્પના મુજબ શિષ્ય પણ પૂર્ણ છે અને ગુરૂ પણ પૂર્ણ છે, શિષ્ય નાનો અને અસ્પષ્ટ પૂર્ણ છે, તેને મોટો સ્પષ્ટ પૂર્ણ બનાવવાનો છે અને આ દૃષ્ટિથી ગુરૂએ તેને ભણાવવાનો છે.

(૫) જીવંત જીવનને બદલે દહાડા કાઢવાની વૃત્તિ નિર્માણ થાય છે તેના કરતાં મરવું શું ખોટું ? હાલના શિક્ષણથી ફાયદો શું ? માત્ર આત્મનાશ જ થાય છે. જીવનવિકાસ કે આત્મવિકાસ કરે તેવા શિક્ષણની વ્યવસ્થા આવશ્યક છે.

(૬) શિક્ષણ એટલે ડીવાઈન ડ્રો આઉટ... જીવનમાં જે દિવ્ય પડેલું છે તે બહાર લાવવું. જે શિક્ષણ અવ્યક્ત શક્તિ અને ગુણોને જાગૃત કરે તે જ ખરું શિક્ષણ.

શિક્ષણના પાંચ હેતુઓ છે.

(૧) શીલ સંવર્ધન
(૨) સ્વાશ્રય
(૩) જીવનનિર્વાહ ચલાવવા યોગ્ય બનવું
(૪) કર્તવ્ય પરાયણતા
(૫) પ્રાચીન સંસ્કૃતિનું રક્ષણ

Scanned with CamScanner

(૭) જીવન કેમ જીવવું ? તે શિક્ષણ સમજાવે છે. માત્ર મોટા મોટા પુસ્તકો વાંચી અને જીવનના સિદ્ધાંતો પર નિબંધ લખી ડોક્ટર ઓફ લેટર્સ (વિદ્યા વાચસ્પતિ)-ની ડિગ્રી મેળવીને "જીવન કેમ જીવવું ?" તે ન શિખાય તો આવાં વાચન કે ડિગ્રીનો કશો અર્થ નથી. કેવળ ડિગ્રી મેળવવી એનું નામ ભણતર કે શિક્ષણ નહિ. પુસ્તકોથી જ વિદ્વતા આવતી હોત તો પુસ્તકો જ મોટા વિદ્વાન બની જાત. પોતાની જવાબદારી સમજીને "જીવન કેમ જીવવું ?" એ જે સમજે તે જ સાચો વિદ્વાન. વિશિષ્ટ પ્રકારના ગુણો જીવનમાં નિર્માણ કરવા અને તે જીવનમાં આવે તે જ ભણતર.

(૮) આપણે ત્યાં કોઈપણ જ્ઞાનની શરૂઆત ભગવાનથી અને પરિણતિ બ્રહ્મ (મોક્ષ)માં થાય છે. આ જ ખરૂં જ્ઞાન છે. જૂનાં કાળમાં ભણાવતી વખતે, રામઃ, રામૌ, રામાઃ આમ ભણાવવું, રાજા, રાજાનો, રાજાનઃ ન ભણાવવું. તેમને લાગતું હતું કે છોકરાને પહેલાં રામ ગોખાવીએ તો પ્રભુ નિષ્ઠા વધે પછી રાજનિષ્ઠા વધે તો વાંધો નહીં.

શિક્ષણ દ્વારા સદ્‌વિચારો મળે અને તે સદ્‌વિચારો જીવનમાં પચે તો જ વિકાસ થાય. આપણાં પૂર્વજોની સંસ્કૃતિ સમજી લઈએ તેને ટકાવવી એ પ્રત્યેક ભારતીયનું કામ છે.

**જીવનલક્ષી શિક્ષણ આપવા માટે પૂ. શાસ્ત્રીજીના મનનીય અંગુલીનિર્દેશ :**

- તપોવન પ્રણાલીથી શિક્ષણ આપવું પડે. જેમાં સ્વાવલંબન, સ્વાશ્રય, સહજીવન, પ્રામાણિકતાના પાઠો શીખવા મળે.
- શિક્ષકોએ પોતાનું જીવન ઘડવું પડે. તેના જીવન વ્યવહારોનું અવલોકન કરીને વિદ્યાર્થીઓ ઘણું બધું શીખી શકે છે.
- વિષય શિક્ષણ દરમિયાન જીવનલક્ષી બાબતો સાથે અનુબંધ બાંધવો જોઈએ.
- વિદ્યાર્થીઓને શિસ્તનું શિક્ષણ આપવું જોઈએ. કદાચ શિસ્તને લીધે તેનું મન દુભાય તો વાંધો નહીં..... વિદ્યાર્થીઓમાં અનુશાસન આવે તેવો વ્યવહાર ગોઠવવો જરૂરી છે.
- માનવી જીવનમાં 'ભાવના'ની દૃષ્ટિ આવે તે માટેની વ્યવસ્થા દરેક અભ્યાસક્રમમાં (બાળકોથી શરૂ કરી અનુસ્નાતક કક્ષા સુધી) કરવી જોઈએ.
- સ્ત્રીઓને ભાવિનું અને જીવનનું શિક્ષણ આપવું જોઈએ. પુરુષને વિજ્ઞાન અને વ્યવહારનું શિક્ષણ આપવું જોઈએ. તો જ જોડી પરસ્વાવલંબી બને.
- શિક્ષણ સ્વતંત્ર, મંગલમય અને તેજસ્વી બનાવવું જોઈએ. આ માટે શિક્ષણ રાજ્ય માન્ય નહીં પણ સ્વાયત્ત બનાવવું જ રહ્યું.

જીવન વિકાસના ત્રણ અંગો વાણી, શરીર અને મન પુષ્ટ થાય તે માટે ખાસ પ્રયત્નો કરવા જોઈએ. કારણ કે સારા ભક્તિપૂર્ણ ગીતોથી વાણી અલંકૃત થાય છે. જીવનમાં દિવ્યતા આવે તેવું વાંઙ્:મય્ વાંચીને, સાંભળીને, તેના સતત ચિંતન અને મનનથી જીવન પણ દિવ્ય બને છે. શરીર સુદૃઢ બનાવવા સૂર્ય નમસ્કાર અને વ્યાયામ, ઉપાસનાના ભાવથી થવા જોઈએ. જીવનમાં આવતાં પડકારોને ઝીલવા, શક્તિ ખીલવવા, ખંત, ઉત્સાહ, પ્રામાણિકતા, કૃતજ્ઞતા જેવા ગુણો ખીલવી માનવમાં માનસિક સૌંદર્ય ખીલવી શકાય.

જે શિક્ષણથી માણસમાં દયા, શિસ્તપાલન, નિયમિતતા ઈત્યાદિ ગુણો આવતા નથી, ગુરૂજનો માટે આદર નિર્માણ થતો નથી, નૈતિક જીવનના બારામાં અભિલાષા નિર્માણ થતી નથી તે શિક્ષણથી શો ફાયદો ? ત્યારે આ વાત ચોક્કસ કે આપણે ચારિત્ર્યવાન અને નીતિમાન બન્યા સિવાય રામરાજ્ય કે સુરાજ્ય લાવી શકતા નથી. તેથી ઈશ્વર આપણને સદ્‌બુદ્ધિ આપે એવી પ્રાર્થના કરીએ.

Scanned with CamScanner

# બધા અભણ અશિક્ષિત જ હોય એવું ખરું ?

– તસલીમ શેખ
રોલ નં. ૫૪

ભારતમાં ઘણી સમસ્યાઓ ઉકેલ માંગી રહી છે. બધી સમસ્યાઓનું મૂળ વસ્તીવધારો ગણાય છે અને બધી સમસ્યાઓનો ઉકેલ સાક્ષરતા મનાય છે. ભારતના મોટા ભાગના લોકો સાક્ષર બની જાય અર્થાત્ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરી લે તો શું બધી સમસ્યાઓ હલ થઈ જશે ? પ્રશ્નનો જવાબ આપવો મુશ્કેલ છે. આજના અપાતા શિક્ષણ દ્વારા જેટલા પણ સાક્ષરો બને છે તેમાંથી મહદ્અંશે રાક્ષસો બને છે. વિવેકાનંદજીના શબ્દોમાં કહીએ તો આજનું શિક્ષણ રાક્ષસ નિર્માણકારી છે. અક્ષરજ્ઞાન એ શિક્ષણનું એક સાધન ખરું પણ તે એક માત્ર સાધન નથી. વળી, 'શિક્ષણ' અને 'અક્ષરજ્ઞાન' એ પર્યાય શબ્દો પણ નથી. ''શિક્ષણ એટલે અક્ષરજ્ઞાન'' એવું સમીકરણ આપણા મનમાં એવો તો કબજો જમાવી બેઠું છે કે આપણે એનાથી મુક્ત થઈ શકતા નથી.

મધ્યપ્રદેશમાં હોસંગાબાદ જિલ્લાના મેલખડી ગામને નર્મદાનું પૂર ઘેરી વળ્યું. ત્યારે એક જગ્યાએ દોઢસો જેટલા માણસો સપડાયા. ગામના માછીમારોએ મોટી હોડી આપવાની ના પાડી. ગામની સરસ્વતી નામની મત્સ્ય કન્યાએ પથારીવશ બાપની હોડી લઈ માણસોને સલામત સ્થળે ખસેડવા માટે અનેક ખેપો કરી. બધા જ બચી ગયા. સરસ્વતી નિરક્ષર હોઈ તેથી એને અશિક્ષિત કહેવી એ શિક્ષણની વિડંબના કરવા જેવું છે. એ ચીલેચાલુ અર્થમાં ભણેલી હોત તો કદાચ આવી હિંમત પણ ન કરત. બે પ્રશ્નો ઉઠે છે : બધા ભણેલા શિક્ષિત હોય જ એવું ખરું ? બધા અભણ અશિક્ષિત જ હોય એવું ખરું ?

આપણા દેશમાં દર સાત વ્યક્તિએ માંડ બે વ્યક્તિ ભણેલી હોય છે. સ્ત્રીઓની વાત કરીએ તો અગિયાર સ્ત્રીએ માંડ બે સ્ત્રી ભણેલી હોય છે. દેશમાં સાક્ષરતાનું પ્રમાણ ચાલીસ ટકાથી પણ ઓછું છે અને પંચવર્ષીય યોજનાઓ સાથે નિરક્ષર લોકોના ટકા ઘટે છે પણ વસતિ વધારો એવો છે કે નિરક્ષરોની સંખ્યા વધતી જ રહે છે.

આજે શિક્ષણમાં ટેક્નોલોજીના ઉપકરણોનો પગ પેસારો થતાં લખવાના-વાચવાના સાધનો કદાચ આઉટડેટેડ થઈ જાય તો નવાઈ નહીં એક રીતે જોઈએ તો સાક્ષરતા (લીટરસી) મેકલૂહાનના પેગામ પર સવાર થઈને માધ્યમતા (મેડીસી)નો લેબાશ ધારણ કરી રહી છે. કેટલાયે દેશોમાં કહેવાતી સાક્ષરતાને બાજુએ મૂકી ખેડૂતો ટેલિવિઝનના માધ્યમથી જ્ઞાન-માહિતી મેળવી તેનો અમલ કરી મબલખ કમાણી કરતા થયા છે અને હવે પોતાના બાળકોને ઉત્તમ શિક્ષણ મળે તેવો પ્રયત્ન કરતા થયા છે.

ન ભૂલીએ કે દુનિયાનો જાણીતો બંધ બાંધનારો હાર્વે સ્લોકમ નિશાળે નહોતો ગયો. સૌરાષ્ટ્રના એક જૈન મુનિએ અપાસરાની ડિઝાઈન જાતે (એ વિષયના ભણતર વગર) તૈયાર કરેલી જેને એ વિષયના જાણકારોએ ખૂબ વખાણેલી. મુંબઈના ભૂતપૂર્વ ગર્વનર સ્વ. શ્રી પ્રકાશે એક યાદ રહી જાય તેવી વાત કરેલી. એમણે ગર્વનર તરીકે પરદેશી મહાનુભાવોને જે જે ભેટો આપેલી તેમાંની એક પણ ભેટ એવી ન હતી જે 'ભણેલા' માણસે બનાવી હોય ! મહાત્મા ઑગસ્ટિન કહેતા કે ''દુનિયા એક મહાન પુસ્તક છે. જેઓ ઘરની બહાર કદી નીકળતા નથી. તેઓએ પુસ્તકનું એક જ પાનુ વાંચવા પામે છે.'' આ અર્થમાં સરસ્વતીને 'અભણ' કહી શકીશું ખરા ? એણે દુનિયાની કિતાબનું એકજ પાનું વાંચ્યું હોત તો ?

(શ્રી ગુણવંત શાહના શિક્ષણ ચિંતનમાંથી સાભાર)

Scanned with CamScanner

# જીવનનું પોત વણાવા પંચતત્ત્વની ઉપાસના

- હેમાલી જે. વસાવા
રોલ નં. ૫૬

આપણે જાણીએ છીએ કે સૂતરનું વણાટ ન થાય ત્યાં સુધી કપડું ન બને. વણાટ પણ કેટલું ઘટ્ટ થાય છે તેના આધારે કાપડનું પોત બને. ફિસ્સું વણાય તો કપડું પાંખું રહી જાય. જીવનનું પણ આવું જ છે. જન્મ મળવાથી જીવન બની જતું નથી. માણસના જીવનનું પોત પણ તેનું વણાટ - એની તાલીમ કેવી થાય છે તેના ઉપર અવલંબે છે. સૂતર પદાર્થ છે એને વણનાર વણકર મનુષ્ય છે. મનુષ્ય ધારે તેવું વણાટ કરી શકે. પણ આ નિયમ મનુષ્યને લાગુ નથી પડતો. કારણ મનુષ્ય પદાર્થ નથી. એ ચેતન છે. ચેતનની વિશેષતા એ છે કે આ સ્વયં સંચાલિત છે.

માણસને ભગવાને અન્ય પ્રાણીઓ કરતાં વિશેષ મન અને બુદ્ધિ આપ્યા છે. માણસે પોતાનું જીવન કેવું બનાવવું તે તેણે જાતે નક્કી કરવાનું હોય છે. એ કંઈ માટીનો લોંદો નથી કે કુંભાર ધાર્યા ઘાટ આપે. જો એમ હોત તો શિક્ષકના બધા શિષ્ય એની અપેક્ષા મુજબનો માલ બની બહાર નીકળત પણ એમ નથી બનતું. વર્ગમાં શિક્ષક સમાનભાવે સૌને શીખવે છે અને પરિણામ વિદ્યાર્થીવાર જુદું-જુદું આવે છે. એટલે જેણે પોતાનાં જીવનને બનાવવું છે તેણે સ્વયં પોતાનું પોત વણવું પડશે. જીવન પોતનું ઘટ્ટ વણાટ કરનારા પાંચ તત્ત્વો છે.

(૧) **સ્વયં શિસ્ત** :- પ્રતિભાવાદી કે દમનવાદી - શિસ્તનાં પરિણામ પ્રતિક્રિયારૂપે ફૂટી નીકળતા હોય છે. એથી વ્યક્તિને પોતાને, તેના પરિવારને અને સમાજને ઘણું નુકસાન થાય છે. પણ શિસ્ત વિના જીવનનું પોત ઘટ્ટ પોત - વણાય જ નહીં. નદી બે કાંઠાની શિસ્ત ન સ્વીકારે તો તેનું નદી રૂપે અસ્તિત્વ જ ટળી જાય. આપણે ટ્રાફિકના નિયમો ન પાળીએ તો જીવલેણ અકસ્માતો સર્જાય. વ્યક્તિ, સમાજ, સંસ્થા કે સરકાર કોઈ શિસ્તપાલન છોડી પ્રગતિ સાંધી ન શકે. આવી સમજણ કેળવાય તો તેમાંથી જ એક ચીજ ઊગે અને તે છે સ્વયંશિસ્ત.

સેલ્ફ ડિસીપ્લીન સ્વયંશિસ્ત એજ સાચી શિસ્ત છે. કારણ કે તે વ્યક્તિના પોતમાંથી પ્રગટી હોય છે. એથી એનું પાલન કરવામાં એને બોજ નથી લાગતો બલ્કે આનંદ આવે છે. આવી સ્વયંશિસ્તથી અનુપ્રાણિત વ્યક્તિઓનો સમૂહ, સમાજ કે દેશ હોય તો એની પ્રગતિને દુનિયાની કોઈ તાકાત રૂંધી નહી શકે. રૂંધશો તો પણ સ્વયંશિસ્તના બળે તે અવરોધોને વળોટી પોતાની કૂચ આગળ ચલાવશે.

(૨) **સ્વાશ્રય (સેલ્ફ રીલાયન્સ)** : આપણે કેટલા બધા પરોપજીવી છીએ ? તરસ આપણને લાગી છે પણ પાણી તો કોક આપણને પાય ત્યારે પીએ. મા, બહેન, પત્ની કે નોકર ઉપર આપણે અવલંબિત રહીએ છીએ. આપણે જરા ઝીણવટથી આપણાં જીવનને તપાસીશું તો દેખાશે કે લગભગ આપણો બધો જ વ્યવહાર બીજાની સેવા ઉપર અવલંબે છે. ટોલ્સટોય કહેતા કે, 'બીજી સેવા નહિ કરો તો ચાલશે, એક જ સેવા કરો બીજાની કાંધે ચડી બેઠા છો તે ઊતરી જાવ.' બસ આ જ મોટી સેવા. નાનાં-નાનાં કામ આપણે જાતે ન કરતા કુટુંબના સભ્યો ઉપર નાખી દઈએ છીએ. તેથી મા, બહેન કે પત્નીનો કેટલો બધો બોજો વધી જાય છે. આપણે જાત-જાતની ચીજવસ્તુઓ વાપરીએ છીએ તેને

Scanned with CamScanner

પેદા કરનાર કે બનાવનાર માટે કૃતજ્ઞતાભાવ પ્રગટે, તથા જીવનને માટે જરૂરી એવા શ્રમનાં કામ કરવાં એમાં હીણપત નહીં પણ ગૌરવ છે. એવો ભાવ પણ કેળવાય. આ છે સ્વાશ્રયના સંસ્કાર.

(૩) **સ્વાધ્યાય** :- શિક્ષણનો સિદ્ધાંત છે કોઈ કોઈને શીખવી શકતું નથી. શિક્ષકો માને કે તે શિષ્યોને શીખવે છે તો એ ભ્રમણા છે. વિદ્યાર્થી સ્વયં શીખે છે. જો એ શીખવા રાજી ન હોય તો કોઈ કાળે શિક્ષક તેને શીખવી ન શકે. શિક્ષકો માર્ગદર્શક છે, શીખવાની સાચી રીત સ્વાધ્યાય છે સેલ્ફ લર્નિંગ જાતે શીખવું. તેથી જ્ઞાનનાં રહસ્યો આત્મસાત્ થાય છે, ચિત્તનો ઉઘાડ થાય છે.

સ્વાધ્યાય સાચો તો ત્યારે થયો કહેવાય જ્યારે તે આપણને આપણી સ્વની ઓળખ કરવામાં મદદરૂપ થાય. આ એક વિચિત્ર વાસ્તવિક્તા છે કે આપણે દુનિયાભરની ઘણી બધી માહિતી જાણીએ છીએ પણ આપણને આપણી પોતાની જ પૂરી ઓળખ નથી. આપણું મન, એના વ્યાપાર, આપણું વર્તન, ક્યારેક આપણે છળી જઈએ તેવું અનાયાસ નથી થઈ જતુ ? પણ જો સાચો સ્વાધ્યાય થાય તો તે આપણને સ્વની ઓળખ કરાવી શકે. સ્વાધ્યાયનું અંતિમ લક્ષણ છે. સ્વનો અભ્યાસ, સ્વની ઓળખ, સ્વનો સાક્ષાત્કાર.

(૪) **સ્વરોજગાર** :- આજના યુગમાં ભણતરનું એકમાત્ર ધ્યેય છે નોકરીની પ્રાપ્તિ. સમાજ વ્યવસ્થામાં, રાજ્ય વ્યવસ્થામાં નોકરીનું પણ સ્થાન છે એટલે નોકરી માટેના શિક્ષણને પણ શિક્ષણમાં સ્થાન હોય તેમાં કશું ખોટું નથી. પરંતુ, વાસ્તવિક્તા એ છે કે દરેક ભણેલાને નોકરી નથી મળતી એટલે તેણે નોકરીના વિકલ્પે જીવન વ્યાપન માટે સ્વરોજગારીની તાલીમ લેવી જરૂરી છે. આજના જીવનધોરણ મુજબ સારૂં-સરખું જીવન જીવવા માટે પણ કદાચ નોકરીની કમાણી જેને હોય તેને તેમાંથી પૂરું ન પણ થાય. એટલે દરેક શિક્ષિત વ્યક્તિએ એવો કોઈ કસબ શીખી લેવો જોઈએ કે જે પૂરક કમાણીમાં મદદરૂપ થઈ શકે. વળી, આ કસબ કુદરત કે કલાના ક્ષેત્રનો હોય તો તેમાં સર્જનનો આનંદ પણ મળે. વ્યક્તિત્વના વિકાસમાં કૌશલ્ય ઘણું ઉપકારક બની શકે.

(૫) **સ્વસાક્ષાત્કાર (સેલ્ફ રીયલાઈઝેશન)** :- આ જીવન ખાવા, પીવા અને લહેર કરવા માટે જ નથી. આ તો અન્ય પ્રાણીઓ પણ કરે છે. મનુષ્ય કેવળ પંચતત્ત્વના સંયોજનથી બનેલું ચાવીથી ચાલતુ પૂતળું નથી. ચેતન જેવું કોઈક તત્ત્વ છે જેને આપણે 'આત્મા'ને નામે ઓળખીએ છીએ. આ તત્ત્વ મારામાં, તમારામાં, મનુષ્ય માત્રમાં, જડમાં, ચેતનમાં, માટીનાં કણમાં, સાગરના બૂંદમાં, અણુ-રેણુ-પરમાણુ સૌમાં કશું એવું નથી જેમાં 'એ' નથી. એની અનુભૂતિ પામવી એ મનુષ્ય જીવનનું પરમ કર્તવ્ય છે. આવું વિચારવું અને તેને પામવું તે કેવળ મનુષ્ય યોનિ માટે જ શક્ય છે. કારણ કે તેની પાસે તે માટે જોઈતું વિચારબળ, બુદ્ધિબળ, હૃદયબળ અને પુરૂષાર્થબળ છે. એટલે અંતે તો સ્વનો સાક્ષાત્કાર એ જીવનનું અંતિમ અને પરમ લક્ષ્ય છે. આત્મ સાક્ષાત્કાર એ મનુષ્ય માત્રનો અધિકાર છે.

તો આવો, આપણે આપણા જીવનનું પોત વણવા માટે આ પંચતત્ત્વની વ્યક્જિતગત ભૂમિકાએ અને સામૂહિક સ્તરે ઉપાસના કરીએ.

Scanned with CamScanner

# શિક્ષણમાં સાચી દિશામાં પરિવર્તન અને શિક્ષકોની ભૂમિકા

- કિરણ ઠાકોર
રોલ નં. ૩૯

ભારતમાં આજે સામાન્ય મનુષ્યથી માંડીને નિષ્ણાતો અને પદાધિકારીઓનાં મુખેથી એક સામાન્ય પ્રશ્ન પૂછાતો હોય છે. "આઝાદીના ૬૨ વર્ષ પછી પણ આપણા દેશની પરિસ્થિતિમાં કોઈ ખાસ ફેર પડ્યો નથી. તેનું શું કારણ હોઈ શકે ?"

પ્રશ્ન મુદ્દાનો છે અને તેની પાછળનો શૂર નિરાશા અને અસંતોષ વ્યક્ત કરે છે. કોઈપણ રાષ્ટ્રના ઈતિહાસના બાસઠ વર્ષનો ગાળો એટલે એક ઘણો લાંબો અને ખૂબ જ મહત્ત્વનો સમય ગણાય છે. તે દરમિયાન તો દેશનું આમૂલ પરિવર્તન કરી શકાય ! વિશ્વમાં કેટલાયે રાષ્ટ્રોએ કરેલી પ્રગતિ અને મેળવેલી સિદ્ધિના અનેક દાખલા ઈતિહાસના પાના પર નોંધાઈ ગયા છે. પણ એની સાથે સાથે એ વાત પણ નોંધાયેલી છે કે જે જે રાષ્ટ્રોએ ત્રણ-ચાર દાયકામાં વૃદ્ધિ અને વિકાસ કર્યો છે. તેમના પાયામાં તેમણે સુધારેલી તેમની શિક્ષણ પદ્ધતિ અને પ્રણાલી પડેલી જોવા મળે છે. જાપાન, ઈઝરાયલ, રશિયા, ફિલિપાઈન્સ જેવા રાષ્ટ્રોની ઝડપી પ્રગતિ અને તેમણે ઘડેલી અને અમલમાં મૂકેલી પરિણામલક્ષી અને ગતિશીલ (ડાયનેમિક) શિક્ષણ ફિલસૂફી અને શિક્ષણ વ્યવહારને આભારી છે ? ઈંગ્લેન્ડ, અમેરિકા કે જર્મનીની સર્વોપરિતા અને સમૃદ્ધિ તેમની વ્યવહારુ અને લચીલી (ફ્લેક્સીબલ) શિક્ષણ પદ્ધતિનું સીધું પરિણામ છે.

"તો શું ભારતમાં એવું ન બની શકે ?" કે બધે જે પૂછાતો આ એક બીજો પ્રશ્ન છે. જેના જવાબમાં ખાતરીપૂર્વક કહી શકાય કે, એ પ્રગતિશીલ રાષ્ટ્રોએ સાંધેલી આબાદી અને પ્રાપ્ત કરેલી અનેક સિદ્ધિઓ કરતાં અનેકગણી ખાસ લબ્ધિઓની શક્યતા ભારતમાં અને તેની પ્રજામાં પડેલી છે. પણ તેને માટે તેમણે જૂની-પુરાણી શિક્ષણ પદ્ધતિ એક જ ઝાટકા સાથે બદલી નાંખીને તેની જગ્યાએ સ્થળ, કાળ અને દેશની જરૂરિયાતો સંતોષી શકે તેવા (નીડ ઓરીએન્ટેડ) શિક્ષણનાં માળખાનું જે પુનર્ઘટન કર્યું તે કરવાની ખૂબ જ જરૂર છે.

આજે શિક્ષણપદ્ધતિ ઘડવાની અને માળખું બદલવાની જવાબદારી તો આપણી સરકારની જ કહેવાયને ? એ શા માટે નથી કરતી ? એના સંદર્ભમાં આ ત્રીજો પ્રશ્ન પૂછાતો હોય છે.

આ ત્રીજા પ્રશ્નનાં સંદર્ભમાં હું બીજા કેટલાક પૂરક પ્રશ્ન પૂછવા માગું છું. શિક્ષણ અને શાળા કોની ? સરકારની, પ્રજાની કે અન્ય બીજા કોઈની ? દેશની અસંખ્ય શાળા, મહાશાળાઓમાં શિક્ષણનું વિભાજન કોણ કરે ? સરકાર કે શિક્ષકો ? એ શિક્ષણ અન્વયે અભ્યાસક્રમ કોણ ઘડે ? પાઠ્યપુસ્તકો કોણ લખે ? પરીક્ષા કોણ લે ? કેવી રીતે લે ? નાના-મોટા આંતરિક, બાહ્ય કે માળખાકીય (ઈન્ફાસ્ટ્રક્ચરલ) ફેરફારો કરવાની વિચારણા અને નિર્ણય કોણ કરે ?

આ બધાં જ તમામ પ્રશ્નોનાં ઉત્તરોમાં જો 'સરકાર' કર્તાનું સ્થાન લે, તો સમજી લેવું કે નિષ્ફળ જવા માટેના પ્રયાસ છે. પણ તે ઉત્તરોમાં કર્તાપદે જો શિક્ષકો, પ્રાધ્યાપકો, આચાર્ય અને શિક્ષણ નિષ્ણાતો હિંમત અને ક્ષમતાપૂર્વક ઊભા કરે તો તે રાષ્ટ્રનાં ઘડતર અને પ્રગતિ સિદ્ધિની દિશામાં સાચું પગલું ગણી શકાશે.

Scanned with CamScanner

શાળા તો શિક્ષકોની જ કહેવાય છે. એનો વહીવટ અને વ્યવસ્થા તો શિક્ષકો જ કરી શકે છે. શિક્ષણ અને શાળાઓના સંચાલનમાં નિર્ણયો લેવાનું નવરચના કે પરિવર્તન લાવવાનું કામ પણ તેમનું જ હોય છે. વિદ્યાર્થીઓને જુદી-જુદી કક્ષાએ કયા કયા અને કેટકેટલા વિષયો ભણાવવા ? કેવી રીતે ભણાવવા ? શીખવા-શીખવવાની પદ્ધતિઓ અને પ્રવિધિઓ કેવી રાખવી ? અધ્યયન-અધ્યાપનનાં સાધનોની પસંદગી કરવી કે રચના કરવી, સૈદ્ધાંતિક અને પ્રાયોગિક ભૂમિકા કેટલા પ્રમાણમાં ગોઠવવી પરીક્ષા પદ્ધતિ અને મૂલ્યાંકનની પદ્ધતિઓ નક્કી કરવી, મૂલ્યોનો વિકાસ, સારી ટેવોનું ઘડતર ચારિત્ર્યનો વિકાસ અને જીવન કૌશલ્ય કેટકેટલા અંશે વિદ્યાભ્યાસમાં સામેલ કરવા તે બધી જ કામગીરી અને જવાબદારી શિક્ષકોની છે. તે તેમનો અધિકાર છે.

જ્યાં સુધી શિક્ષણની ફિલસૂફીથી માંડીને તેની મૂલ્યાંકન પ્રવિધિઓ અને પરિણામોની નોંધણી કરવાની સત્તા અને દાયિત્વ શિક્ષકો નહિ સ્વીકારે અને સરકાર તેમને વિશ્વાસપૂર્વક નહિ સોંપે ત્યાં સુધી આપણી શિક્ષણ નીતિ સુધરશે નહીં અને તેનું પરિણામ પણ સંતોષકારક આવશે નહીં.

શિક્ષકો પ્રશ્ન કરે છે, ''પણ એટલી મોટી અને ગંભીર જવાબદારી અમે કેવી રીતે લઈ શકીએ ? અને સરકાર અમને આવી ગંભીર જવાબદારી અને સત્તા આપે પણ ખરી ?'' પ્રશ્ન ગંભીર છે અને વાસ્તવિક પણ છે. તો તેનો જવાબ ઉકેલ પણ ગંભીર અને વાસ્તવિક છે.

શિક્ષકે પોતે જે કામ કરવાનું છે તે અંગેની જાણકારી, અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, પરીક્ષા વગેરેથી માહિતગાર બનીને ક્ષમતા અને કૌશલ્યો કેળવવા જોઈએ. બેથી પાંચ ટકા શિક્ષકોએ શિક્ષણ વ્યવસ્થાપનનું કૌશલ્ય કેળવવું ઘટે. શિક્ષકોએ આધુનિક પરીક્ષા પદ્ધતિ અને હેતુલક્ષી અને પરિણામલક્ષી પાઠ્યપુસ્તકોની રચના કરવાની દક્ષતા મેળવવી પડે છે. ટૂંકમાં, "Education of the Teachers for the teachers and by the teachers"નું સૂત્ર અપનાવી લેવું જોઈએ.

આજના યુગમાં શિક્ષણના ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર વ્યાપેલો હોય તે પણ શિક્ષકો જ દૂર કરી શકશે બીજું કોઈ નહિ. સરકાર અને સરકારી તંત્રમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને ખુલ્લા કરી. તેમને દૂર કરવાની ઝુંબેશ કરવી પડે તો તે કરનારા થોડાક જિગરબાજોની, રાઘોબા, ખૈરનાર અને અન્નાહજારે જેવી ભ્રષ્ટચાર વિરોધી ચળવળ ચલાવનારા થોડાક જ જવામર્દોની !

જ્યારે આમ થશે, ત્યારે શિક્ષણ દ્વારા રાષ્ટ્રના નવનિર્માણ અને ઉદ્ધારનું પવિત્ર કાર્ય થઈ શકશે. જેમાં શિક્ષકો સાચા અર્થમાં બ્રહ્મા કે વિશ્વકર્માની ભૂમિકા ભજવી શકશે.

Scanned with CamScanner

# જીવનલક્ષી શિક્ષણ

– મેઘના માટીએડા
રોલ નં. ૩૬

શિક્ષણનું જીવનલક્ષીપણું બાળકના જીવન સાથે અને તેની આસપાસની દુનિયાના જીવન સાથે અનૂટપણે સંકળાયેલું હોવું જોઈએ. જીવનલક્ષીપણાંની સાચી બુનિયાદ એ છે કે તેની નજર વિદ્યાર્થીની બદલાતા કાળની વિવિધ જરૂરિયાતો તેની આસપાસની દુનિયાની જરૂરિયાતોથી વિખૂટી પડેલી નથી હોતી તે પણ ધ્યાનમાં રાખવું પડે. એટલે કે વિદ્યાર્થીના અભ્યાસની દરેકેદરેક ક્રિયાપ્રક્રિયા તેની અને તેના સમાજની જરૂરિયાતોને લક્ષમાં રાખીને યોજાવી જોઈએ. આજની પરિસ્થિતિ જુદી છે.

સામાન્ય કોટિની પ્રાથમિક શાળાના વિચારને એક બાજુએ રાખી સારી કહેવાતી બુનિયાદી શાળા તરફ નજર કરીએ તો ત્યાં પણ જીવનની જરૂરિયાતો તરફ દુર્લક્ષ સેવાતું જોવામાં આવે છે અને તેટલે અંશે શિક્ષણનું કાર્ય જીવનલક્ષી બની શકતું નથી. આપણા અભ્યાસક્રમો તરફ નજર કરો. એ અભ્યાસના પ્રણાલિકાગત ચાલતા આવેલા વિષયોના શિક્ષણ તરફ નજર કરો. શિક્ષણ માટે તૈયાર થતા આયોજનો તપાસો. કોઈપણ શાળાનું સમયપત્રક જુઓ. વર્ગમાં શિક્ષણના કાર્ય તરફ નજર નાંખો અને પછી વરસ દરમ્યાન થયેલાં કામોનાં મૂલ્યાંકનોનું સ્વરૂપ જુઓ. આ બધું એમ જ પુરવાર કરશે કે તેની પાછળ ભણનાર બાળકની અને તેના સમાજની સાચી જરૂરિયાતોની ખરી રીતે તો ઉપેક્ષા જ કરવામાં આવી છે. છેક જ સામાન્ય નજરે જોઈએ છીએ ત્યાં પણ એમ દેખાયા વિના રહેતું નથી કે વિદ્યાર્થીનું ઘરનું જીવન અને શેરી કે લત્તાનું જીવન તેના શાળા જીવનથી છેક જ વિખૂટું પડી ગયેલું છે. શાળામાં જે જરૂરિયાતોને મહત્ત્વ આપવામાં આવતું હોય છે તે જરૂરિયાત બાળકના ઘરના અને શેરીના જીવનથી તદ્દન જુદા પ્રકારની જોવા મળે છે. એટલું જ નહીં પરંતુ ઘણી વખત તો વિદ્યાર્થીનું શાળા બહારનું જીવન અને તેના એ જીવનની જરૂરિયાતો તેના વિકાસને બાધક છે તે પ્રકારનું ઉગ્ર વાતાવરણ પણ સર્જવામાં આવે છે. બાળકનું શાળા બહારનું જીવન તેના વિકાસનું સાધક નથી અને બાધક છે તેમ કહેવામાં વાંધો નથી. પણ તેમ તો ખુદ શાળાનું જીવન પણ બાળકના વિકાસને કેટલીય વખત રૂંધનારું હોય છે. તે આપણે ક્યાં નથી જાણતા ! મારે કહેવાની વાત એ છે કે વિદ્યાર્થી જીવનના જુદા જુદા તબક્કાઓની તેની બૌદ્ધિક, માનસિક, સામાજિક, ઉર્મિલ અને આધ્યાત્મિક જરૂરિયાતો સમજી લેવાનું અને તેની સમજણ ઉપર શિક્ષણકાર્ય રચવાનું આજે હર કોઈ શિક્ષક માટે અનિવાર્ય બનેલું હોવું જોઈએ.

બાળકની એવી જરૂરિયાતોને અવગણવામાં આવે તો તેના જીવનમાં નિરાશા પેદા થાય, અને આત્મશ્રદ્ધા પ્રગટવાનું મુશ્કેલ બને. આજે આપણું શિક્ષણકાર્ય આ રીતે ચાલી રહેલું છે અને તેથી એ કાર્યમાં જીવનલક્ષીપણાનું તત્ત્વ ખૂટે છે. આવતી કાલનો યુવાન આત્મશ્રદ્ધા વિહોણો બનતો હોય અને મૌલિક્તા વિનાનો બની રહેતો હોય છે. તેના મૂળમાં આપણી શાળાઓમાં જીવનલક્ષીપણાનો અભાવ રહેલો છે તે છે. તેટલાં માટે જ બુનિયાદી શિક્ષણ સંસ્થા સારુ જીવનલક્ષીપણુ એ તો એક અનિવાર્ય આવશ્યક્તા ગણાવી જોઈએ. બુનિયાદી શાળાના વ્યવહારો ઉપર ગણાવ્યા પ્રમાણેના બાળકના જીવનનાં વિવિધ પાસાંની જરૂરિયાતોને સમજનારા અને પોષનારા હોય. એમ બનવા સંભવ છે ખરો કે બાળકની બધી જ જરૂરિયાતો તેના વિકાસક્રમમાં આવશ્યક હોય અને સહાયક હોય તેવું ન પણ બને. પરંતુ એવું તો માનવી માત્રના જીવનમાં બન્યા કરતું હોય છે. મનુષ્ય જીવનની સાથે એવી તો અનેક નિર્બળતાઓ સંકળાયેલી છે કે જે શુદ્ધ અને સંસ્કારી જીવનમાં આડખીલીરૂપ બને.

પરંતુ શિક્ષણનું કાર્ય તો એક સાચા પ્રયોગવીરનું કાર્ય છે અને તે કાર્ય હંમેશા નવાં-નવાં સંશોધનની ભૂમિકા ઉપર ચાલ્યા કરતું હોય છે. પ્રયોગવીર અને સંશોધક સાચા અર્થમાં મનોવૈજ્ઞાનિક શિક્ષક સાચી જરૂરિયાતોને આવકારશે, પોષશે અને પાંગરવા દેશે. આવો મનોવૈજ્ઞાનિક અભ્યાસી શાસ્ત્રીય દ્દષ્ટિવાળો અને જીવન કલાકાર શિક્ષક બુનિયાદી શિક્ષણ સંસ્થા માટે અનિવાર્ય ગણાય અને તેવા શિક્ષકો તૈયાર કરવા માટે સમાજના હિતચિંતકોએ પણ હંમેશા તૈયાર રહેવું પડશે.

Scanned with CamScanner

# જીવનલક્ષી શિક્ષણ

- મોહસીન ખાન
રોલ નં. ૨

કેળવણી જીવન માટે હોય છે, અને એટલે તે જીવનની સાથે અતૂટપણે સંકળાયેલી છે, એ વાત આપણે હવે સ્વીકારી છે. આટલો સ્વીકાર કર્યા પછી કેળવણીની ચાલુ પ્રણાલિકા તરફ આપણી નજર જવા લાગી છે અને આપણે સમજવા લાગ્યા છીએ કે આજે અપાતી કેળવણી તે જીવનની કેળવણી નથી. આજની કેળવણીની પ્રથામાંથી મનુષ્યજીવન પાંગરતું નથી. આપણે જેને કેળવાયેલી ગણીએ તેવો માણસ આજની કેળવણીથી તૈયાર થઈને બહાર પડતો હોય તેવું જોવા મળતું નથી. આથી ઊલટું, આજે તો હવે એવી બૂમો ઊઠવા લાગી છે, કે આજની કેળવણી જીવનને પોષક નહિ, પરંતુ વિઘાતક દેખાય છે. પ્રાથમિક શિક્ષણથી લોકોને સંતોષ થતો નથી. માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થી માટે જીવનનું કોઈ ચોક્કસ માર્ગદર્શન નથી અને ઉચ્ચ શિક્ષણ ચારિત્ર્યનું ઘડતર કરી શકે છે કે કેમ ? એ વિષયમાં શંકા ઊઠવા લાગી છે. જીવનની કેળવણીને સર્વાંગી સ્વરૂપની કેળવણી ગણીએ તો કેળવણી લેનારનાં બુદ્ધિ સિવાયનાં બીજાં બધાં અંગો વિકાસના અભાવે ભૂખે મરે છે, તેમ કહેવું જોઈએ. બુદ્ધિનો વિકાસ પણ કોઈ સંસ્કારી પ્રદેશમાં વિહાર કરી શકે તેવો બનતો હોય તેવું પણ જણાતું નથી. આ પરિસ્થિતિ આપણને એવું સૂચન કરી જાય છે કે આજની કેળવણી તે જીવનની કેળવણી નથી.

જીવનની કેળવણી એટલે શું ? જીવનની કેળવણી એટલે કેળવણીના પ્રયત્નો દ્વારા ભણનારના જીવનના તમામ અંગોનો સાચો અને સમતોલ વિકાસ થાય તે. આપણે સમજીએ છીએ કે કેળવણી લેનારને શરીર છે, બુદ્ધિ છે, મન છે અને હૃદય પણ છે. આ તત્ત્વો પૈકી, આજે તો માત્ર બુદ્ધિની કેળવણીને જ સ્પર્શવામાં આવે છે. હમણાં હમણાં શારીરિક કેળવણી તરફ આપણું લક્ષ ગયું છે ખરું, પરંતુ તેને તો શિક્ષણની ઈતરપ્રવૃત્તિ ગણીને જીવનવિકાસ માટેના આવશ્યક અનુબંધથી વંચિત રાખી છે. મનની કે હૃદયની કેળવણી માટે જે વૈજ્ઞાનિક દૃષ્ટિ જોઈએ અને માનવતાભર્યું હૈયું જોઈએ. તે આજના કેળવણીકારના જીવનમાં દેખાતું નથી. બુદ્ધિનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી ભવિષ્યમાં બુદ્ધિનું રાક્ષસીપણું મેળવીને બુદ્ધિનો દૂરૂપયોગ કરતો દેખાય છે. શરીરની કેળવણી કાં તો કુસ્તીબાજો પેદા કરે છે અને કાં તો હરીફાઈ દ્વારા એકબીજા માટે દ્વેષ અને વેરઝેર પેદા કરાવે છે. ભણનાર વિદ્યાર્થીના માનસિક વલણો કઈ દિશામાં વહેતાં હોય છે તેનો ભણાવનારને ખ્યાલ હોતો નથી, અને તેથી માનસિક વિકૃતિમાંથી વિદ્યાર્થીને બચાવી લેવાનું અને મનનાં વહેણોને સંસ્કૃતિ તરફ વાળવાનું કામ કેળવણી આપનાર કરી શકતો નથી. હૃદયની સારીમાઠી ઊર્મિઓ માણસ પાસે કેવા કેવા કામો કરાવી શકે છે ? તેની સાચી સમજણ નહીં હોવાથી, ભણનારની વૃત્તિને અને આવેગોને સાચે માર્ગ વાળી શકવાનું બની શકતું નથી.

હૃદય વિનાના માણસ તરફ આપણને સૌને ઘણી વખત અણગમો આવતો હોય છે એ હકીકત આપણા સૌના અનુભવનો વિષય છે. આમ છતાંયે શિક્ષણનું કાર્ય કરી રહેલી વ્યક્તિનાં ઘણાં વ્યવહારો સહૃદયતા વિનાના હોય છે. તેવું આપણે જોઈએ છીએ. આવા શિક્ષકોનું વર્તન તોછડું અને નિર્દય પણ જોવા મળે છે. બીજી બાજુએ બાળકને શિક્ષણ આપતી વખતે એક સહૃદય વ્યક્તિ શિક્ષકની સામે પડેલી છે. તેની પણ ભારે અવગણના કરવામાં આવે છે. બાળકને હૃદય છે અને એ હૃદય અનેક ઊર્મિઓ અને લાગણીઓથી ભરેલું છે.

Scanned with CamScanner

ભણાવનાર વ્યક્તિના વિવિધ વ્યવહારો બાળકના હૃદયની લાગણીઓને સ્પર્શતા હોય છે અને એવો સ્પર્શ બાળકનું સમગ્ર ચારિત્ર્ય ઘડતો હોય છે. આ સત્ય શિક્ષણની દુનિયામાં આજે છેક જ વીસરાઈ ગયું છે. આપણે હૃદયની કેળવણીની વાતો કરીએ છીએ પરંતુ એ કેળવણી એટલે શું તેનો આપણને સાચો ખ્યાલ નથી. હૃદય લાગણીઓ અને ઊર્મિઓથી ભરેલું છે. બાળકની એવી લાગણીઓને અને ઊર્મિઓને આદર આપીએ અને તેના યોગ્ય વિકાસમાં વિઘ્નકર્તા ન બનીએ તે હૃદયની કેળવણીનું પહેલું પગથિયું છે. ત્યાર પછી બાળકની તમામ ઊર્મિઓ સાચા માર્ગે વળતી રહે અને એની લગણીઓ સુસંસ્કૃત બને તો બાળકના હૃદયનો સાચો વિકાસ શક્ય બને. નવી કેળવણી બાળકના હૃદયને બિલકુલ વિસારતી નથી અને તેવી કેળવણી માટે શક્ય તેટલા બધાં જ વૈજ્ઞાનિક અને માનવતા ભર્યા માર્ગોનું નિર્માણ કરે છે.

જીવનની કેળવણી શું છે ? અને શું નથી ? તેનો આછો ખ્યાલ આટલી વાતો વાંચવાથી આવી શકે છે. જીવનની કેળવણીના એવા માર્ગે પ્રયાણ કરી રહેલું બાળક સમાજનું એક અનિવાર્ય અંગ છે, તેવી પ્રતીતિ શિક્ષણના આવા સાચા કાર્યમાંથી સહેજ થઈ આવે છે અને તે દ્વારા વ્યક્તિનું સામાજિક સ્વરૂપ ઘડવાની દિશામાં કેળવણીકાર પાસે નિત્યનવીન માર્ગો ઊઘડતા જાય છે. જીવનની કેળવણીનો આ મહિમા છે અને તે આપણે સૌ સમજીએ.

I've traveled the world twice over,
Met the famous; saints and sinners,
Poet and artists, kings and queens,
Old stars and helpful beginners.
I've been where no-one's been before.
Learned secrets from writers and cooks.
All with one library ticket
To the wonderful world of books.

- Unknown

Scanned with CamScanner

# સાતત્ય વિનાનું શિક્ષણ

- અમી ગાંધી
રોલ નં. ૩૩

આપણી શિક્ષણવ્યવસ્થા વિદ્યાર્થીઓને કમાઈ ખાવાની કરામત જ શીખવે છે, જીવનનાં મૂળભૂત મૂલ્યો માનવીને માનવી બનાવે એ ગુણધર્મો હવે શીખવાતા નથી. આપણને નાના નાના ક્ષેત્રના તજજ્ઞો જોઈએ છે એ તજજ્ઞનું ફલક નાનું થતું ગયું છે અને એમાંથી જે બાદબાકી થઈ છે તે માનવીને માનવી બનાવે તે માનવ વિદ્યાની તજજ્ઞ નિપુણ થયા, પણ સારા માનવી થવામાં કચાશ રહી ગઈ. પરિણામે એક ભૌતિકવાદી સમાજ-રચના અસ્તિત્વમાં આવી. આવી સમાજ-રચનામાં પૈસા, સંપત્તિ, ભૌતિક સુખો મેળવવાની વૃત્તિ જ પ્રધાનપદે હોય છે. આવી સમાજ રચનામાં આપણે જીવીએ છીએ અને આપણું હાલનું શિક્ષણ એ મૂલ્યોને પોષે છે.

આપણા સરેરાશ શિક્ષકો વર્ગખંડોમાં વિદ્યાર્થીઓને ઉદ્દેશીને જે વિશેષણો વાપરે છે, જે ભાષા બોલે છે તે માત્ર અશિષ્ટ નહિ પણ ધિક્કાર પ્રેરે એવાં છે.

ન્યાત જાત, મા-બાપ, પશુઓ, ગુજરાતી ભાષાનાં પ્રચલિત-અપ્રચલિત વિશેષણો અપશબ્દો બધાં જ વર્ગમાં વિદ્યાર્થી સાથેના વ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે અને બચાવ કરવાને અસમર્થ એવા બાળકો આનો ભોગ બને છે ને સાક્ષી બને છે. શિક્ષક તરફ એ સતત નફરત કેળવતા થાય છે. શિક્ષકો સમાજમાં આદરણીય કેમ થતા નથી ? એનાં કારણોમાંનું એક આ પણ છે. શિક્ષણની આખી પ્રક્રિયા શિક્ષક માટે કેવળ અર્થોપાર્જનનું સાધન બની છે, વિદ્યાર્થી માટે એ અનિવાર્ય અનિષ્ટ બની છે.

શાળાઓમાં વધતી જતી અશિસ્તમાં સૌથી મોટી સમસ્યા વિદ્યાર્થીઓની વર્ગમાંની ગેરહાજરી અંગેની છે. આપણી શિક્ષણ સંસ્થાઓમાં બે પરિબળો કામ કરે છે. એક પરિબળ શ્રીમંતોનાં છોકરાઓનું છે અને બીજું રાજકારણી બડેખાંઓનાં છોકરાંઓનું. આ છોકરાંઓ કૉલેજમાં દાખલ થાય છે, ત્યારે એમનું લક્ષ પોતાની સમૃદ્ધિનું પ્રદર્શન કરવાનું, એ સમૃદ્ધિથી જે કંઈ ખરીદી શકાય તે ખરીદવાનું જ હોય છે. આ વિદ્યાર્થીઓ વર્ગમાં હાજરી આપતા નથી. વિદ્યાર્થી પ્રતિનિધિ સભાની ચૂંટણીમાં ઝૂકાવે છે ત્યારે ધૂમ પૈસો ખર્ચે છે. જો જીતે છે તો એની ઉજવણીમાં પૈસાની છોળ ઊછાળે છે. કૉલેજનાં આંતરિક વહિવટમાં પણ આ બન્ને પરિબળોની પાર વિનાની દાદાગીરી હોય છે.

શિક્ષણ-સંસ્થાઓની મિલકતનું દુરસ્તીકામ કદાચ નાણાંભીડને લીધે થતું નથી અને બીજી બાજુ અસામાજિક તત્વો તરફથી એમાં ભાંગફોડ થતી રહે છે. વિદ્યાર્થીઓ પણ શાળા-કૉલેજોનાં મકાનમાં ભાંગફોડ કરે છે. આપણે ત્યાં આંદોલન - કોઈપણ હેતુ માટેના આંદોલનની પહેલી પ્રતિક્રિયા મકાનની ભાંગફોડ કરવાની છે. કૉલેજની ચૂંટણી હોય, હડતાલ હોય, કોઈ પરત્વે વિરોધ વ્યક્ત કરવાનો હોય, એટલે વિદ્યાર્થીઓ ટોળામાં ભેગા થઈને પથ્થરમારો કરીને મકાનની બારીઓના કાચના ભૂક્કા બોલાવી દે. ઈલેક્ટ્રિક ફિટીંગની

Scanned with CamScanner

તોડફોડ કરે. શાળાનાં મકાનોમાં સરસ કાચની શોભતી બારીઓમાં આજે દેવદારનાં પાટિયા કાચને બદલે લાગેલા દેખાશે. એ વિદ્યાર્થીઓનાં આંદોલનની દેન છે. આપણી સંસ્થાઓમાં અદ્યતન સાધનો રાખવાં પડે છે. આવાં સાધનો પાછળ જે જાળવણીની કાળજી લેવાવી જોઈએ. તેનો અભાવ હોય છે અને એક વાર આવું સાધન બગડયા પછી તેની દુરસ્તીનો ખર્ચ એટલો મોટો હોય છે કે, તે કરાવવા સંસ્થા તૈયાર થતી નથી. એવું જ ઓરડાઓના પંખાઓ, વીજળીના દીવાઓ વિશે કહી શકાય. વિદ્યાર્થીઓ વર્ગમાંથી બહાર નીકળતી વખતે પંખાઓની સ્વીચો બંધ કરવાનું શીખ્યા જ નથી. ઊલટું ખાલી ઓરડાઓમાં બંધ પંખા ચાલું કરવાનું ટીખળ એ કરતા હોય છે.

અધ્યાપકો એક કાળે સમાજનું બ્રેઈન ટ્રસ્ટ ગણાતા. દેશના, સમાજના કોઈપણ પ્રશ્નના પહેલા પ્રત્યાઘાત અહીં પડતા, સમાજને માર્ગદર્શન અહીંથી મળતું. આ બધું ગઈકાલનું બની ગયું. આજે મોટી ચિંતાની વાત તો એ છે કે, અધ્યાપકોને નોકરીની સલામતી મળતાં, પગારધોરણો, સુનિશ્ચિત બનતાં અને નિવૃત્તિ પછીના લાભોની ખાતરી મળતાં એ વર્ગનું અતડાપણું અને અહમ્ વધ્યાં. એક કવિતા લખનારો દેશની સેવા કરે છે એટલી જ સેવા ખેતર ખેડતો માણસ પણ કરે છે. એ વાત સ્વીકારવાને એ તૈયાર નથી. સંઘ જે કહે તે અંતરાત્માની વિરૂદ્ધ હોય તો પણ બાબાવાક્ય પ્રમાણમ્ કહીને મૂંગા મૂંગા કરવું, આરામ ખુરશીમાં બેસીને વાણીવિલાસ કરવો. આટલો મોટો બૌદ્ધિકનો વર્ગ આટલો ઉદાસીન, નિષ્ક્રિય, અશ્રદ્ધાળુ અને મંદપ્રાણ બને એ કેટલા મોટા દુર્ભાગ્યની વાત છે. વિદ્યાર્થીઓને વિફરવા માટેનાં કારણોનું મૂળ પણ અહીં જ છે.

રોટલો રળી ખાવાની કરામત શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરી લેવી. એટલો જ શિક્ષણનો અર્થ આજે કરવામાં આવે છે. પછી રોટલો રળી ખાવા માટે ગમે તે ઉપાયો અજમાવવા પડે, ગમે તેવા ભ્રષ્ટાચાર કરવા પડે કે જૂઠાણાં ચલાવવાં પડે તેમાં કોઈ બાધ આવતો નથી. પરિણામે આપણી આજની શિક્ષણવ્યવસ્થા સાતત્યવિહીન, ઉદ્દેશવિહીન જ રહી છે.

કુંજવિહારી મહેતા

('શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' પુસ્તક)

Scanned with CamScanner

# આંગળી ઝાલીને એને દોરજો !

– રૂચિતા એ. પટેલ
રોલ નં. ૪

હે જગત, મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે; આજે એણે શાળાએ જવાનો નિર્ણય આરંભ કર્યો છે.

અત્યાર સુધી એ પોતાનો રાજા હતો. આજુબાજુનાં આંગણાનો સરદાર હતો, વળી એની ઈચ્છાઓ સંતોષવા હું હાથવગો હતો.

પણ... હવે બધુ બદલાઈ જશે. આજે સવારે એ ઘરનાં પગથિયાં ઉતરશે, હાથ હલાવશે અને મહાન સાહસનો આરંભ કરશે. એ સાહસમાં કદાચ યુદ્ધો, કરૂણ ઘટનાઓ અને વેદનાઓનો પણ સમાવેશ હશે.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું એની કુમળી આંગળી પકડીને દોરજે અને જાણવા જેવું બધું જ શીખવજે, બની શકે તો આ બધા પાઠ મૃદુતાથી શીખવજે.

એણે બધું શીખવું તો પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતા. પણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે. તો બીજી બાજુ સંત લોકો પણ છે. પ્રપંચી રાજકારણીઓ છે, તો સેવાભાવી સજ્જનો પણ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે, અને દુશ્મનો પણ મિત્રો બને છે ખરા; ભલે તેમાં વાર લાગે.

એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડૉલર મફત મળેલા પાંચ ડૉલર કરતાં વધારે મૂલ્યવાન છે. હાર જીરવવાનું શીખવજે, પણ જીતવામાં કેવી મજા છે તે પણ એને શીખવજે. અદેખાઈથી એને અળગો રાખજે, સ્મિતનું મૂલ્ય એને સમજાવજે.

પુસ્તકોની અદ્‌ભુત દુનિયાનાં એને દર્શન કરાવજે.

આકાશમાં ઉડતા પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગુંજારવ કરતી મધમાખીઓ, લીલા ડુંગરા પર ખીલેલાં પુષ્પોનું સનાતન રહસ્ય શોધવા એને થોડોક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

ભલે બીજા બધા એને ખોટો કહે તો પણ એને પોતાના વિચારો ઉપર વિશ્વાસ રાખવાનું શીખવજે. સજ્જન સાથે સજ્જન અને દુર્જન સામે અણનમ રહેતાં શીખવજે. સૌનું ભલે એ સાંભળે, પણ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું હોય તે સ્વીકારતા એને આવડવું જોઈએ.

બીજાઓ જ્યારે પવન પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાંને અનુસરવાને બદલે એ એકલો પોતાને માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજો.

દુ:ખ હોય ત્યારે એને હસવાનું શીખવજે, પણ રડવામાં શરમાવાપણું નથી તે પણ એને કહેજે. મીઠાશથી સાંભળવાનું ને કડવાશથી ન અકળાવાનું એને શીખવજે. આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે તે જોજો. ટોળાની બૂમોથી એ નમી ન પડે અને જે સાચું છે તેને માટે જીવ સટોસટની લડાઈ આપતાં એ અચકાય નહીં એમ એને શીખવજે.

હે જગત, આ બધું એને મૃદુતાથી શીખવજે, પણ એને ખોટાં લાડ લડાવીશ નહીં. સુવર્ણ તો અગ્નિમાં તપીને જ શુદ્ધ બને છે.

મારી લાગણી એને કદાચ વધુ પડતી લાગે, મારી માંગણી મોટી લાગે તો પણ હે જગત, તારાથી જે કાંઈ બની શકે એ બધું કરજે, કારણ કે એ મારો નાનકડો બહુ મજાનો દીકરો છે.

અબ્રાહમ લિંકનનો એના પુત્રના શિક્ષકને પત્ર
(અનુ. ઈશા-કુન્દનિકા)
('ઝરૂખે દીવા' પુસ્તક : ૨૦૦૧)

Scanned with CamScanner

# જીવન દર્શન અંગેના કાવ્યો

## (સ્વાધ્યાય ગીતમાલામાંથી સાભાર)

### કાંતિદીપ પ્રજાળશું !



સંસ્કૃતિનો કાળ ખરેખર, ક્રાંતિ કેરો કાળ છે,
ભક્તિની શક્તિ ધરશું, આ વિશ્વ ઘણું જ વિશાળ છે !
વન્દે જગદ્ગુરુમ્..... વન્દે જગદ્ગુરુમ્.

સંઘમહી સાથે રહીને સહુ, કાંતિદીપ પ્રજાળશું,
એકબીજાના થઈને રહીશું, પ્રેમ ઘણો જ વધારશું,
રાગદ્વેષ ભૂલી જઈને સહુ, એકબીજાને ચાહશું !
કર્મયોગની દીક્ષા લેવી, એજ પ્રભુનું કામ છે,
ભક્તિની શક્તિ ધરશું, આ વિશ્વ ઘણુંજ વિશાળ છે. વન્દે. (૨)

સંગ કરી સાચા સંતનો, સદ્ વિચારને પામશું,
દૂર કરી ખોટા વહેમોને, સાચી ભક્તિ પિછાણશું,
જ્ઞાન તણા સૂરજ પ્રકાશમાં, અંધારુ જ હઠાવશું !
આળસને ખંખેરી, ઉભા થવાનો આ કાળ છે,
ભક્તિની શક્તિ ધરશું, આ વિશ્વ ઘણું જ વિશાળ છે. વન્દે. (૨)

તલનો સ્નેહ ધરી જીવનમાં, વિશ્વ કુટુંબ બનાવશું,
ગોળ તણી મીઠાશ લઈ સહુ, જીવન મિષ્ટ બનાવશું,
ઘૃતમાંથી પુષ્ટિ લઈને, મન બુદ્ધિ પુષ્ટ બનાવશું,
તલગોળના લાડુમાંથી એ, લેવા જેવો સાર છે.
ભક્તિની શક્તિ ધરશું, આ વિશ્વ ઘણું જ વિશાળ છે. વન્દે. (૨)

જીવનના રંગીન પતંગો, આકાશે ઉડાવશું,
જ્ઞાન ભક્તિ કેરા રંગોથી જીવનને શણગારશું,
દોર પતંગ તણો જીવનનો ઈશ્વર હસ્તક આપશું !
અહંકાર છોડી દઈ, એના થઈ જાવામાં માલ છે,
ભક્તિની શક્તિ ધરશું, આ વિશ્વ ઘણું જ વિશાળ છે. વન્દે. (૨)

*('મકરસંક્રાંતિ' પર્વનું રહસ્ય દર્શાવતું ગીત)*

Scanned with CamScanner

## આ ઘટા બનાવી શા માટે ?

આ ઘટા બનાવી શા માટે ?
હું પ્રકૃતિને પૂછું છું આ પ્રીત વહાવી શા માટે ? - આ ઘટા
વન-ઉપવન ને વહેતાં ઝરણાં
મંદ સમીર ને માદક ફૂલડાં
પંખીડા મીઠા કલરવ, આ વિશ્વતણા વાટે ઘાટે ! - આ ઘટા
ધાન્ય ભરેલી ધરા ઢળેલી,
અર્પી રહી નિજ હૈયું રેલી !
માનવ કે દાનવ ના ગણતી, ના આશા બદલા માટે ! - આ ઘટા
સાગર ગર્જે, વાદળ વરસે,
ધરતી પર નવસૃષ્ટિ સર્જે !
નદીઓ વહેતી પરને કાજે, સરતી એ સાગર વાટે ! - આ ઘટા
સૂર્ય-ચંદ્ર ને અગણિત તારા,
કરે પ્રકાશિત જગને સારા !
હૂંફ શીતળતા અર્પે સહુને, ના આશા બદલા માટે ! - આ ઘટા
સંધ્યા-ઉષા આભ છવાઈ,
નભ લેતું અવિરત અંગડાઈ !
અંબરનું ઉર ઉછળે શાને, રંગ તણી રમણીય છાંટે ? - આ ઘટા
પ્રકૃતિ બોલી મુસ્કાઈ,
છોડ તું માનવ સ્વાર્થ સગાઈ
નિષ્કામ કર્મયોગી બની જા, જીવી જા બીજા માટે !
આ ઘટા બનાવી તે માટે.
અર્પે છે કુદરત આ જગમાં
ભરી અયાચકતા રગ રગમાં
સમજે માનવ સાર જીવનનો
સઘળું સર્જન તે માટે
આ ઘટા બનાવી તે માટે.
આ પ્રીત વહાવી તે માટે.

*(માનવ જીવન માટે 'પ્રકૃતિના સંદેશ'નું ગીત)*



## મૂશ્કિલેં આયેગી..... આને દો...

મૂશ્કિલેં આયેગી આને દો
સાગર મેં તૂફાન ઉઠને દો
હમેં રૂકના નહીં
હમેં ઝૂકના નહીં
કામ પ્રભુકા હમેં કરના હૈ ...મૂશ્કિલેં
પહાડ-પર્વત દુર્ગમ હો
પથ પર કંકર હી કાંટે હો
હમેં હટના નહી
હમેં મિટના નહી
વેદોંકી ચટ્ટાન ચઢના હૈ ...મૂશ્કિલેં
અંધેરા છાયા હૈ છાને દો
કાલી ઘટા ઘન આને દો
હમેં સોના નહી
હમેં રોના નહી
ગીતા કા જ્ઞાન હમેં દેના હૈ ...મૂશ્કિલેં
મીરાં કા વિષપાન જ્ઞાત હૈ
વિષ પચાના બડી બાત હૈ
મીરા રોઈ નહીં
શ્યામ ભૂલી નહીં
શ્યામ ઢૂંઢતે શ્યામ ખુદ હોના હૈ ...મૂશ્કિલેં

Scanned with CamScanner

## માનવ-મન !

આડો અવળો વાંકો ચૂકો,
જેનો મળે ના તાળો !
માનવ-મનનો માળો !

ક્યાંક તો છલકે સાગર સુખના,
ક્યાંક ઘૂઘવતા દરિયા દુઃખના,
કોઈ દરિયે ડૂબે, કોઈ મરજીવો તરનારો !
માનવ-મનનો માળો !

કોઈ સુખમાં દુઃખને પેખે,
કોઈ દિલડું દુઃખમાં મ્હેંકે,
ક્ષણમાં મલકે, ક્ષણમાં છલકે, ક્ષણમાં રૂદન ભાળો !
માનવ-મનનો માળો !

કોઈ બળે છે ભડભડ આગે,
કોઈ બદલે આગને બાગે !
કોઈ ઉર અંગારા ઓકે, કો'હૈયું હેમાળો !
માનવ-મનનો માળો !

કોઈ મનીષા મોટી રાખે,
પામે ના પુરૂષાર્થના વાંકે !
મનની મસ્તી મારી નાખી, પર આશે રળનારો !
માનવ-મનનો માળો !

મનને માધવ-ચરણે મૂકું,
એના વિણ બીજે ના ઝૂકું !
ભક્તિની શક્તિથી મનડું મસ્ત મલકતું ભાળો !
માનવ-મનનો માળો !

*'માનવ મન'ના ગુઢ રહસ્યનું ગીત*



## સંદેશ

સંદેશ નવલા વર્ષ તણો,
જ્યાં અંધારું ત્યાં દીપ બનો ?

ઘરઘરમાં રંગોળી પૂરો,
ઘટઘટમાંથી કાઢો કૂડો !
રાગદ્વેષનાં ફટાકડાને હસતાં-હસતાં હણો !...... સંદેશ.

જગને-ઝગમગતું રે કરવા,
શુભ સંકલ્પો ઉરમાં ધરવા,
સંકલ્પો સાકાર થશે, જો પ્રયાસ અંતરનો !...... સંદેશ.

જાળાં કાઢું હું અવગુણના,
તોરણ બાંધુ હું સદ્‌ગુણના,
ઉર આંગણ શણગારુ, રંગ પૂરીને રામતણો...... સંદેશ.

શ્રીને સરસ્વતી પૂંજન,
રિદ્ધિ સિદ્ધિ કેરું અર્ચન !
દૂર કરી હું તિમિર જગતનું, ભક્ત બની પ્રભુનો !.....
સંદેશ.

*(નૂતન વર્ષના પ્રથમ દિવસનું ગીત)*

Scanned with CamScanner

## એક જ અરમાન.....

એક જ અરમાન છે મને મારું જીવન સુગંધી બને
ફૂલડું બનું કે ભલે ધૂપસળી થાઉં
આશા છે સામગ્રી પૂજાની થાઉં
ભલે કાયા આ રાખ થઈ શમે..... મારું જીવન
તડકા છાયા કે વા વર્ષાના વાયા
તોયે કુસુમો કદી ન કરમાયા
ઘાવ ખીલતા ખીલતા એ ખમે..... મારું જીવન
જગની ખારાશ બધી ઉરમાં સમાવે
તોયે સાગર મીઠી વર્ષા વરસાવે
સદા ભરતી ને ઓટમાં રમે..... મારું જીવન
વાતાવરણમાં સુગંધ ના સમાતી
જેમ જેમ સુખડ ઓરસીયે ઘસાતી
પ્રભુ કાર્યે ઘસાવું ગમે..... મારું જીવન
ગૌરવ મહાન છે પ્રભુ કાર્ય કેરું
ના જગમાં કામ કોઈ એથી અદકેરું
પાર્થ તેથી પ્રભુને ગમે..... મારું જીવન

*(જીવનના શ્રેષ્ઠ સંકલ્પ અંગેનું ગીત)*





## કોડિયું !

કોડિયું નાનું ભલે ને હું,
સદાયે રહું છું ઝગમગતું ! - કોડિયું.
સૂરજ પાસેથી શીખ સૌને મળે છે,
પથ-દર્શક બનનારે બળવું પડે છે !
સાક્ષાત્ સંદેશો સૂરજનો છું ! - કોડિયું.
જગ આખુ બગડયું છે કોણ એ સુધારે ?
દંભી ને કામચોર એવું વિચારે !
તિમિર દૂર તગડું નિરાશાનું ! - કોડિયું.
મારાથી થાય શું ? કદી ના વિચારું,
શક્તિ મારી બધી એ કામે લગાડું !
સ્પર્શે ના લાઘવનું અંધારું ! - કોડિયું.
સામટું આવે ને ભલે જગનું અંધારું
તોયે હૈયાની હું હિમ્મત ના હારું !
સંતાન આખર તો સૂર્ય તણું છું ! - કોડિયું.

*'કોડીયા'ના સંદેશનું ગીત*



## બહેની હૃદય ભાવભીની છે.

મારી બહેની કરોડોમાં એક જ
હૃદય ભાવભીની છે !

એ તો નભના ચંદાની શીત ચાંદની છે,
વહે ગંગાસમી એ જગપાવની છે,
રહે પંક છતાં ખીલતી નલિની,
હૃદય ભાવભીની છે !

એની આંખો શુભાશિષ વાહિની છે,
સરલાને સુધારસ પાયિની છે,
હરિરસ એ સકલને પાતી
હૃદય ભાવભીની છે !

ભાઈ કાજે હૃદય ભાવ ભરતી છે,
દિલ સોના વિશુદ્ધ સદા કરતી છે,
એની રક્ષામાં સ્નેહ દીસે સાચો
હૃદય ભાવભીની છે !

એનું તિલક કપાળે ત્રીજી આંખડી છે,
ભોગ કર્દમ એ ભાવ પુષ્પ પાંખડી છે,
બને બંધુ સ્મરાંતક સાચો,
હૃદય ભાવભીની છે !

*(રક્ષાબંધન : ભાઈબીજના અવસરનું ગીત)*

## વિચારોનું વાવેતર

- હિતેશ મકવાણા
રોલ નં : ૨૫

મળે જો મૂલ્ય ચૂકવી 'મૂલ્યો' તો
ખરીદનારાંની ખોટ નથી ;
મેળવવા ખાંડાની ધાર ....
આચરનારાં ઓછાં
શ્વાસનારાં જૂજ છે.
આ જરાતરામાં સહજભાવે જ
શિક્ષકનો સમાવેશ હોય.
એક સભર શિક્ષક તો
વિચાર બીજાના વાવેતર કરે....
એ તો તેનું નૈમિતિક કર્મ છે.
આ કંઈ નાનું સૂનું કામ નથી ;
નથી તેને હાર, નૈરાશ્ય, નૈષ્ફલ્યનો ભય.
પારસ જેવો પારસ કરી શકે લોહને કંચન
છતાં ન ઉપજાવી શકે અન્ય પારસ !
પણ શિક્ષક ?
જેના પરસે (સ્પર્શથી) ઉપજે અદકેરા અનેક ...
અહા ! એ તો શિક્ષક,
હા, આપણે એ શિક્ષક.

Scanned with CamScanner

# જીવનની કેળવણી

- મીરા પઢિયાર
રોલ નં. ૧૦

કેળવણી એ જીવન માટે હોય છે અને એટલે તે જીવનની સાથે અતૂટપણે સંકળાયેલી છે. એ વાત આપણે હવે સ્વીકારી છે. આટલો સ્વીકાર કર્યા પછી કેળવણીની ચાલુ પ્રણાલિકા તરફ આપણી નજર જવા લાગી છે અને આપણે સમજવા લાગ્યા છીએ કે આજે અપાતી કેળવણી તે જીવનની કેળવણી નથી. આજની કેળવણીની પ્રથામાંથી મનુષ્ય જીવન પાંગરતું નથી. આપણે જેને કેળવાયેલો ગણીએ તેવો માણસ આજની કેળવણીથી તૈયાર થઈને બહાર પડતો હોય તેવું જોવા મળતું નથી, આથી ઉલટું આજે તો હવે એવી બૂમો ઉઠવા લાગી છે કે આજની કેળવણી જીવનને પોષક નહિ. પરંતુ વિઘાતક દેખાઈ છે, પ્રાથમિક શિક્ષણથી લોકોને સંતોષ થતો નથી. માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થી માટે જીવનનું કોઈ ચોક્કસ માર્ગદર્શન નથી અને ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થી માટે જીવનનું કોઈ ચોક્કસ માર્ગદર્શન નથી અને ઉચ્ચ શિક્ષણ ચારિત્ર્યનું ઘડતર કરી શકે છે. કેમ એ વિષયમાં શંકા, ઉઠવા લાગી છે. જીવનની કેળવણીને સર્વાંગી સ્વરૂપની કેળવણી ગણીએ તો કેળવણી લેનારનાં બુદ્ધિ સિવાયનાં બીજા બધા અંગો વિકાસના અભાવે ભુખે મરે છે તેમ કહેવું જોઈએ. બુદ્ધિનો વિકાસ પણ કોઈ સંસ્કારી દેશમાં વિહાર કરી શકે એવો બનતો હોય તેવું પણ જણાતું નથી આ પરિસ્થિતિ આપણને એવું સૂચન કરી જાય છે કે આજની કેળવણી તે જીવનની કેળવણી નથી.

ત્યારે જીવનની કેળવણી એટલે શું ? જીવનની કેળવણી એટલે કેળવણીનાં પ્રયત્નો દ્વારા ભણનારાનાં જીવનમાં તમામ અંગોનો સાચો અને સમતોલ વિકાસ થાય તે. આપણે સમજીએ છીએ કે કેળવણી લેનારને શરીર છે, બુદ્ધિ છે, મન છે, હૃદય પણ છે. આ તત્વો પૈકી આજે તો માત્ર બુદ્ધિની કેળવણીને જ સ્પર્શવામાં આવે છે. હમણાં, હમણાં શારીરિક કેળવણી તરફ આપણું લક્ષ ગયું છે ખરું પરંતુ તેને તો શિક્ષણની એક ઈતર પ્રવૃત્તિ ગણીને જીવન વિકાસ માટેના આવશ્યક અનુબંધથી વંચિત રાખી છે. મનની કે હૃદયની કેળવણી માટે જે વૈજ્ઞાનિક દૃષ્ટિ જોઈએ અને માનવતાભર્યું હૈયું જોઈએ તે આજના કેળવણીકારનાં જીવનમાં દેખાતું નથી. બુદ્ધિનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી ભવિષ્યમાં બુદ્ધિનું રાક્ષસીપણું મેળવીને બુદ્ધિનો દુરૂપયોગ કરતો દેખાય છે. શરીરની કેળવણી કાં તો કુસ્તીબાજો પેદા કરે છે અને કાં તો હરીફાઈ દ્વારા એકબીજા માટે દ્વેષ અને વેરઝેર પેદા કરાવે છે. ભણનાર વિદ્યાર્થીના માનસિક વલણો કઈ દિશામાં વહેતા હોય છે. તેનો ભણાવનારને ખ્યાલ હોતો નથી અને તેથી માનસિક વિકૃતિઓમાંથી વિદ્યાર્થીને બચાવી લેવાનું અને મનનાં વહેણોને સંસ્કૃતિ તરફ વાળવાનું કામ કેળવણી આપનાર કરી શકતો નથી, હૃદયની સારી-માઠી ઉર્મિઓ માણસ પાસે કેવા કેવા કામો કરાવી શકે છે, તેની સાચી સમજણ નહિં હોવાથી, જાણનારની વૃત્તિને અને આવેગોને સાચે માર્ગે વાળી શકવાનું બની શકતું નથી.

જીવનની કેળવણી ઉપર્યુક્ત બધા અંગોને આવરી લઈને આજે ચાલી રહેલો બગાડ અટકાવી શકશે અને જે લાભો પ્રાપ્ત કરવાનું શક્ય બન્યું નથી. તે લાભો મેળવવાનો રસ્તો મોકળો કરી શકશે. આટલા માટે જ જીવનની કેળવણીને આપણે સર્વાંગી અથવા તો સર્વોદયની કેળવણી કહીએ છીએ. ઘણા વર્ષોથી ઘરેડમાં ચાલતા આવેલા હોવાથી આપણને નવી કેળવણીનું આ સ્વરૂપ સમજાતું નથી, અને તેથી તેમાં વિશ્વાસ બેસતો નથી તે હકીકત છે. ભણનારનાં શરીરને સર્વાંગ સુંદર બનાવવા માત્ર વ્યાયામ કે રમતો જ બસ નથી. આજના કુમાર કે કિશોરને શરીર શ્રમનો મહિમા સમજાવવો જોઈએ અને તે દ્વારા સમાજમાં શ્રમની પ્રતિષ્ઠા બેસાડવી પડશે. નવી શાળા પોતાના અભ્યાસક્રમમાં શરીર શ્રમને સ્થાન આપે છે, ત્યારે ઘણાં અણસમજુ મા-બાપો તેની સામે વિરોધ ઉઠાવે છે. શાળાનું કામ તો બાળકની બુદ્ધિનો જ વિકાસ કરવાનું છે. એવી ભ્રામિક માન્યતા ઉપર આવા વિરોધો નોંધાવાય છે. બુદ્ધિને તેજસ્વી બનાવવાથી સમાજમાં ધન અને પ્રતિષ્ઠા બંને વધશે એવી માન્યતા પણ પ્રચલિત બની છે. શરીરશ્રમ એ તો ઉતરતી કોટિના માનવીનું કામ છે તેવી બેહુદી માન્યતા આપણને, સાંભળવા મળે છે. આવી નીતિરીતી આપણે નાબૂદ કરવી છે. સમાજમાંથી આવા અન્યાય અને અસમાનતા આપણે ટાળવા

Scanned with CamScanner

એટલા માટે જ શારીરિક કેળવણી નવા સ્વરૂપે શિક્ષણ હોય તો શ્રમનો પ્રતિષ્ઠા આપવી જ પડશે. આ કામ કેળવણીનું છે. જીવનની કેળવણીની દિશામાં આપણે પગલું ભરી ક્ષેત્રમાં પ્રવેશે તેવા બધા જ પ્રયત્નો આપણે કરવાનાં છે અને તો જ શકવાનાં છીએ.

માણસને 'મન' છે એ હકીકત આપણે સ્વીકારી છે પરંતુ એ મનની આંટીઘૂંટીઓનાં કારણો સમજવાનો પ્રયત્ન આપણે કર્યો નથી. શાળામાં ભણતા બાળકનું મન શિક્ષક પારખી લે તો જ એનાં વલણને યોગ્ય દિશા આપવાનું કામ કરી શકાય. આજે તો પરિસ્થિતિ ઉલટી છે. બાળકના મનનો જરા જેટલો પણ આદર કર્યા વિના આવે અથવા તો કોઈ ઉંડા કારણોસર ગેરવર્તાવ કરે તો તે બાળકને દોષિત ગણવામાં આવે છે. શિક્ષક એના ઉપર ખિજાય છે, ચિડાય છે અને ક્યારેક સજા પણ કરે છે. આના પરિણામે બાળકના મન ઉપર ઘણા ખરાબ પ્રત્યાઘાતો પડે છે એ પ્રત્યાઘાતો ખુદ બાળકને ચીડિયું, તોફાની અને ગેરવર્તન કરાવનારું બનાવે છે. આજના શિક્ષણ ક્ષેત્રે આ ઝેરી કુંડાળું ચાલતું રહ્યું છે. બાળકનાં માનસિક વલણોને સાચી રીતે પારખવાનું, કામ હવે જલદી હાથ ધરવાનું રહે છે, બાળક મનનું નિર્બળ છે અથવા તો મનનું મલિન છે, તેવી ફરિયાદ કરનારાઓએ તેવા બાળકના મનમાં ઉંડા ઉતરવું પડશે. બાળકને જાગૃત મન ઉપરાંત એક ઘણું મોટું અજાગૃત મન છે, દરેક શિક્ષકે, માતા-પિતાએ અને કેળવણીકારે આ અજાગૃત મનની ઓળખાણ કરી લેવી તે અત્યંત જરૂરનું છે, એવી ઓળખાણમાંથી બાળક નહીં ઈચ્છવા જેવા અથવા તો જેનો ભેદ પામી ન શકાય તેવા વ્યવહારોનું સાચું રહસ્ય હાથ લાગવાનું છે, એ રહસ્ય કેળવણીના કાર્યને નિર્મળ અને તેજસ્વી બનાવી શકશે, મનની આવી કેળવણી એ પણ જીવનની કેળવણીમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે.

હૃદય વિનાના માણસ તરફ આપણાને સૌને ઘણી વખત અણગમો આવતો હોય છે. એ હકીકત આપણા સૌના અનુભવનો વિષય છે. આમ છતાં એ શિક્ષણનું કાર્ય કરી રહેલી વ્યક્તિનાં ઘણાં વ્યવહારો સહૃદયતા વિનાના હોય છે, તેવું આપણે જોઈએ છીએ. આવા શિક્ષકોનું વર્તન તોછડું અને નિર્દય પણ જોવા મળે છે. બીજી બાજુએ બાળકને શિક્ષણ આપતી વખતે એક સહૃદય વ્યક્તિ શિક્ષકની સામે પડેલી છે. તેની પણ ભારે અવગણના કરવામાં આવે છે. બાળકને હૃદય છે અને એ હૃદય અનેક ઉર્મિઓ અને લાગણીઓમાંથી ભરેલું છે. ભણાવનાર વ્યક્તિના વિવિધ વ્યવહારો બાળકના, હૃદયની લાગણીઓને સ્પર્શતા હોય છે અને એવો સ્પર્શ બાળકનું સમગ્ર ચારિત્ર્ય ઘડતો હોય છે. આ સત્ય શિક્ષણની દુનિયામાં આજે છેક જ વિસરાઈ ગયું છે. આપણે હૃદયની કેળવણીની વાતો કરીએ છીએ પરંતુ તે કેળવણી એટલે શું તેનો આપણને સાચો ખ્યાલ નથી. હૃદય લાગણીઓને અને ઉર્મિઓને આદર આપીએ અને તેના યોગ્ય વિકાસમાં વિઘ્નકર્તા ન બનીએ તે હૃદયની કેળવણીનું પહેલું પગથિયું છે. ત્યાર પછી બાળકની તમામ ઉર્મિઓ સાચે માર્ગે વળતી રહે અને એની લાગણીઓ સુસંસ્કૃત બને તેવા વહેણો તેને માટે ઉભા કરી દેવાય તો બાળકનાં હૃદયનો સાચો વિકાસ શક્ય બને. નવી કેળવણી બાળકના, હૃદયને બિલકુલ વિસારતી નથી અને તેવી કેળવણી માટે શક્ય તેટલા બધા જ વૈજ્ઞાનિક અને માનવતાભર્યા માર્ગોનું નિર્માણ કરે છે.

જીવનની કેળવણી શું નથી અને શું છે તેનો આછો ખ્યાલ આટલી વાતો વાંચવાથી આવી શકે છે. જીવનની કેળવણીનાં એવા માર્ગે પ્રયાણ કરી રહેલું બાળક સમાજનું એક અનિવાર્ય અંગ છે, તેવી પ્રતીતિ શિક્ષણના આવા સાચા કાર્યમાંથી સહેજે થઈ આવે છે અને તે દ્વારા વ્યક્તિનું સામાજિક સ્વરૂપ ઘડવાની દિશામાં કેળવણીકાર પાસે નિત્ય નવીન માર્ગો ઉઘડતા જાય છે. જીવનની કેળવણીનો આ મહિમા છે અને તે આપણે સૌ સમજીએ.

Scanned with CamScanner

# શિક્ષણ અને શિક્ષકધર્મ

પ્રિ. ડૉ. જગદીશભાઈ ગુર્જર
કડકિયા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અંકલેશ્વર

શિક્ષણ એટલે Towards excellency. શિક્ષકે ઉત્કર્ષ સાધવાનો છે. આજે શિક્ષણક્ષેત્રની દશા ચિંતા ઉપજાવે તેવી છે. અહીંનો સ્ટાફ નિષ્ઠાવાન છે. રાજધર્મ નિભાવવાનું ચૂકી જનાર શિક્ષકધર્મ સમજાવતા હોય છે. સહાયક તરીકે વિદ્યા સહાયક, શિક્ષણ સહાયક અને અધ્યાપક સહાયક જેવા રૂપાળા નામ આપી દેવામાં આવ્યા છે. હંમેશા સાચા શિક્ષકોની સમાજને જરૂર રહી છે. સરકારી તંત્ર દ્વારા શિક્ષણક્ષેત્રની ઉપેક્ષા થઈ રહી છે. શિક્ષણ પાછળ મૂડી રોકાણ ઓછું કરવામાં આવે છે. બીજા ક્ષેત્રમાં જો ખર્ચઓ ઓછા કરી શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવે તો સહાયકો બિચારા નહીં રહે.

અભ્યાસક્રમ કદી પૂરો થતો નથી. અભ્યાસક્રમ પૂરો કરવાનું ધ્યેય બરાબર નથી. અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર કરવાનું ધ્યેય પાર પાડી શકે નહીં. અંગ્રેજો આવ્યા અને ગયા એ ઇતિહાસ. ખરેખર શિક્ષણ એટલે ૩૬૦ ડિગ્રી ટ્રાન્સફરમેશન. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનું નિર્માણ શિક્ષકે કરવાનું છે. આ ધ્યેય શિક્ષકનું હોવું જોઈએ. આ ધ્યેયને પાર પાડવાં પોતે ઘડાવું પડે, પોતે રૂપાંતરિત થાય, ખુદનું જીવન ઘડાય તો તે વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ ઘડી શકે. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવી તેનો વિકાસ કરવાનો છે. શિક્ષક પાસેથી હજારો વિદ્યાર્થીઓ પસાર થાય છે. જો આપણે જ ઊણા ઊતરીએ તો કેમ ચાલે ? આપણો પ્રયાસ તો ૧૦૦માંથી મોટા ભાગના સારી રીતે સફળ થાય તેવો હોવો જોઈએ. શિક્ષકે તો સૂતેલા ઝરણાને જગાડવાનું છે. માર્કશીટ અને ડિગ્રી મળી જાય એટલું જ બસ નથી. પ્રશિક્ષણાર્થીએ વર્ગખંડમાં પરફોર્મ કરવાનું છે. લેખકો દ્વારા બહુ લખાય છે. ઘણાં પુસ્તકો ઉપલબ્ધ છે. આપણે એવું કંઈક કરીએ જેથી વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ બનાવી શકીએ.

વિદ્યાર્થીઓમાં વિષય પરત્વે અભિરૂચિ કેળવાય તેમજ મૂલ્યો ઊભા થાય તેવો પ્રયત્ન કરવાનો છે. Virtues કેળવાય તેવું શિક્ષણ આપવાનું છે. આ શિક્ષકધર્મ છે. શિક્ષકનો વ્યવસાય એ કંઈ ગ્લેમરનો વ્યવસાય નથી. તેમાં ભૌતિક સમૃદ્ધિ તરફની દોટ ન હોય. આંતરિક સમૃદ્ધિ કેળવાય તે જરૂરી છે. સાયકલ લઈને જવું તે દૈન્ય નથી. હતાશ થવાની જરૂર નથી. સહાયકોને વધુ મળવાનું જ છે. આપણે આપણો ધર્મ ન ચૂકી જઈએ એનું ધ્યાન રાખવાનું છે. એક્સેલન્સી તરફ જવાય તો સંસ્થા એક્સેલન્ટ બની શકે.

આપણા બધાની યાત્રા છે. આંતર નિરીક્ષણ કરવાનું છે. સાચા શિક્ષક થવાની ભીતરની પ્યાસ હોવી જોઈએ. અંદરથી પ્રકાશ પ્રજ્વલિત કરવાનો છે. ઓમ શાંતિ ઓમ ચલચિત્રમાં એક સુંદર સંવાદ છે. कहते है अगर आप किसी चीझ को दिल से चाहो तो पूरी कायनात उसे मिलाने की कोशीस में लग जाती है । વિદ્યાર્થીઓ બૂમ પારે છે કે ટાઈમ નથી દરેકને ૨૪ કલાકનો સમય મળે છે. બીજી બધી બાબતો માટે યુવાનો ગળાડૂબ સુપર પ્રયત્નો કરે છે. તો કૅરિયર એક્સેલન્સી માટે કેમ નહીં ? એમ.એ. પાર્ટ-૧ પછી પુસ્તકો વેચીને મુક્તિનો અહેસાસ થતો હોય છે. એમ.એ પાર્ટ-૧ પછી એમ.એ. પાર્ટ-૨ની તૈયારી શરૂ થઈ જાય છે. હમણાં ફુલ્લી ચાર્જ છો. બી.એડ્.ના અભ્યાસ પછી તેવા જ રહેજો. કોઈ પંતૂજી ન કહી જાય તેની કાળજી રાખવાની છે. વ્યક્તિત્વનું ઘડતર કરવા, સંક્રમણ કરવા સતત ચાલતા રહેવાનું છે. ઉત્કર્ષ સાંધતા રહેવાનું છે. બંધિયાર ન બની જશો. અંતમાં એટલું જ કહીશ કે

पथ्थर के जिगर वालों, ग़म में वो रवानी है ।
खुद राह बना लेगा, बहता हुआ पानी है ।

(ઉત્કર્ષ અંક-૧૮ના લોકાર્પણ પ્રસંગે આપેલ પ્રવચનના અંશો)

Scanned with CamScanner

# કૉલેજને ગૌરવ અપાવવા બદલ અભિનંદન.....

(૧) પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ - જેઓ સપ્ટેમ્બર-૨૦૦૯ થી ત્રણ વર્ષ માટે શિક્ષણ વિદ્યાશાખાના અધર પેન ડીન (સભ્ય : એકેડેમિક કાઉન્સિલિંગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી) તરીકે બિનહરિફ ચૂંટાયા.

(૨) પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ - જેઓ ૨૦૦૯-૧૦ના વર્ષ માટે બોર્ડ ઓફ સ્ટડીઝ (એજ્યુકેશનલ મેનેજમેન્ટ એન્ડ કમ્પેરેટીવ એજ્યુકેશન)ના ચેરમેન પદે ચૂંટાયા.

(૩) સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ઉપક્રમે યોજાયેલ ક્લસ્ટર સ્પર્ધામાં વિજેતા થયા.

| | | | |
|---|---|---|---|
| ૧. | હેમાલી જે. વસાવા | રંગોળી સ્પર્ધા | દ્વિતીય |
| ૨. | માલા પી. ભાણાભગવાનવાલા | નાટ્ય લેખન સ્પર્ધા | દ્વિતીય |
| ૩. | મેઘના જી. પટેલ | પોટ પેઈન્ટિંગ | પ્રથમ |
| ૪. | મેઘના આર. પટેલ | વાનગી હરિફાઈ | પ્રથમ |
| ૫. | પ્રિતેશ પી. પટેલ | ગીત હરિફાઈ | પ્રથમ |

(૪) સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે કૉલેજના યજમાનપદે યોજાયેલ આંતર બી.એડ્. કૉલેજની વૉલીબોલ ટુર્નામેન્ટમાં કૉલેજની ટીમ રનર્સ અપ રહી બીજા ક્રમે વિજેતા થઈ.

(૧) કિશોર વસાવા (કેપ્ટન)
(૨) નિતિન ભોયા
(૩) મહેશ વસાવા
(૪) દક્ષેશ કમલાવાલા
(૫) ઈસ્માઈલ જોગીયાત (ક્લાર્ક)
(૬) હિતેશ પટેલ
(૭) ઘનશ્યામ મકવાણા

## કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ

### બી.એડ. (યુનિવર્સિટી) પરીક્ષા ૨૦૧૦નું પરિણામ

| વર્ગ | વિશેષ યોગ્યતા | પ્રથમ વર્ગ | દ્વિતીય વર્ગ | પાસ | નાપાસ | કુલ |
|---|---|---|---|---|---|---|
| સંખ્યા | ૪૦ | ૧૩ | ૦૫ | - | - | ૫૮ |
| ટકા | ૬૯ | ૨૨ | ૯ | - | - | ૧૦૦ |

Scanned with CamScanner

# સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત યોજાયેલી પ્રવૃત્તિઓ

કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯-૧૦ દરમિયાન સ્વર્ણિમ ગુજરાતની સાત ધારા હેઠળ યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે. આ બધી પ્રવૃત્તિઓથી સંસ્થાનું વાતાવરણ આખું વર્ષ દરમિયાન ધમધમતું રહ્યું હતું.

**(૧) જ્ઞાન ધારા :-**

- પર્યાવરણ જાગૃતિ માટે તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ'ની ઉજવણી પ્રસંગે વ્યાખ્યાન અને ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- અવકાશીય ઘટનાની વિશેષ સમજ માટે તા. ૨૨ જુલાઈ ૨૦૦૯ના રોજ 'ખગ્રાસ સૂર્યગ્રહણ'ની માહિતી આકૃતિઓ, ચિત્રો સાથે આપવામાં આવી હતી.
- પ.પૂ. સ્વામી મનિષાનંદજીનાં સાંનિધ્યમાં તા. ૫ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ 'શિક્ષક દિન અને કૉલેજ સ્થાપના દિન'ની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી.
- 'સ્વાઈન ફ્લુ' અંગે જાગૃતિ ફેલાવતું નાટકની રચના અને નાટકની ભજવણી (રજૂઆત) તા. ૮ સપ્ટેમ્બર ૨૦૦૯ના દિને કરવામાં આવી હતી.
- વિદ્યાર્થીઓ દ્વારા તા. ૭ જુલાઈ ૨૦૦૯ના દિને ગુરૂપૂર્ણિમાના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.
- 'વર્લ્ડ લેપ્રસી ડે' નિમિત્તે રક્તપિત્તથી બચાવ અંગે તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ પ્રવચન રાખવામાં આવ્યું હતું.
- 'વર્લ્ડ એઈડસ ડે' નિમિત્તે એઈડસની જાણકારી અને બચાવ અંગે તા. ૧ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ પ્રવચન રાખવામાં આવ્યું હતું.

**(૨) સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા :**

- 'વિશ્વ યુવા દિન' નિમિત્તે તા. ૧૨ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ 'સ્વામી વિવેકાનંદ' વિષય પર નિબંધ લેખનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**(૩) નાટ્ય ધારા :**

- સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ અંતર્ગત આંતર કૉલેજ નાટ્યલેખન સ્પર્ધાનું તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું.
- 'સ્વાઈન ફ્લુ' અંગે જાગૃતિ ફેલાવતાં નાટકની રચના અને રજૂઆત. તા. ૮ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ કરવામાં આવી હતી.
- ૨૦મો વાર્ષિકોત્સવ નિમિત્તે તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ 'લીલું હૈયું, સુકુ પાન' નાટકની ભજવણી કરવામાં આવી હતી.
- આજની પરીક્ષા પદ્ધતિ ઉપર કટાક્ષ કરતું નાટક (એટલે કે પેરોડી) 'એકઝામીનેશન હોલ'ની ભજવણી કરવામાં આવી હતી.

Scanned with CamScanner

(૪) કલા કૌશલ્ય ધારા :-

- સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ અંતર્ગત આંતર કૉલેજ પોટ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન સરકારી વિનીયન અને વાણિજ્ય કૉલેજ નેત્રંગમાં તા. ૨૧ નવેમ્બર ૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. તેમાં ભાગીદારી નોંધાવી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.
- ઉપરોક્ત માહિતીનાં અનુસંધાનમાં વાનગી સ્પર્ધામાં પણ સંસ્થાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.
- રંગોળી સ્પર્ધામાં પણ સંસ્થાએ દ્વિતિય ક્રમ મેળવ્યો હતો.
- પ્રાયોગિક પાઠ માટે ઉપયોગમાં લેવાતાં વિવિધ વિષયનાં શૈક્ષણિક સાધનોનું નિર્માણ પ્રશિક્ષણાર્થીઓએ કર્યું હતું.

(૫) ગીત, સંગીત, નૃત્ય ધારા :-

- નવરાત્રી મહોત્સવ નિમિત્તે પ્રશિક્ષણાર્થી વૃંદ અને સ્ટાફ દ્વારા 'ગરબા'નું આયોજન તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું.
- સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ અંતર્ગત સંસ્થામાં તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૦ના રોજ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વિદ્યાર્થીઓમાં છુપાયેલી આંતરિક શક્તિનાં માપન માટે તા. ૨૭ ઓગષ્ટ ૨૦૧૦ના રોજ ગીત સ્પર્ધાનું આયોજન કર્યું હતું.
- ગુજરાતની મહાનતા અને ગરિમાને વર્ણવતું 'જય સોમનાથ...' ગીતની રજૂઆત સંસ્થાનાં વાર્ષિકોત્સવ દરમિયાન કરવામાં આવી હતી. 'વંદે માતરમ્' ગીતની નૃત્ય દ્વારા રજુઆત પણ કરવામાં આવી હતી.

(૬) વ્યાયામ, યોગ કૂદ ધારા :-

- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન બી.એડ્. કૉલેજો વચ્ચે 'આંતર કૉલેજ વૉલીબોલ ટુર્નામેન્ટ'નું આયોજન સંસ્થામાં કરવામાં આવ્યું હતું.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને અંકલેશ્વર સંચાલિત 'યોગ અને પ્રાણાયામ શિબિર'માં ૧ તાલિમાર્થી ભાઈએ ભાગ લીધો હતો.
- કૉલેજનાં શૈક્ષણિક સમય દરમિયાન ૧ મહિના માટે પ્રા. પારૂલ ટંડેલ તરફથી પ્રશિક્ષણાર્થીઓ માટે મ્યુઝીકલ રિલેક્સેશન એક્સરસાઈઝનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૩-૦૮-૦૯ થી તા. ૧૪-૦૯-૦૯

(૭) સામૂહિક સેવા ધારા :-

- માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત વૃદ્ધાશ્રમ, અટાર, તા. જી. વલસાડની મુલાકાત સંસ્થાનાં પ્રશિક્ષણાર્થીઓએ લીધી હતી.
- સેવા રૂરલ, ઝઘડિયા અને કૉલેજ ઓફ એજ્યુકેશનનાં સંયુક્ત ઉપક્રમે 'આંખ તપાસ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- ડૉ. જયાબેન મોદી હૉસ્પિટલ અને કૉલેજ ઓફ એજ્યુકેશનનાં સહયોગ દ્વારા 'દાંત તપાસ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

Scanned with CamScanner

# વર્ષ : ૨૦૦૯-૧૦ના શૈક્ષણિક વર્ષની ગતિવિધિઓ

## જુન-૨૦૦૯

- નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થી શિક્ષકોનું સ્વાગત
- સંસ્થા પરિચય
- કૉલેજના શૈક્ષણિક તેમજ વહિવટી કર્મચારીનો તેમજ પ્રશિક્ષણાર્થીનો પરિચય કાર્યક્રમ
- બી.એડ્. અભ્યાસક્રમ ઓરિએન્ટેશન
- આંતરિક મૂલ્યાંકન અંગેની સમજૂતિ
- કૉલેજ અને લાયબ્રેરીની આચારસંહિતાથી અવગત કર્યા
- સૂક્ષ્મ અધ્યાપન, સૈદ્ધાંતિક ચર્ચા, નિદર્શન અને પ્રાયોગિક કાર્ય

## જુલાઈ-૨૦૦૯

- તા. ૨૨-૦૭-૨૦૦૯ ખગ્રાસ સૂર્યગ્રહણ માહિતી તેમજ સમજણ
- સુક્ષ્મ અધ્યાપનનું નિદર્શન અને અમલીકરણ
- ગીતગુંજન કાર્યક્રમ
- લાયબ્રેરી ઓરિએન્ટેશન કાર્યક્રમ, વક્તવ્ય દ્વારા તેમજ પ્રદર્શન
- મેક્રો પાઠનું આયોજન, સમજ અને નિદર્શન

## ઓગષ્ટ-૨૦૦૯

- મેક્રો પાઠનું અમલીકરણ (પ્રાગોગિક કાર્ય)
- વિદ્યાર્થી સંઘની રચના
- સ્વાતંત્ર્યદિન (રાષ્ટ્રીય પર્વની) ઉજવણી
- શૌર્યગીત સ્પર્ધા (૧૫-૦૮-૨૦૦૮)
- વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી
- નેક એસેસમેન્ટની પૂર્વ તૈયારીનું આયોજન
- ગીત સ્પર્ધા (૨૭-૦૮-૨૦૦૯)
- મ્યુઝિકલ રીલેક્શેસન એક્સરસાઈઝ (૧ મહિના પૂરતી)

Scanned with CamScanner

## સપ્ટેમ્બર-૨૦૦૯

- વર્ગ સુશોભન પ્રવૃત્તિ (૦૪-૦૯-૨૦૧૦)
- પ. પૂ. મનિષાનંદજીના સાંનિધ્યમાં કોલેજ સ્થાપના દિન અને શિક્ષક દિનની ઉજવણી
- 'સ્વાઈન ફ્લુ' જાગૃતિ અંગેનું નાટક (૦૮-૦૯-૨૦૧૦)
- સ્વર્ણિમ ગુજરાતની વિવિધ સપ્તધારા હેઠળ યોજાયેલી સ્પર્ધામાં કૉલેજ દ્વારા પ્રતિનિધિત્વ
- સ્વર્ણિમ ગુજરાત ગીત દ્વારા અને નાટ્યલેખન ધારા અંતર્ગત આંતર કૉલેજ સ્પર્ધાનું આયોજન (૨૧-૦૯-૧૦)
- હિન્દી દિનની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા (૧૫-૦૯-૨૦૧૦)
- મેકો પાઠનું આયોજન (પ્રાયોગિક કાર્ય)
- નેક એસેસમેન્ટ માટે અગત્યના રેકોર્ડનું ડોક્યુમેન્ટેશન તેમજ ફાયલીંગ
- નવરાત્રીની ઉજવણી (૨૬-૦૯-૨૦૧૦)
- વર્લ્ડ ઓઝોન ડે અંગેની માહિતી આપતું વક્તવ્ય

## ઓક્ટોબર-૨૦૦૯

- ગાંધી જયંતિની ઉજવણી ગીત અને વક્તવ્ય દ્વારા
- ગણેશ ચતુર્થીની ઉજવણી વક્તવ્ય દ્વારા
- પ્રથમ સત્રાંત પરીક્ષા
- ફરજિયાત વિષયમાં સત્ર નિબંધના પ્રશ્નોની ફાળવણી તેમજ માર્ગદર્શન
- પુસ્તક પરિચય અંગેનું માર્ગદર્શન

## નવેમ્બર-૨૦૦૯

- સત્રનિબંધ કસોટી
- મેક્રોપાઠનું પ્રાયોગિક કાર્ય
- ઓફ કેમ્પ જૂથની વહેંચણી માર્ગદર્શન
- ઈન્ટર પર્સનલ કોમ્યુનિકેશન - માર્ગદર્શન અને માપણી

## ડિસેમ્બર-૨૦૦૯

- મથકેતર શિક્ષણ કાર્યક્રમ
- ગીતા જયંતિની ઉજવણી વક્તવ્ય દ્વારા
- વૃદ્ધાશ્રમની ગણિત-વિજ્ઞાન પદ્ધતિના વિદ્યાર્થીઓ દ્વારા મુલાકાત

Scanned with CamScanner

### જાન્યુઆરી-૨૦૧૦

- રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી

  નિબંધ સ્પર્ધા, પુસ્તક પ્રદર્શન, ગ્રુપ ડિસ્કશન તેમજ તેમની વાણી પી.પી.ટી. દ્વારા આપી.
- બી.એડ્. કૉલેજના ગુજરાતી વિષયના અધ્યાપકોનો અભ્યાસક્રમ અને પ્રશ્નપત્ર અંગેનો એક દિવસીય સેમિનાર
- વાર્ષિકોત્સવ માટે જવાબદારી ફાળવણી - તૈયારી અને આયોજન
- વાર્ષિક પાઠ અને માર્ગદર્શન
- ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતિ નિમિત્તે પતંગોત્સવ તેમજ રમતોત્સવ
- નેક પીયર ટીમ દ્વારા સંસ્થાનું મૂલ્યાંકન
- રક્તપિત્ત દિવસ મહત્વ તેમજ જાગૃતિ અંગેની સમજ

### ફેબ્રુઆરી-૨૦૧૦

- આંતર બી.એડ્. કૉલેજ વૉલીબોલ ટુર્નામેન્ટ
- વાર્ષિકોત્સવ (૧૦-૧૨-૨૦૧૦)
- ઈન્ટર્નશીપ કાર્યક્રમ

### માર્ચ-૨૦૧૦

- પૂર્વ વાર્ષિક પરીક્ષા
- ફોટો ફંક્શન
- યુનિવર્સિટી પરીક્ષાની પૂર્વ તૈયારી અંગેનું માર્ગદર્શન

### એપ્રિલ-૨૦૧૦

- બી.એડ્. યુનિવર્સિટી પરીક્ષા

Scanned with CamScanner

# ગ્રંથાલય સમિતિનો પ્રવૃત્તિ અહેવાલ

(૧) સ્વામી વિવેકાનંદ પુસ્તક પ્રદર્શન :

ગ્રંથાલય સમિતિ અન્વયે સ્વામી વિવેકાનંદ જયંતિ તા. ૧૨ જાન્યુઆરી "યુવા દિવસ"ના અનુસંધાને કૉલેજના સભાખંડમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદના વિચારોથી પરિચિત થયા તેમનાં જીવન વિશેની માહિતી મેળવે અને પ્રેરણા પ્રાપ્ત કરે તેવા હેતુથી પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા મહાન વ્યક્તિત્વના વિચારોને વ્યક્ત કરતાં ૯૦ જેટલાં પુસ્તકો તેમજ "રામકૃષ્ણ જ્યોત" "વેદાંત કેસરી" સામયિકના અંકોને પણ પ્રદર્શિત કરવામાં આવ્યા. તેમજ તેમના દ્વારા રજૂ થયેલી વિચાર કણિકાઓને રજૂ કરી હતી.

સમગ્ર કૉલેજ પરિવાર તેમજ દરેક પ્રશિક્ષણાર્થીઓએ પુસ્તક પ્રદર્શનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને આનંદ અને પ્રસન્નતાપૂર્વક પ્રદર્શન નિહાળ્યું.

(૨) સુવાક્ય સંગ્રહ :

પ્રશિક્ષણાર્થીઓ ગ્રંથાલયના કલેકશન તેમજ ગ્રંથાલયમાં આવતાં સામયિકોને વાંચતા થાય તેમજ તેનાથી માહિતગાર થાય તે હેતુથી સુવાક્ય સંગ્રહની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જેમાં દરેક પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થના, ઉત્સવ, વિચાર, પ્રસન્નતા-ખુશી, આભાર, સમય, પ્રેમ, સફળતા, શિક્ષક, પુષ્પ, વાંચન-સાહિત્ય, ધ્યેય, નમ્રતા વિવેક અને પ્રગતિ વગેરે જેવા શબ્દો ઉપર જુદા જુદા સુવાક્યોનો સંગ્રહ કરવામાં આવ્યો.

(૩) કાવ્ય સંગ્રહ :

જે પ્રશિક્ષણાર્થી મિત્રોની અધ્યાપન પદ્ધતિ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી છે. એવાં વિદ્યાર્થીઓ ખાસ સાહિત્ય વિષયક આવતા સામયિકોની માહિતી જાણે અને વાંચે તે હેતુથી તેમાં આવતા જુદા જુદા કવિઓના કાવ્યનો સંગ્રહ કરવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી. તેમાં સાહિત્યના વિદ્યાર્થીઓ દ્વારા કાવ્યસંગ્રહ કરવામાં આવ્યો.

Scanned with CamScanner

# શૈક્ષણિક સહયોગ

## ડૉ. પી. જે. રાજ

- નારાયણ વિદ્યાવિહાર સ્કૂલ, ભોલાવ, ભરૂચ. સંસ્કૃત પરિસંવાદ વિષય : વેદ રહસ્ય પર વ્યાખ્યાન. તા. ૦૮-૦૮-૨૦૦૯
- આર્ય સમાજ, નવાડેરા, આયોજિત વિશ્વકર્મા વાડી, ભરૂચ મુકામે પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે "અસીમની કવિતા" પુસ્તકનું વિમોચન કર્યું તથા અતિથિવિશેષ પદે વેદ-વિચાર પર વ્યાખ્યાન. તા. ૨૬-૦૭-૨૦૦૯
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બી.એડ્. કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિના સક્રિય સભ્ય તરીકે ૨૦૦૯-૧૦ના વર્ષ માટે પ્રવેશ કામગીરીમાં સહયોગ આપ્યો.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ વિદ્યાશાખામાં ૨૦૦૯ જુલાઈથી આગામી ત્રણ વર્ષની મુદત માટે અધર ધેન ડીન (એકેડેમિક કાઉન્સિલના સભ્ય) તરીકે બિન હરિફ ચુંટાયા. તા. ૨૦-૦૭-૨૦૦૯
- શ્રી નાલંદા એમ. એડ્. કૉલેજ, થવા (સૂચિત)ની ચકાસણી સમિતિમાં વી. સી. નિયુક્ત સભ્ય તરીકે સ્થળ પર જઈ અવલોકનો નોંધી સૂચનો સાથે યુનિવર્સિટીને ભલામણ કરવાની કામગીરી બજાવી. તા. ૩૧-૦૭-૨૦૦૯
- શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બિલીમોરાના એમ. એડ્. કેન્દ્રની માન્યતા અંગેની ચકાસણી સમિતિમાં વી. સી. નિયુક્ત સભ્ય તરીકે નિમણૂંક પામ્યા.
- ૬૧માં પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે ઝેનિથ હાઈસ્કૂલ, અંકલેશ્વરમાં ધ્વજ વંદન વિધિમાં ભાગ લીધો અને અધ્યક્ષીય પ્રવચન કર્યું. તા. ૨૬-૦૧-૨૦૧૦
- સેવારૂરલ, ઝઘડીયા આયોજિત કૉલેજમાં આંખ તપાસ કેમ્પનું સફળ આયોજન. (કૉલેજ પરિવારના સહયોગ વડે) તા. ૧૩-૦૭-૨૦૦૯
- બી.એડ્. અભ્યાસક્રમ અને પ્રશ્ન પત્ર પરિરૂપ તથા પ્રશ્નબેંક માટે આચાર્ય-અધ્યાપકોની શિબિરમાં એકાઉન્ટન્સીના વિષયમાં પ્રશ્નપત્ર પરિરૂપ અને પ્રશ્નબેંક રચનામાં કન્વીનર તરીકે સક્રિય કામગીરી કરી. તા. ૦૩-૧૦-૨૦૦૯ થી તા. ૦૪-૧૦-૨૦૦૯. સ્થળ : વી. ટી. ચોકસી કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરત
- બી. એડ્. કૉલેજના અર્થશાસ્ત્ર અને નામા પદ્ધતિના અધ્યાપકોની કાર્યશિબિરમાં નામાના પ્રશ્નપત્રો અંગે તજજ્ઞ તરીકે ભૂમિકા ભજવી. તા. ૨૦-૦૧-૨૦૧૦. સ્થળ : વિવેકાનંદ કૉલેજ ફોર બી. એડ્., જહાંગીર પૂરા, સુરત
- એમ. એડ્. અભ્યાસક્રમની પુનઃરચના અને સેમેસ્ટર સિસ્ટમ અંગેની સમિતિમાં સભ્ય તરીકે નિમાયા. અભ્યાસક્રમ અંગે મિટિંગોમાં સહભાગીદારી સૂચનો. સ્થળ : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- બી. એડ્. કૉલેજોના ગુજરાતી અધ્યાપકોના કાર્યશિબિરમાં ઉદઘાટન-સમાપન સમારંભમાં અધ્યક્ષ સ્થાન શોભાવ્યું તથા ઉચ્ચાર શુદ્ધિ માટે નિયમોનું સુક્ષ્મ અધ્યાપન કર્યું. તા. ૨૮-૦૧-૨૦૧૦

Scanned with CamScanner

- ૬૩મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ધ્વજ ફરકાવ્યો તથા પ્રસંગોચિત વક્તવ્ય. તા.૧૫-૦૮-૨૦૦૯. સ્થળ : પબ્લિક સ્કૂલ, ખરોડ.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને કડકીયા કૉલેજ, અંકલેશ્વરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ યોગાસન-પ્રાણાયમ કાર્યશિબિરના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિતિ અને શ્રી પરમાનંદ ગાંધીના બૌદ્ધિક ચિંતનમાં હાજરી.
- અધ્યાપક પસંદગી સમિતિમાં વી. સી. નિયુક્ત વિષય નિષ્ણાત (સામાજિક વિજ્ઞાન) તરીકે સેવા બજાવી. સ્થળ : શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, સુરત. તા. ૧૦-૧૧-૨૦૦૯
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમ : એમ.એસ.ડબલ્યુ.ના એક્ઝીક્યુટીવ કમિટિના વી.સી. નિયુક્ત સભ્ય તરીકે મિટિંગમાં ઉપસ્થિત, ચર્ચા અને નિર્ણયોમાં ભાગીદારી. તા. ૧૨-૦૪-૨૦૧૦, બપોરે ૨-૦૦ કલાકે
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્વનિર્ભર માસ્ટર ઓફ બીઝનેસ ઈકોનોમિક્સ અભ્યાસક્રમ તથા અર્થશાસ્ત્રની હાયર ફીસ અભ્યાસક્રમની એક્ઝીક્યુટીવ કમિટિના વી.સી. નિયુક્ત સભ્ય તરીકે મિટિંગમાં ચર્ચા અને નિર્ણયોમાં ભાગીદારી. તા. ૧૨-૦૪-૨૦૧૦, બપોરે ૪-૦૦ કલાકે
- બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના બી.એડ્. અભ્યાસક્રમના વાર્ષિક પાઠોમાં મૂલ્યાંકનકાર તરીકેની કામગીરી બજાવી. (૨૦૦૯-૧૦)
- જે. પી. ઈન્ડસ્ટ્રીઝ અને દોરિકો પ્લાસ્ટો કેમ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ આયોજીત ગણેશોત્સવના ઉપક્રમે યોજાયેલ ગરબા મહોત્સવના આયોજન વ્યવસ્થાપન અને અમલ સક્રિય સહયોગ, ગરબા હરિફાઈમાં નિર્ણાયક તરીકે સેવા બજાવી.
- બોર્ડ ઓફ સ્ટડીઝ (એજ્યુ. એડમિનિસ્ટ્રેશન એન્ડ કમ્પેરેટીવ એજ્યુકેશન) સમિતિમાં ચેરમેન તરીકે સેવા મિટિંગમાં હાજરી. તા. ૨૨-૦૧-૨૦૧૦
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજ પ્રશ્નબેંક કાર્યશિબિરના ઉદ્‌ઘાટન સમારંભમાં આભાર દર્શનની કામગીરી બજાવી. તા. ૦૩-૧૦-૨૦૦૯
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભાઓમાં નિયમિત ઉપસ્થિત ચર્ચા-વિચારણામાં સક્રિય ભૂમિકા ભજવી. તા. ૨૭-૦૫-૨૦૧૦
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક સભામાં ઉપસ્થિતિ. તા. ૨૮-૦૩-૨૦૧૦
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના આચાર્યોના સ્નેહ મિલન સમારંભમાં ઉપસ્થિતિ. સ્થળ : કે. પી .કોમર્સ કૉલેજ, સુરત.
- આંતર બી.એડ્. કૉલેજ વૉલીબોલ ટુર્નામેન્ટ ઉદ્‌ઘાટન-સમાપન સમારંભમાં અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન. સ્થળ : બી.એડ્. કૉલેજ, ખરોડ. તા. ૦૧-૦૨-૨૦૧૦
- પી.ટી.સી. કૉલેજોમાં અધ્યાપક પસંદગીમાં જિલ્લાના શિક્ષણ તજજ્ઞ તરીકે મેનેજમેન્ટ સભ્ય તરીકે સેવા. - પી.ટી.સી. કૉલેજ, જંબુસર, પી.ટી.સી. કૉલેજ, અંકલેશ્વર.

૨૦૧૦-૧૧ના યુનિવર્સિટી સાથેના જોડાણ માટે વિવિધ કૉલેજોમાં સ્થાનિક તપાસ સમિતિના કન્વીનર/સભ્ય તરીકે કામગીરી કરી અને અહેવાલ આપ્યો.

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| (૧) એમિટી બી.એડ્. કૉલેજ, ભરૂચ. | તા. ૧૭-૦૩-૨૦૧૦ | કન્વીનર |
| (૨) સરકારી બી.એડ્. કૉલેજ, રાજપીપળા | તા. ૩૦-૦૪-૨૦૧૦ | કન્વીનર |
| (૩) બી.જે.પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, બારડોલી | તા. ૨૬-૦૪-૨૦૧૦ | કન્વીનર |
| (૪) નર્મદા કૉલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ (એજ્યુ./BRS) | તા. ૧૫-૦૩-૨૦૧૦ | સભ્ય |
| (૫) સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ્. કૉલેજ, અંકલેશ્વર (એજ્યુ./BCA/BBA) | તા. ૦૭-૦૪-૨૦૧૦ | સભ્ય |

## ડૉ. પી. આર. માસ્ટર

- ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી સંલગ્ન બી. એડ્. કોર્ષના પ્રોગ્રામ ઈન્ચાર્જ તરીકે ભરૂચ સેન્ટરમાં વહિવટી અને શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન અને અમલ કરવામાં મદદ અંગે કામગીરી સંભાળી. વર્ષ : ૨૦૦૯-૧૦
- STTI ગાંધીનગર આયોજિત શિક્ષક સેવા તાલીમ કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે સેવા આપી. તા. ૧૨-૧૦-૨૦૦૯ થી તા. ૧૪-૧૦-૨૦૦૯. સ્થળ : અનૂભૂતિધામ - ઝાડેશ્વર
- STTI ગાંધીનગર આયોજિત ક્વૉલીટી એન્હાન્સમેન પ્રોગ્રામ અન્વયે ધો. ૭/૮નું અંગ્રેજી વિષયનું મોડયુલ તૈયાર કરવાની કામગીરી બજાવી. તા. ૧૬-૧૧-૨૦૦૯ થી તા. ૧૮-૧૧-૨૦૦૯. સ્થળ : ગાંધીનગર
- અધ્યાપક પસંદગી વી. સી. નૉમિની તરીકે અંગ્રેજી પદ્ધતિના વિષય નિષ્ણાંત તરીકે સેવા આપી. તા. ૧૨-૦૧-૨૦૧૦. સ્થળ : બી. એડ્. કૉલેજ, માંગરોલ, જી. નર્મદા.
- પ્રશિક્ષણાર્થીઓ સાથે મુલાકાત અને માર્ગદર્શન. તા. ૧૯-૦૩-૨૦૧૦. સ્થળ : એમિટી બી. એડ્. કૉલેજ, ભરૂચ.
- સ્થાનિક તપાસ સમિતિના સભ્ય તરીકે કામગીરી. તા. ૧૫-૦૩-૨૦૧૦. સ્થળ : બી. એડ્. કૉલેજ, માંગરોલ, જિ. નર્મદા.
- અભ્યાસક્રમ સમિતિમાં અંગ્રેજી વિષયના કન્વીનર તરીકે સક્રિય કામગીરી. તા. ૦૪-૦૩-૨૦૧૦. સ્થળ : બી. એડ્. કૉલેજ, કામરેજ ચાર રસ્તા
- પીએચ. ડી. ગાઈડ સેમિનારમાં સક્રિય ભાગીદારી. તા. ૦૫-૦૩-૨૦૧૦ થી તા. ૦૬-૦૩-૨૦૧૦. સ્થળ : શિક્ષણભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
- ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના બી.એડ્. અભ્યાસક્રમના વાર્ષિક પાઠોમાં મૂલ્યાંકનકાર તરીકેની કામગીરી બજાવી. (૨૦૦૯-૧૦)

## ડૉ. જે. એ. શાહ

- અધ્યાપક પસંદગીમાં વી. સી. નિયુક્ત ગુજરાતી પદ્ધતિના વિષય નિષ્ણાત તરીકે સેવા આપી. તા. ૧૦-૧૧-૨૦૦૯. સ્થળ : સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, પાંડેસરા, સુરત.
- બોર્ડ ઓફ સ્ટડીઝ (ફિલોસોફીકલ-સોસ્યોલોજીકલ અને સાયકોલોજીકલ ફાઉન્ડેશન) સમિતિમાં સભ્ય તરીકે ઉપસ્થિતિ. તા. ૨૨-૦૧-૨૦૧૦

Scanned with CamScanner

- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી. એડ્. કૉલેજોના ગુજરાતી પદ્ધતિના અધ્યાપકોની શિબિરમાં કન્વીનર તરીકે સેવા આપી. તા. ૨૮-૦૧-૨૦૧૦. સ્થળ : કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ.
- બી. એડ્. અભ્યાસક્રમ સમિતિમાં ગુજરાતી પદ્ધતિના કન્વીનર તરીકે સેવા આપી. તા. ૦૪-૦૩-૨૦૧૦. સ્થળ : બી. એડ્. કૉલેજ, કામરેજ ચાર રસ્તા.
- માર્ચ-૨૦૧૦ની આર્ટસની યુનિવર્સિટી પરીક્ષામાં એક્ષટર્નલ સુપ્રિટેન્ડેન્ટ તરીકે કામગીરી બજાવી. તા. ૧૯-૦૩-૨૦૧૦ થી તા. ૩૦-૦૩-૨૦૧૦. સ્થળ : ઉમરાવ આર્ટસ્-કોમર્સ કૉલેજ, કીમ.
- અધ્યાપક પસંદગીમાં વી. સી. નિયુક્ત ગુજરાતી પદ્ધતિના વિષય નિષ્ણાત તરીકે સેવા આપી. તા. ૦૭-૦૪-૨૦૧૦. સ્થળ : સરદાર પટેલ એજ્યુકેશન કૉલેજ, નવસારી.
- ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના બી.એડ્. અભ્યાસક્રમના વાર્ષિક પાઠોમાં મૂલ્યાંકનકાર તરીકેની કામગીરી બજાવી. (૨૦૦૯-૧૦)

## પ્રા. પી. બી. ટંડેલ

- પ્રશિક્ષણાર્થી બહેનોને ઈન્ટર પર્સનલ કોમ્યુનિકેશન વિષય ઉપર પ્રવચન આપ્યું. તા. ૦૭-૦૮-૨૦૦૯. સ્થળ : શ્રી. એચ. પી. પી. ટી. સી. ગર્લ્સ કૉલેજ, કામરેજ ચાર રસ્તા, સુરત.
